CMYK CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ અષાઢ વદ - ૧૪ | મંગળવાર તા.૧૧-૦૮-૨૦૨૬ | અંક : ૪૪ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જના વિરોધમાં ઝારખંડ બંધનું એલાન

## શાંતિ ભંગ કરવાનો કે કાયદો હાથમાં લેવાનો પ્રયાસ કરનાર સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની પોલીસની ચેતવણી

રાંચી,

ઝારખંડમાં પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસ દ્વારા લાઠીચાર્જ અને ટિયર ગેસના ઉપયોગના વિરોધમાં ભ્ત્ન દ્વારા બંધનું આહ્વાન કરવામાં આવ્યું છે. બંધને ધ્યાનમાં રાખીને સમગ્ર રાજ્યમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે. રાજ્યના અનેક વિસ્તારોમાં લોકડાઉન જેવી સ્થિતિ સર્જાવાની શક્યતા વચ્ચે પોલીસ અને વહીવટી તંત્ર હાઈ એલર્ટ પર છે. બંધ દરમિયાન કોઈ અપ્રિય ઘટના ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સમગ્ર ઝારખંડમાં આશરે ૩,૦૦૦ પોલીસ જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે.કોઈપણ પ્રકારની



અશાંતિ અથવા હિંસક ઘટનાનો સામનો કરવા માટે પોલીસ સંપૂર્ણ રીતે તૈયાર છે.

ઝારખંડમાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે અને સ્થિતિ બગડવાની શક્યતા પણ છે. અગાઉના દિવસની જેમ કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે સ્ટેડિયમથી લઈને વિધાનસભા ભવન સુધી ભારે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રાંચી શહેરના મુખ્ય ચોક-ચોરાહા, સંવેદનશીલ વિસ્તારો અને વિરોધ પ્રદર્શનના સ્થળો પર પોલીસ અધિકારીઓ જાતે હાજર રહીને પરિસ્થિતિ પર નજર રાખશે. પોલીસ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ પણ મેદાનમાં ઉતરીને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરશે. આ ઉપરાંત ડ્રોન દ્વારા પણ વિવિધ વિસ્તારો પર નજર રાખવામાં આવશે.બંધ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી રાંચીના જીજી રાકેશ રંજનને સોંપવામાં આવી છે. તેમણે પોલીસ અધિકારીઓને ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા ખોરવાય નહીં તે સુનિશ્ચિત કરવા માટે સૂચના આપી છે. સાથે જ કોઈપણ સ્થળે મોટી સંખ્યામાં ભીડ એકત્ર ન થાય તેનું ધ્યાન રાખવા જણાવાયું છે. પોલીસે રાજકીય પક્ષો, પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ અને અન્ય લોકોને સ્પષ્ટ ચેતવણી આપી છે કે શાંતિ ભંગ કરવાનો અથવા કાયદો હાથમાં લેવાનો પ્રયાસ કરવામાં આવશે તો કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. સંવેદનશીલ વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ અને દેખરેખ રાખવામાં આવશે.

આ સમગ્ર ઘટનાની શરૂઆત ઝારખંડ લોક સેવા આયોગ (JPSC) અને ઝારખંડ સ્ટાફ સિલેકશન કમિશન (JSSC)ની પરીક્ષાઓમાં કથિત અનિયમિતતાઓના વિરોધથી થઈ હતી. વિદ્યાર્થીઓએ પોતાની માંગણીઓને લઈને વિધાનસભાનો ઘેરાવ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે અથડામણ થઈ હતી.

## હરિદ્વારમાં ૪.૪૩ કરોડ કાંવડિયાઓએ ગંગાજળ લીધું



શ્રાવણ શિવરાત્રિના પાવન અવસર પર દેશભરના શિવ મંદિરોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. હરિદ્વારના દક્ષેશ્વર મહાદેવ મંદિરમાં પણ વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની લાંબી લાઈનો લાગી છે.પોલીસના જણાવ્યા અનુસાર, આ વર્ષે હરિદ્વારમાં કાવડ યાત્રા દરમિયાન રેકોર્ડ સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચ્યા છે. સોમવાર સાંજ સુધીમાં આશરે ૪.૪૩ કરોડ કાવડિયા હરિદ્વારથી ગંગાજળ લઈને પોતાના ઘરે પરત ફરી ચૂક્યા હતા.

# H-1B અને L-1 વિઝા એક્સટેન્શન માટે નવો નિયમ લાગુ, વધારાની ફી ચૂકવવી પડશે

## અમેરિકાના ગૃહ મંત્રાલયનો નવો નિયમ સપ્ટેમ્બર મહિનાથી લાગુ પડશે

વૉશિંગ્ટન,

અમેરિકાના હોમલેન્ડ અને સિક્યોરિટી ડિપાર્ટમેન્ટે એચ-૧બી અને એલ-૧ કેટેગરીના વિઝા એક્સટેન્શન માટે ફી વધારી દીધી છે. ભારત સહિતની આઈટી કંપનીઓ પર આ ફી વધતા વધારાનું આર્થિક ભારણ આવશે. પહેલાં આ ફી શરૂઆતની નોકરી વખતે અથવા તો કંપની બદલે ત્યારે જ આપવી પડતી હતી. હવે દરેક એક્સટેન્શનમાં અમેરિકન સરકાર ફી વસૂલશે.

અમેરિકન સરકારે અપડેટ કરેલા નવા નિયમ પ્રમાણે એચ-૧બી અને એલ-૧એ, એલ-૧બી કેટેગરીના વિઝા મેળવીને જે કર્મચારીઓ કાર્યરત છે તેમને એક્સટેન્શન વિઝા માટે અલગથી ફી ચૂકવવી પડશે. ૯-૧૧ રિસ્પોન્સ અને બાયોમેટ્રિક્સ એન્ટી-એક્ઝિટ માટે એક્સટેન્શન વખતે પણ એચ-૧બી વિઝા માટે ૪૦૦૦ અને એલ-૧ની કેટેગરી માટે ૪૫૦૦ ડોલરની ફી ચૂકવવાનો નવો નિયમ આવતા મહિને લાગુ પડશે. તેનાથી ભારતીય કંપનીઓ પર વધારાનું આર્થિક ભારણ આવશે.અત્યાર સુધી કર્મચારી કંપની બદલે ત્યારે નવા એમ્પ્લોયરે આ પ્રકારની ફી ચૂકવવી પડતી હતી. અથવા તો પહેલી વખત શરૂઆતમાં જ્યારે નોકરી આપવામાં આવે ત્યારે ફી વસૂલાતી હતી.

# કોલંબિયામાં ૭.૪ના ભૂકંપ બાદ ૧૩૨ના મોત

## ૫૭૦થી વધુ ઈજાગ્રસ્ત, ૧૫૭૫ મકાન ધરાશાયી, ૬ એરપોર્ટ બંધ, સરકારે જાહેર કરી રાષ્ટ્રીય આપતી

કોલંબિયા,

કોલંબિયામાં ૭.૪ની તીવ્રતાના ભૂકંપે ભારે તબાહી સર્જી છે. પશ્ચિમી કોલંબિયામાં આવેલા આ ભૂકંપમાં ૧૩૨ લોકોના મોત થયા છે અને ૫૭૦થી વધુ ઈજાગ્રસ્ત થયા છે. ૧,૫૭૫ મકાનો ધરાશાયી થયા છે, જ્યારે ૬ એરપોર્ટ પર ફ્લાઈટ્સ ઠપ થઈ ગઈ છે. સરકારે 'રાષ્ટ્રીય આપત્તિ' જાહેર કરી રાહત કાર્ય શરૂ કર્યું છે. વૈશ્વિક નેતાઓએ સહાનુભૂતિ વ્યક્ત કરી મદદની ખાતરી આપી છે.

દક્ષિણ અમેરિકાના દેશ કોલંબિયામાં સોમવારે આવેલા તીવ્ર ભૂકંપે ભારે વિનાશ



નોતર્યો છે. કોલંબિયાના પશ્ચિમી વિસ્તારમાં આવેલા ૭.૪ની તીવ્રતાના આ ભૂકંપમાં મૃત્યુઆંક વધીને ૧૩૨ પર પહોંચી ગયો છે, જ્યારે ૫૭૦થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાની સત્તાવાર પુષ્ટિ કોલંબિયા સરકારે કરી છે. કુદરતી હોનારતની આ ગંભીર સ્થિતિને પહોંચી વળવા માટે કોલંબિયા સરકારે સોમવારે જ દેશમાં 'રાષ્ટ્રીય આપત્તિ' જાહેર કરી દીધી હતી.

કોલંબિયાના પ્રમુખ Abelardo de la Espriellaએ બોગોટાથી માહિતી આપતા જણાવ્યું હતું કે, આ શક્તિશાળી ભૂકંપને કારણે દેશભરમાં ૧,૫૭૫ મકાનોને ભારે નુકસાન પહોંચ્યું છે. આ ઉપરાંત, દેશના ૬ એરપોર્ટના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ નુકસાન થતાં તમામ કોમર્શિયલ ફ્લાઈટ્સનું ઓપરેશન તાત્કાલિક અસરથી સ્થગિત કરી દેવામાં આવ્યું છે.કોલંબિયન જિયોલોજિકલ સર્વિસના જણાવ્યા અનુસાર, પશ્ચિમી કોલંબિયામાં સ્થાનિક સમય મુજબ સવારે ૭:૩૪ વાગ્યે આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ ચૌકો વિભાગના સાન જોસ ડેલ પાલ્મરનજીક જમીનમાં ૯૬ કિમીની ઊંડાઈએ નોંધાયું હતું. સંબંધિત તંત્ર અને અધિકારીઓ પ્રભાવિત પ્રાંતોની રાજધાનીઓ, સ્થાનિક મેયર અને તેમની ટીમ સાથે સતત સંપર્કમાં છે. નુકસાનનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે અને અસરગ્રસ્તો સુધી સૌથી જરૂરી રાહત સામગ્રી પહોંચાડવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

# અમદાવાદમાં સવારથી વરસાદ, અંધારું છવાયું

## સૌરાષ્ટ્રના અનેક જિલ્લામાં આજે વરસાદની આગાહી

અમદાવાદ,

અમદાવામાં વહેલી સવારથી જ વરસાદ શરૂ થયો છે. શહેરમાં ચોતરફ અંધારું જ અંધારું છે. વિઝિબિલિટી ઘટી ગઈ છે, જેના નોકરી-ધંધા પર જતાં લોકોને મુશ્કેલી પડી રહી છે. અમદાવાદ શહેર અને આસપાસના વિસ્તારોમાં સૂર્યનારાયણે દર્શન દેવાના બદલે વરસાદી વાદળોથી ઘેરાયા ગયા છે. વહેલી સવારથી ઝરમર-ઝરમર વરસાદ શરૂ થઈ ગયો છે, જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

અમદાવાદના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. શહેરમાં કર્ણાવતી ક્લબ ચાર રસ્તા, ઈસ્કોન, એસજી હાઈવે,પ્રહલાદ નગર, શેલા, બોપલ, પ્રહલાદનગર, થલતેજ, બાપુનગર, ઈન્ડિયાકોલોની, નિકોલ, ઓઢવ, આનંદનગર, જોધપુર, વેજલપુર સહિત તમામ વિસ્તારમાં વરસાદ છે. વરસાદના કારણે વાતાવરણ ખુશનુમા બન્યું છે. છેલ્લા બે દિવસથી અમદાવાદમાં ભારે બફારો અને ઉકળાટ અનુભવાઈ રહ્યો હતો. જોકે વરસાદી માહોલ સર્જાતા તાપમાનમાં ઘટાડો થયો હતો.આજે કચ્છ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, રાજકોટ, ગીર સોમનાથ, દીવ, અમરેલી, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, પાટણ, મહેસાણા, વાવ-થરાદ, બનાસકાંઠાના કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

# માઈનિંગ પર સંસદમાં બિલ રજૂ, હવે રાજ્યોનું નિયંત્રણ ઘટશે

## કોલસા અને ખાણ મંત્રી જી.કિશન રેડ્ડીએ લોકસભામાં બિલ રજુ કર્યું

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે ખનિજો પર રાજ્યો દ્વારા વધારાનો ટેક્સ લગાવવાની સત્તા છીનવી લેતું બિલ રજૂ કર્યું છે, જેથી કેન્દ્રનું નિયંત્રણ વધે. આનો હેતુ ટેક્સની અસમાનતા દૂર કરીને ઉદ્યોગ, રોકાણ અને સામાન્ય નાગરિકોને લાભ પહોંચાડવાનો છે.

સંસદના મોન્સૂન સત્રમાં કેન્દ્ર સરકારે ખાણો અને ખનિજો સંબંધિત નિયમોમાં મહત્વના ફેરફારો કરતું એક બિલ રજૂ કર્યું છે. જો આ કાયદો બની જાય તો રાજ્ય સરકારો મિનરલ રાઈટ્સ પર કોઈ વધારાનો ટેક્સ નહીં લગાવી શકે. આ બિલનું નામ 'માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) અમેન્ડમેન્ટ બિલ ૨૦૨૬' છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ખનિજો પર ટેક્સ લગાવવાની રાજ્યોની સત્તાને લીમીટેડ કરવાનો અને કેન્દ્ર સરકારનું નિયંત્રણ વધારવાનો છે.

લોકસભામાં આ બિલ કોલસા અને ખાન મંત્રી જી. કિશન રેડ્ડીએ રજૂ કર્યું હતું. આ બિલમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે, "રાજ્ય સરકાર ખનિજ અધિકારો પર કોઈ ટેક્સ, સેસ કે આવા કોઈ અન્ય ચાર્જ નહીં લગાવે." આ જોગવાઈઓ માત્ર ખનિજો પૂરતી જ નહીં, પરંતુ ખનિજવાળી જમીનો પર પણ લાગુ પડશે.

આ બિલ ૨૦૨૪ના સુપ્રીમ કોર્ટના તે નિર્ણય બાદ લાવવામાં આવી રહ્યું છે જેમાં ૯ જજોની બેન્ચે રાજ્યોના તે અધિકારને સાચો ઠેરવ્યો હતો જેના હેઠળ તેઓ સ્સ્હ્રઇ એક્ટ હેઠળ રોયલ્ટીથી અલગ ખનિજ અધિકારો પર ટેક્સ લગાવી શકતા હતા. કોર્ટે સ્પષ્ટ કહ્યું હતું કે રોયલ્ટી કોઈ ટેક્સ નથી.

# કેદારનાથ, બદ્રીનાથ સહીત યાત્રાધામોમાં ભારે વરસાદ અને પૂરનું રેડ એલર્ટ

## ૧૧ જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી, અનેક વિસ્તારોમાં વીજળી પડવાની અને વાવાઝોડું ફુકાવાની સંભાવના

દહેરાદુન,

ઉત્તરાખંડમાં મુશળધાર વરસાદથી પૂરનો ભય સર્જાયો છે. ચારધામ સહિત ૧૧ જિલ્લાઓમાં એલર્ટ જારી કરાયું છે, નદીઓનું સ્તર વધ્યું છે અને સુરક્ષા માટે પ્રશાસન દ્વારા કડક પગલાં લેવાઈ રહ્યા છે. ઉત્તરાખંડમાં મુશળધાર વરસાદે ભારે તબાહી મચાવી છે, જેના કારણે સમગ્ર રાજ્યમાં પૂરનો ગંભીર ભય ઊભો થયો છે.



પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન ટીમ અને તંત્રને સંપૂર્ણપણે એલર્ટ પર રાખવામાં આવ્યા છે. હવામાન વિભાગે ચારધામ યાત્રાના માર્ગો સહિત રાજ્યના ૧૧ જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. અનેક વિસ્તારોમાં વીજળી પડવાની અને વાવાઝોડાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

### લોકોને બહાર ન નીકળવા તંત્ર દ્વારા અપીલ

રાજ્યમાં નદીઓ અને નાળાઓનું જળસ્તર અતિશય વધવાથી ગંભીર અકસ્માતોની સંખ્યા વધી છે. છેલ્લા કેટલાક દિવસોમાં માલદેવતા અને સહસ્ત્રધારા નદીના પ્રવાહમાં તણાઈ જવાથી કેટલાક લોકોના કરુણ મોત નીપજ્યા છે. સપ્તાહના અંતે પિકનિક મનાવવા નદી કિનારે જતા લોકોની બેદરકારી પોલીસ વહીવટીતંત્ર માટે ચિંતાનો મોટો વિષય બની છે. આ જીવલેણ જોખમોને અટકાવવા માટે હવે પ્રશાસન અને પોલીસે નદી કિનારે ફરતા લોકો સામે કડક કાનૂની કાર્યવાહી કરવાનો નિર્ધાર કર્યો છે. પ્રશાસન દ્વારા નાગરિકોને બિનજરૂરી બહાર ન નીકળવાની અને સુરક્ષિત સ્થાનો પર રહેવાની અપીલ કરવામાં આવી છે.

નીતિ ખીણમાં બેલી બ્રિજ ધોવાઈ જવાના કારણે અલકનંદા નદીનું જળસ્તર ભયજનક સપાટીએ પહોંચી ગયું છે, જેનાથી રુદ્રપ્રયાગના રહેવાસીઓમાં ફફડાટ ફેલાયો છે.

દેહરાદૂનના કારગી વિસ્તારમાં ભારે વરસાદના જોરદાર પ્રવાહને કારણે એક ઘર ધરાશાયી થયું હતું. સદનસીબે મહિલા પોતાના ત્રણ બાળકો સાથે સમયસર બહાર દોડી આવતા મોટો જાનમાલ ટળી ગયો હતો, પરંતુ તેમનો તમામ સામાન અને મહત્વના દસ્તાવેજો પાણીમાં તણાઈ ગયા હતા.

હવામાન વિભાગની આગાહી મુજબ, કેદારનાથ, બદ્રીનાથ, યમુનોત્રી, ગંગોત્રી, જોશીમઠ, સોનપ્રયાગ, પિથોરાગઢ, બાગેશ્વર અને ચમોલી સહિતના વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદ પડી શકે છે. આ ઉપરાંત દેહરાદૂન, ઉત્તરકાશી, પૌરી, હરિદ્વાર, રુદ્રપ્રયાગ, ટિહરી અને નૈનિતાલ જેવા જિલ્લાઓ માટે પણ યલો એલર્ટ જાહેર કરાયું છે. સતત વરસાદને કારણે વિકાસનગરની એક પ્રાથમિક શાળામાં પાણી ભરાઈ જવાથી નાના બાળકો ફસાયા હતા, જોકે ગ્રામજનોની સમયસૂચકતાથી બાળકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. શિક્ષણ વિભાગના અધિકારીઓની બેદરકારી સામે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો છે.

# ગૌતમ અદાણી અને સાગર અદાણી સામેના તમામ ગુનાહિત આરોપો US કોર્ટે ફગાવ્યા

## પડકાર જનક સમયમાં સત્ય, નિષ્પક્ષતા અને કાયદાના શાસનમાં તેમનો વિશ્વાસ હંમેશાં અડીખમ રહ્યો છેઃ ગૌતમ અદાણી

નવીદિલ્હી,

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી અને સાગર અદાણી સામેના ગુનાહિત આરોપો યુએસ કોર્ટે ફગાવ્યા છે. ન્યૂયોર્કના ડિસ્ટ્રિક્ટ જજ નિકોલસ ગારૌફિસે ફેડરલ પ્રોસિક્યુટર્સને આરોપો પાછા ખેંચવાની મંજૂરી આપતાં કેસ બંધ કર્યો. ઢ્ઘ્ત્રએ સ્વીકાર્યું કે કેસ કાયદાકીય રીતે નબળો અને અમેરિકાના અધિકારક્ષેત્ર બહારનો હતો. આ નિર્ણયથી અદાણી ગ્રુપને વૈશ્વિક સ્તરે મોટી રાહત મળી છે.

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ



અદાણી અને સાગર અદાણી સામે અમેરિકન કોર્ટમાં ચાલતા ગુનાહિત આરોપોને કોર્ટે ફગાવી દીધા છે. ન્યૂયોર્કના ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટના યુએસ ડિસ્ટ્રિક્ટ જજ નિકોલસ ગારૌફિસે ફેડરલ પ્રોસિક્યુટર્સને આરોપો પાછા ખેંચવાની મંજૂરી આપતા આ કેસ બંધ કરવાનો ચુકાદો આપ્યો છે. આ મહત્ત્વપૂર્ણ નિર્ણય બાદ ગૌતમ અદાણીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ' પર પોતાની પ્રતિક્રિયા આપતા ન્યાયપ્રણાલી પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે આ પડકાર જનક સમયમાં સત્ય, નિષ્પક્ષતા અને કાયદાના શાસનમાં તેમનો વિશ્વાસ હંમેશાં અડીખમ રહ્યો છે.કોર્ટના નિર્ણય પહેલાં, જજે કાયદાકીય બાબતો અને જાહેર હિતને ધ્યાનમાં રાખીને સરકારી વકીલો (પ્રોસિક્યુટર્સ) પાસે કેસ પાછો ખેંચવાનું કારણ માંગ્યું હતું. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસના ખુલાસાથી સંતોષ માનીને જજે સ્પષ્ટ કર્યું કે આરોપો રદ કરવાનો આ નિર્ણય સંપૂર્ણપણે કાયદાના દાયરામાં અને ન્યાયના સિદ્ધાંતો મુજબ જ લેવાયો છે.

### ભારતના આંતરિક મામલામાં યુએસ હસ્તક્ષેપ અયોગ્ય

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસે કોર્ટમાં જણાવ્યું હતું કે, 'આ કેસ પૂરેપૂરો ભારત સાથે જ સંકળાયેલો હતો. તેમાં ભારતીય અધિકારીઓ, ભારતીય કંપનીઓ અને ભારતમાં વીજળી પૂરી પાડવાના કરારો જ મુખ્ય બાબત હતા. અમેરિકાએ 'વિશ્વના પોલીસ' બનીને અન્ય દેશોના મામલામાં પડવું ન જોઈએ, કારણ કે તેનાથી રાજદ્વારી સંબંધો વણસે છે અને સમય તથા સંસાધનોનો ખોટો બગાડ થાય છે. ભારત પોતાની આંતરિક બાબતો અને કાયદાકીય વ્યવસ્થાને અમેરિકન પ્રોસિક્યુટર્સ કરતાં વધુ સારી રીતે સંભાળી શકે છે. આથી જ અદાણી ગ્રુપ સામે લગાવવામાં આવેલા સિક્યોરિટીઝ ફ્રોડના આરોપોનો કોઈ નક્કર કાયદાકીય આધાર નહોતો.'

CMYK CMYK

# યુનિવર્સિટી ટાઉનશિપ માટે ગુજરાતની કેન્દ્ર સમક્ષ દાવેદારી

## રાજ્ય સરકારે પોતાની મજબૂત ઔદ્યોગિક ક્ષમતા, વિકસતું રિસર્ચ ઈકોસિસ્ટમ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના વિશાળ નેટવર્કને મુખ્ય તાકાત તરીકે રજૂ કર્યા

અમદાવાદ,

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) દેશભરમાં પાંચ ઈન્ટિગ્રેટેડ યુનિવર્સિટી ટાઉનશિપ સ્થાપવાની પ્રક્રિયા શરૂ કરી રહ્યું છે ત્યારે ગુજરાતે તેમાંથી એક ટાઉનશિપ રાજ્યમાં સ્થાપવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ દાવો રજૂ કર્યો છે. રાજ્ય સરકારે પોતાની મજબૂત ઔદ્યોગિક ક્ષમતા, વિકસતું રિસર્ચ ઈકોસિસ્ટમ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના વિશાળ નેટવર્કને મુખ્ય તાકાત તરીકે રજૂ કર્યા છે.

કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭માં મોટા ઔદ્યોગિક અને લોજિસ્ટિક્સ કોરિડોર નજીક ચેલેન્જ આધારિત પ્રક્રિયા મારફતે પાંચ યુનિવર્સિટી ટાઉનશિપ સ્થાપવા રાજ્યોને સહયોગ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ ટાઉનશિપમાં યુનિવર્સિટીઓ, કોલેજો, સંશોધન સંસ્થાઓ, સ્કિલ સેન્ટરો અને રહેણાંક સંકુલને એક જ સંકલિત ઈકોસિસ્ટમમાં જોડવાની કલ્પના છે.

ગુજરાતના અધિકારીઓના મતે આ મોડલ ઉદ્યોગ અને શિક્ષણ જગતને નજીક લાવી શકે છે. ગુજરાતમાં ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ-પેટ્રોકેમિકલ્સ, એન્જિનિયરિંગ, ઓટોમોબાઈલ, ઓટો કમ્પોનન્ટ્સ, ટેક્સટાઈલ્સ, જેમ્સ-જ્વેલરી, મેન્યુફેક્ચરિંગ, રિન્યુએબલ એનર્જી તથા સેમિકન્ડક્ટર જેવા ઉભરતા ક્ષેત્રોનું મોટું ઔદ્યોગિક નેટવર્ક છે. આ ઔદ્યોગિક ક્લસ્ટરોની નજીક મોટું શૈક્ષણિક અને સંશોધન કેન્દ્ર ઊભું થાય તો અભ્યાસક્રમ, તાલીમ અને સંશોધનને ઉદ્યોગની જરૂરિયાતો સાથે વધુ નજીકથી સાંકળી શકાય. વિદ્યાર્થીઓ અને સંશોધકોને ઈન્ટર્નશિપ, એપ્રેન્ટિસશિપ, ઉદ્યોગ પ્રોજેક્ટ, વિશિષ્ટ કૌશલ્ય તાલીમ અને રોજગારીની તકો એક જ ઈકોસિસ્ટમમાં મળી શકે.

કંપનીઓ સાથેના નજીકના સંપર્કથી વિદ્યાર્થીઓને નવી ટેક્નોલોજી અને તેના પ્રાયોગિક ઉપયોગની સમજ પણ મળશે. બીજી તરફ ઉદ્યોગોને પ્રોડક્ટ ડેવલપમેન્ટ, ટેક્નોલોજી ટ્રાન્સફર અને ઉદ્યોગ આધારિત સંશોધન માટે તૈયાર ટેલેન્ટ પૂલ તથા યુનિવર્સિટીઓ-રિસર્ચ સંસ્થાઓનો લાભ મળશે.

શૈક્ષણિક ક્ષેત્રના નિષ્ણાતોના મતે આ મોડલ ગુજરાતના ઔદ્યોગિક કોરિડોરને ટેલેન્ટ અને ઈનોવેશન કોરિડોરમાં પરિવર્તિત કરી શકે છે, જેમાં શિક્ષણ, કૌશલ્ય, સંશોધન અને રોજગારી એકબીજા સાથે જોડાશે. એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ હેતુ માત્ર અનેક શૈક્ષણિક સંસ્થાઓને એકબીજાની નજીક લાવવાનો નથી, પરંતુ યુનિવર્સિટી, સંશોધન સંસ્થા, સ્કિલ સેન્ટર અને ઉદ્યોગ સાથે મળીને કામ કરી શકે તેવું સંપૂર્ણ ઈકોસિસ્ટમ ઊભું કરવાનો છે.

ગુજરાતનું પહેલેથી જ વિકસેલું ઔદ્યોગિક અને લોજિસ્ટિક્સ નેટવર્ક તેની દાવેદારીને વધુ મજબૂત બનાવી શકે છે. અમદાવાદ, વડોદરા, સુરત, ભરૂચ, રાજકોટ અને સાણંદ જેવા મોટા ઔદ્યોગિક ક્લસ્ટરો ઉપરાંત દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર સાથેની કનેક્ટિવિટી પણ પ્રસ્તાવિત ટાઉનશિપને રાજ્યના હાલના ઔદ્યોગિક ઈકોસિસ્ટમ સાથે સીધી રીતે જોડવામાં મદદરૂપ બની શકે છે.

# પરિમલ નથવાણીએ ગીરના એશિયાટીક સિંહના સંરક્ષણ પરની

## ડોક્યુમેન્ટ્રી સાથે 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરી




ઓગસ્ટ ૧૦, ૨૦૨૬: રાજ્ય સભાના સંસદસભ્ય પરિમલ નથવાણીએ વિશ્વ સિંહ દિવસ ૨૦૨૬ નિમિત્તે ડોક્યુમેન્ટ્રી પ્રસ્તુત કરી છે, જે ગીરની સંરક્ષણ યાત્રાનો ઈતિહાસ આલેખે છે. આ ડોક્યુમેન્ટ્રી અદ્દભુત એશિયાટીક સિંહના સંરક્ષણની કથા, તેમાં સ્થાનિક સમુદાયોની ભૂમિકા અને તેમના કુદરતી આવાસનું રક્ષણ કરવા માટે જોડાયેલા લોકોની અથાગ મહેનતને દર્શાવે છે.

આ ડોક્યુમેન્ટ્રી પોતાના સામ્રાજ્ય પર રાજ કરતા ભવ્ય સિંહને આદરાંજલિ અર્પણ કરવાની સાથે-સાથે સિંહણો ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે છે. સિંહબાળોનો ઉછેર કરવામાં અને આગામી પેઢીનું જતન કરવામાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા આ પ્રજાતિની સતત વધી રહેલી વસ્તીના કેન્દ્રસ્થાને છે. આ ફિલ્મ વન્યજીવો અને માલધારી સમુદાય વચ્ચેના પેઢીઓ જૂના સહ-અસ્તિત્વની સાથે વન અધિકારીઓ, અગ્રિમ હરોળના કર્મચારીગણ અને ટ્રેકર્સની કામગીરીને પણ રેખાંકિત કરે છે. અગ્રિમ હરોળની ટીમોના આ કાર્ય અને સંવર્ધન આવાસોને માનવ ખલેલથી બચાવવા જેવી સંરક્ષણ પદ્ધતિઓએ જ એવા સંજોગોનું નિર્માણ કરવામાં મદદ કરી છે જેના થકી સિંહ અને તેમનાં બચ્ચાં જીવિત રહી શકે, પ્રજનનનો દૌર આગળ વધી શકે અને તેઓ પોતાની રેન્જ વિસ્તારી શકે.

આ ડોક્યુમેન્ટ્રીનું વિમોચન ગુજરાતના વન્યજીવ સંરક્ષણ પ્રયાસોના એક મહત્વપૂર્ણ તબક્કા સાથે સુસંગત છે. છેલ્લા એક દાયકામાં, એશિયાટીક સિંહની વસ્તી ૭૦% વધી છે, અને ૨૦૨૫માં તે ૮૯૧ સુધી પહોંચી ગઈ છે, જ્યારે પુખ્તવયની સિંહણોની સંખ્યા વધીને ૩૩૦ થઈ છે. હવે આ પ્રજાતિનું સામ્રાજ્ય સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાને આવરી લેતા આશરે ૩૫,૦૦૦ ચોરસ કિ.મી.માં ફેલાયેલું છે. ખાસ કરીને બરડાના જંગલનો વિસ્તાર હવે એશિયાટીક સિંહ માટે બીજા ઘર તરીકે ઉભરી રહ્યો છે, જે ગીર સિવાયના નવા ફલકમાં આ પ્રજાતિની નોંધપાત્ર અનુકૂલનક્ષમતા દર્શાવે છે. તેમની વધતી જતી સંખ્યા વિસ્તાર વિસ્તરણની સાથે સિંહોને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવાની જવાબદારીનું પણ સર્જન કરે છે. તેમના વિસ્તારનું સન્માન કરવું અને બિનજરૂરી ખલેલ ટાળવી એ સહઅસ્તિત્વ માટે અનિવાર્ય છે. આ અદ્દભુત પ્રાણીઓની ઉછેરણી અને પજવણી ન કરીએ તો તેમને આ વિસ્તરતા ફલકમાં તેમની કુદરતી વર્તણૂક જાળવવા અને સમૃદ્ધ થવા માટે જરૂરી મહત્વપૂર્ણ અવકાશ પ્રાપ્ત થશે.

રાજ્ય સભા સાંસદ પરિમલ નથવાણીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, "સંરક્ષણક્ષેત્રે આ અસાધારણ સફળતા મૂળભૂત રીતે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની દીર્ઘદષ્ટિ અને આપણા વન અધિકારીઓ તેમજ અગ્રિમ હરોળની ટીમોના અવિરત સમર્પણથી પ્રેરિત છે. સંશોધકો અને સ્થાનિક સમુદાયો સાથે મળીને, તેમણે ભવ્ય એશિયાટીક સિંહને વધુ સુદ્દઢ ભવિષ્ય આપ્યું છે. મેં છેલ્લા ૩૫ વર્ષ કરતા વધુ સમયથી ગીરની મુલાકાત દરમિયાન આ સંરક્ષણ યાત્રાને ખૂબ નજીકથી જોઈ છે. એશિયાટીક સિંહોનો વિસ્તાર વધી રહ્યો છે, તેમ-તેમ આગળનો તબક્કો સિંહો અને તેમના પ્રાઈડનું રક્ષણ કરવાને સમર્પિત હોવો જોઈએ. તેમના આવાસનું રક્ષણ કરીને, તેમના વિસ્તારનું માન જાળવીને અને આ ફલકમાં સહઅસ્તિત્ત્વ ધરાવતા લોકો વન્યજીવો પ્રત્યેની તેમની જવાબદારી સમજે અને તે બાબતને સુનિશ્ચિત કરે તો જ આપણે સંરક્ષણના આ લાભોને પેઢીઓ સુધી ટકાવી શકીશું.' દ્વારા, હું આ યાત્રાને ડોક્યુમેન્ટ્રીકૃત કરવા અને તે જવાબદારીને આગળ ધપાવવા માંગુ છું."

# વડોદરામાં વકીલ હિતેશ ગુપ્તા સામેની ફરિયાદનો વિરોધ : રેન્જ આઈ કચેરીએ વકીલોનું પ્રદર્શન

## વકીલ સામે સંખેડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી દુષ્કર્મની ફરિયાદને લઈને વિવાદ વકર્યો

વડોદરા,

વડોદરા શહેરના વકીલ હિતેશ ગુપ્તા સામે સંખેડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી દુષ્કર્મની ફરિયાદને લઈને વિવાદ વકર્યો છે. ફરિયાદના વિરોધમાં વડોદરાના મોટી સંખ્યામાં વકીલો એકત્ર થયા હતા અને રેન્જ઼ૈં૨ કચેરી ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન વકીલોએ પોલીસની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરી હતી અને 'પોલીસ હાય હાય'ના નારા લગાવ્યા હતા.

વકીલોના પ્રતિનિધિમંડળે રેન્જ આઈજી કચેરી ખાતે રજૂઆત કરી સમગ્ર મામલે યોગ્ય અને નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી હતી. સાથે જ ફરિયાદ રદ કરવાની પણ માંગ કરવામાં આવી હતી. હિતેશ ગુપ્તા સામે ફરિયાદ નોંધાયા બાદ વડોદરાના વકીલોમાં નારાજગી જોવા મળી હતી.



આ મામલે વકીલો મોટી સંખ્યામાં એકત્ર થયા અને રેન્જ આઈજી કચેરી તરફ કૂચ કરી હતી.વિરોધ દરમિયાન વકીલોએ પોલીસની કાર્યવાહી સામે સૂત્રોચ્ચાર કર્યા હતા. સમગ્ર મામલે ઉતાવળે કાર્યવાહી કરવાને બદલે ફરિયાદની હકીકતોની યોગ્ય રીતે તપાસ કરવામાં આવે તેવી માંગ વકીલો દ્વારા કરવામાં આવી હતી.

# અરવલ્લી એલસીબી પોલીસે ચોરાયેલા મોબાઈલ ફોનના રેકેટનો પર્દાફાશ કર્યો

## દરોડા દરમિયાન દુકાનમાંથી ૪૦ નંગ ચોરાયેલા મોબાઈલ ફોન અને એક લેપટોપ મળી આવ્યું

અરવલ્લી,

અરવલ્લી એલસીબી પોલીસે ચોરાયેલા મોબાઈલ ફોનના એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. અમદાવાદ સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી ચોરી કે સ્નેચિંગ કરાયેલા મોબાઈલ ફોન મોડાસા લાવીને વેચવાનું કૌભાંડ ઝડપી પાડવામાં આવ્યું છે.

અરવલ્લી એલસીબી ટીમને મળેલી બાતમીના આધારે મોડાસાના માર્કેટ યાર્ડ ગેટ પાસે આવેલી એક મોબાઈલની દુકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન દુકાનમાંથી ૪૦ નંગ ચોરાયેલા મોબાઈલ ફોન અને એક લેપટોપ મળી આવ્યું હતું. આ ઉપરાંત, પકડાયેલા આરોપીઓની અંગઝડતી લેતા તેમની પાસેથી વધુ ૬ મોબાઈલ મળી આવ્યા હતા. આમ, પોલીસે કુલ ૪૬ મોબાઈલ ફોન, લેપટોપ, ચાર્જર અને યુએસબી કેબલ સહિત રૂપિયા ૯.૨૦ લાખથી વધુનો મુદ્દામાલ સીઝ કર્યો છે.પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે આ ગેંગ માત્ર મોબાઈલ વેચતી જ નહોતી, પરંતુ ચોરીના મોબાઈલના સ્પેરપાર્ટ્સ છૂટા પાડીને અન્ય ફોનમાં પણ વાપરતી હતી. આ સિવાય, ચોરેલા ફોનના આઈએમઈઆઈ નંબર બદલીને તેને અન્ય રાજ્ય તેમજ વિદેશમાં મોકલી આપવાનું આંતરરાજ્ય નેટવર્ક ચાલી રહ્યું હતું. હાલમાં સાયબર પોલીસ સ્ટેશન મોડાસા-અરવલ્લી ખાતે આ અંગે ગુનો નોંધવામાં આવ્યો છે.

# અમદાવાદઃ પિતાની પુણ્યતિથિનું બહાનું બતાવી ડ્રાયફ્રૂટ વેપારીને છેતરનાર શખ્સ ઝડપાયો




અમદાવાદ,

અમદાવાદમાં શાહીબાગ વિસ્તારમાં રહેતા હસમુખ હિરાચંદ જૈન નામના શખસે પિતાની પુણ્યતિથિ હોવાનું બહાનું આગળ ધરીને ડ્રાયફ્રૂટના વેપારીઓને નિશાન બનાવ્યા હતા. કૃષ્ણનગર વિસ્તારમાં દુકાન ધરાવતા અને લોહીના ઈન્ફેક્શનના કારણે હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા વેપારી દેવારામ મોદીને ફોન કરીને આ ગઠિયાએ ૩૫૦ કિલો ડ્રાયફ્રૂટનો ઓર્ડર આપ્યો હતો. માલની ડિલિવરી અને પેમેન્ટ માટે આરોપીએ ઓનલાઈન ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરી વેપારીને લાખો રૂપિયાના બોગસ ચેક પધરાવી દીધા હતા. આ મામલે હાલ કૃષ્ણનગર પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

ફરિયાદ અનુસાર, વેપારીએ જ્યારે બેંકમાં ચેક જમા કરાવ્યા ત્યારે ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવાથી તે બાઉન્સ થયા હતા. ઉઘરાણી કરતા આરોપીએ આરટીજીએસથી રૂપિયા ચૂકવવાનો વાયદો કર્યો હતો અને બાદમાં પોતાના પિતા પાસે રોકડા લેવા ઓઢવ ખાતે બોલાવ્યા હતા.

# ગુજરાતે રચ્યો નિકાસનો નવો રેકોર્ડ : ૧૧૦ બિલિયન સાથે ભારતનું નંબર-૧ એક્સપોર્ટ રાજ્ય બન્યું

## ગુજરાતની ઔદ્યોગિક ક્ષમતા અને વૈશ્વિક વેપારમાં વધતી પહોંચને કારણે નિકાસમાં સતત વધારો

ગાંધીનગર,

વૈશ્વિક આર્થિક પડકારો વચ્ચે ગુજરાતે નિકાસ ક્ષેત્રે પોતાની આગવી ક્ષમતા સાબિત કરી છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ભારતની કુલ નિકાસ ઈ૮૬૩ બિલિયન સુધી પહોંચી છે, જેમાં ગુજરાતે અંદાજે ૧૧૦ બિલિયનનું યોગદાન આપી દેશના અગ્રણી નિકાસકાર રાજ્ય તરીકે સ્થાન મેળવ્યું છે.

ગુજરાતની ઔદ્યોગિક ક્ષમતા અને વૈશ્વિક વેપારમાં વધતી પહોંચને કારણે રાજ્યની નિકાસમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. એન્જિનિયરિંગ ઉત્પાદનો, ફાર્માસ્યુટિકલ્સ, પેટ્રોકેમિકલ્સ તેમજ હીરા અને ઝવેરાત જેવા વિવિધ ક્ષેત્રોના ઉત્પાદનો વિદેશી બજારોમાં ગુજરાતની મજબૂત હાજરી નોંધાવી રહ્યા છે.

ગુજરાતની નિકાસ ક્ષમતાને મજબૂતી આપવામાં રાજ્યનું વિકસિત ઔદ્યોગિક અને લોજિસ્ટિક્સ માળખું મહત્વપૂર્ણ સાબિત થયું છે. અત્યાધુનિક બંદરો, માર્ગ અને રેલ કનેક્ટિવિટી તથા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના નેટવર્કને કારણે રાજ્યના ઉદ્યોગોને વૈશ્વિક બજારો સુધી પહોંચવામાં સરળતા મળી રહી છે.

બંદરોની ઉપલબ્ધતા અને મજબૂત કનેક્ટિવિટી ગુજરાતને નિકાસકારો માટે મહત્વનું કેન્દ્ર બનાવે છે. માલસામાનની હેરફેરમાં સમય અને ખર્ચ ઘટાડવાની સુવિધાઓને કારણે રાજ્યમાંથી આંતરરાષ્ટ્રીય બજારો સુધી ઉત્પાદનો પહોંચાડવાની પ્રક્રિયા વધુ સરળ બની છે.સરળ સરકારી પ્રક્રિયાઓ અને ઉદ્યોગલક્ષી વાતાવરણના કારણે મોટા ઉદ્યોગો ઉપરાંત નાના અને મધ્યમ ઉદ્યોગકારો માટે પણ વૈશ્વિક બજારમાં પ્રવેશવાની તકો વિસ્તરી છે.

ગુજરાતની આર્થિક ઓળખ માત્ર પરંપરાગત ઉદ્યોગો સુધી મર્યાદિત રહી નથી. રાજ્ય હવે સેમિકન્ડક્ટર, હાઈ-ટેક મેન્યુફેક્ચરિંગ અને ફાઈનાન્શિયલ સેવાઓ જેવા નવા અને ટેક્નોલોજી આધારિત ક્ષેત્રોમાં પણ પોતાની હાજરી મજબૂત કરી રહ્યું છે.આ ક્ષેત્રોમાં વધતા રોકાણથી રાજ્યની ઔદ્યોગિક ક્ષમતા વધુ વૈવિધ્યસભર બની રહી છે અને આગામી સમયમાં નિકાસના નવા માર્ગો ખુલી રહ્યા છે.

વિશ્વસ્તરીય પોર્ટ સિસ્ટમ, મજબૂત કનેક્ટિવિટી અને વિશાળ ઔદ્યોગિક આધારના કારણે ગુજરાત દેશના ઉત્પાદન અને નિકાસ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.નિકાસ ક્ષેત્રે મળેલી આ સફળતા માત્ર રાજ્યની આર્થિક શક્તિ દર્શાવતી નથી, પરંતુ 'મેક ઈન ઈન્ડિયા' અને 'વિકસિત ભારત ૨૦૪૭'ના લક્ષ્યાંકને આગળ વધારવામાં ગુજરાતના યોગદાનને પણ ઉજાગર કરે છે.

# સુરત સિવિલ ડોક્ટર આત્મહત્યા કેસમાં ૪ સીનિયર ડોક્ટરો સસ્પેન્ડ

## જુનિયરોને ત્રાસ આપવો એ સંસ્કારિતા નથી, રેગિંગનું કલંક કરિયર બરબાદ કરી દેશે

સુરત,

સુરત નવી સિવિલ હોસ્પિટલમાં પ્રથમ વર્ષના રેસિડેન્ટ ડોક્ટરની આત્મહત્યાની દુઃખદ ઘટનાને રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ અત્યંત ગંભીરતાથી લીધી છે. ઘટનાની ગંભીરતા જોઈને તેમણે તાત્કાલિક ધોરણે પેનલ તેમજ ફોરેન્સિક પીએમ (ૅ઼) કરાવવાના આદેશો જારી કર્યા હતા.

આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાની કડક સૂચના બાદ રચાયેલી વિશેષ તપાસ કમિટીએ રાત-દિવસ એક કરીને માત્ર ૨૪ કલાકમાં જ તપાસ પૂર્ણ કરી હતી. કમિટીના અહેવાલમાં રેગિંગ અને માનસિક ત્રાસની પુષ્ટિ થતાં જ જવાબદાર ચાર સીનિયર ડોક્ટરોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ સાથે જ, આ પ્રકારની ઘટના રોકવામાં નિષ્ફળ રહેવા બદલ નવી સિવિલ હોસ્પિટલના સંબંધિત વિભાગના HOD અને ટીચિંગ સ્ટાફને 'શો-કોઝ' નોટિસ પાઠવવામાં આવી છે. મંત્રીશ્રીના આ કડક વલણથી રેગિંગ કરનારા તત્વો સામે સ્પષ્ટ સંદેશ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવ્યો છે. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને રચાયેલી તપાસ કમિટીએ રાત્રે ૯:૩૦ વાગ્યાથી સવાર સુધી સતત કામગીરી કરી પ્રથમ વર્ષના ૮૦થી વધુ જુનિયર ડોક્ટરોના નિવેદન નોંધ્યા હતા.

# ગુજરાતમાં ખરીફ સિઝનનું વાવેતર ૮૫ ટકા પૂર્ણ,ખેડૂતોની પહેલી પસંદ કપાસ-મગફળી

## અત્યાર સુધીમાં ૭૨.૪૭ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર પૂર્ણ થયું

અમદાવાદ,

ગુજરાતમાં ચાલુ ખરીફ સિઝન-૨૦૨૬ દરમિયાન વાવેતરની કામગીરી હવે પૂર્ણતા તરફ આગળ વધી રહી છે. રાજ્યના સામાન્ય સરેરાશ વાવેતર વિસ્તારની સરખામણીએ અત્યાર સુધીમાં ૭૨.૪૭ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર પૂર્ણ થયું છે, જે કુલ સામાન્ય વાવેતર વિસ્તારના આશરે ૮૫ ટકા જેટલું છે. ખાસ કરીને કપાસ અને મગફળીના વાવેતરે રાજ્યના કૃષિ ક્ષેત્રમાં નોંધપાત્ર હિસ્સો નોંધાવ્યો છે.

ચાલુ ખરીફ સિઝનમાં કપાસ ખેડૂતોની પ્રથમ પસંદગી બની રહ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૧.૨૨ લાખ હેક્ટરમાં કપાસનું વાવેતર થયું છે, જે તેના સામાન્ય વાવેતર વિસ્તારના ૮૯ ટકા જેટલું છે. કુલ વાવેતરમાં કપાસ અને મગફળી બંનેનો હિસ્સો મળીને ૫૭ ટકાથી વધુ છે.

કપાસ બાદ મગફળી બીજા ક્રમે છે. રાજ્યમાં ૨૦.૪૧ લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર નોંધાયું છે. સામાન્ય વાવેતર વિસ્તારની સરખામણીએ મગફળીનું વાવેતર ૧૦૭ ટકા સુધી પહોંચી ગયું છે, જે ખેડૂતોમાં મગફળી પ્રત્યેનો વધેલો રસ દર્શાવે છે.

ચાલુ ખરીફ સિઝનમાં સોયાબીન અને અડદના વાવેતરમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. સોયાબીનનું ૩ લાખ હેક્ટરમાં વાવેતર થયું છે, જે સામાન્ય વિસ્તારના ૧૦૭ ટકા જેટલું છે. જ્યારે અડદનું ૮૪,૫૧૦ હેક્ટરમાં વાવેતર થયું છે, જે સામાન્ય વાવેતર વિસ્તારના ૧૦૩ ટકા સુધી પહોંચ્યું છે. અન્ય મુખ્ય પાકોની વાત કરીએ તો રાજ્યમાં મકાઈનું ૨.૬૮ લાખ હેક્ટર, તુવેરનું ૨.૩૮ લાખ હેક્ટર અને ડાંગરનું ૭.૬૧ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. સામાન્ય વાવેતર વિસ્તારની સરખામણીએ મકાઈનું વાવેતર ૯૫ ટકા, તુવેરનું ૯૩ ટકા અને ડાંગરનું ૮૬ ટકા સુધી પહોંચ્યું છે.

# NH-48 પર માર્ગ અકસ્માતો ઘટાડવા NHAI અને સાબરકાંઠા પોલીસની અનોખી પહેલ

સાબરકાંઠા,

માર્ગ અકસ્માતોમાં ઘટાડો લાવવા તથા વાહનચાલકોમાં માર્ગ સુરક્ષા અંગે જાગૃતિ વધારવાના હેતુથી નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) અને સાબરકાંઠા જિલ્લા પોલીસની ટ્રાફિક શાખા દ્વારા નેશનલ હાઈવે-૪૮ પર અનોખી માર્ગ સુરક્ષા પહેલ હાથ ધરવામાં આવી છે.

NHAI દ્વારા માર્ગ સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને અકસ્માતપ્રવણ વિસ્તારોમાં જરૂરી સલામતીનાં પગલાં, જાગૃતિ અભિયાનો અને સંબંધિત એજન્સીઓ સાથે સંકલન દ્વારા અકસ્માતોની સંખ્યા ઘટાડવા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ જ દિશામાં NHAI અને સાબરકાંઠા પોલીસ દ્વારા સંયુક્ત રીતે આ જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આ પહેલના ભાગરૂપે હિંમતનગર–પ્રાંતિજ હાઈવે પર રસુલપુર નજીકના અકસ્માતપ્રવણ વિસ્તારમાં ગંભીર અકસ્માતમાં ક્ષતિગ્રસ્ત થયેલી કારને પ્રદર્શિત કરવામાં આવી છે. હાઈવે પરથી પસાર થતા વાહનચાલકોને અકસ્માતના ગંભીર પરિણામોનો પ્રત્યક્ષ અનુભવ કરાવીને તેમને સલામત અને જવાબદારીપૂર્વક વાહન ચલાવવા માટે પ્રેરિત કરવાનો આ પ્રયાસ છે. ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થયેલી કારને અકસ્માતપ્રવણ વિસ્તારમાં પ્રદર્શિત કરીને ઓવરસ્પીડિંગ, બેદરકારીપૂર્વક ડ્રાઈવિંગ તથા ટ્રાફિક નિયમોના ઉલ્લંઘનના ગંભીર પરિણામો અંગે વાહનચાલકોમાં જાગૃતિ લાવવામાં આવી રહી છે.

# અમદાવાદઃ ચકચારી કાલુપુર લૂંટ કેસમાં બે રીઢા ગુનેગારો લાખો રૂપિયાના મુદ્દામાલ સાથે ઝબ્બે

અમદાવાદ,

અમદાવાદના કાલુપુરમાં ગઈકાલે રવિવારે વહેલી સવારે એક ટુ-વ્હીલર ચાલકને ટક્કર મારીને ૨,૩૯,૦૦૦ રૂપિયાની રોકડ રકમની લૂંટની ઘટના સામે આવી હતી. આ ગુનાનો ભેદ ઉકેલવામાં અમદાવાદ શહેરની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ઝોન-૩ પોલીસને સફળતા મળી છે. પોલીસે ગણતરીના કલાકોમાં જ આ લૂંટ કરનાર બે રીઢા આરોપીઓની ધરપકડ કરી છે અને તેઓની પાસેથી લૂંટની રોકડ રકમ સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ૬:૧૫ વાગ્યે કાલુપુર ઘી કાંટા ચાર રસ્તા, બુટગલી પાસે ફરિયાદી પોતાનું ટુ-વ્હીલર લઈને પસાર થઈ રહ્યા હતા. આ સમયે




આરોપીઓએ પોતાનું ટુ-વ્હીલર જાણી જોઈને ફરિયાદીના વાહન સાથે અથડાવીને તેમને નીચે પાડી દીધા હતા. ત્યારબાદ ફરિયાદી પાસેથી રોકડ રકમ ભરેલી થેલી ઝૂંટવીને તેઓ ફરાર થઈ ગયા હતા. ચોક્કસ બાતમીના આધારે એલસીબી ઝોન-૩ પોલીસે ૧૦ ઓગસ્ટના રોજ આરોપી મોહમદ શાહરુખ ઉર્ફે કેલા અંસારી અને જાફર ઉસ્માનભાઈ શેખ (બંને રહે. રખિયાલ)ની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી રોકડા ૨,૩૯,૦૦૦ રૂપિયા, બે મોબાઈલ ફોન અને ગુનામાં વપરાયેલ વાહન સહિત કુલ ૩,૦૫,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ રિકવર કર્યો છે.

# રાજકોટમાં ઉત્સાહભેર ઉજવાયો 'વિશ્વ સિંહ દિવસ'

## ૧૧ તાલુકાઓની ૧,૬૭૦ શાળાઓમાં ગૂંજ્યો સિંહ સંરક્ષણનો સંદેશ



રાજકોટ:

સિંહોનું રક્ષણ કરવા અને લોકોમાં તેમના સંરક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુ સાથે દર વર્ષે ૧૦ ઓગસ્ટના રોજ 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત રાજકોટ સામાજિક વનીકરણ વિભાગના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકાઓની ૧,૬૭૦ શાળાઓમાં 'વિશ્વ સિંહ દિવસ-૨૦૨૬'ની ઉજવણી કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓમાં વન્યજીવ સંરક્ષણ પ્રત્યે જાગૃતિ અને સંવેદનશીલતા કેળવાય તે માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા સહિતની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેના માધ્યમથી બાળકોએ પોતાની કળા અને વિચારો દ્વારા સિંહ સંરક્ષણનો સંદેશ વહેતો કર્યો હતો. આ ઉપરાંત, વિદ્યાર્થીઓએ સિંહના માસ્ક પહેરીને સિંહ જાગૃતિ રેલી પણ યોજી હતી.

આ કાર્યક્રમો દરમિયાન વન વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને સિંહ તેમજ અન્ય વન્યપ્રાણીઓ વિશે સમજ, વન અને વન્ય પ્રાણીઓનું મહત્વ, વૃક્ષ વાવી તેનું જતન કરવા સહિતની બાબતોનું વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૩થી વૈશ્વિક સ્તરે શરૂ થયેલી આ ઉજવણી અંતર્ગત ગુજરાતમાં પણ તેની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે. ગુજરાતમાં એશિયાઈ સિંહ એક અનોખો પર્યાવરણીય અને સાંસ્કૃતિક વારસો ધરાવે છે, જે ફક્ત સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં જોવા મળે છે. સિંહોના સંવર્ધન અને સંરક્ષણ માટે ગુજરાત સરકારના પ્રયાસોથી આ પ્રતિષ્ઠિત પ્રજાતિના અસ્તિત્વ અને વિકાસને સુનિશ્ચિત કરવામાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે.

આ કાર્યક્રમોમાં રાજકોટ સામાજિક વનીકરણ વિભાગના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકો, પ્રકૃતિપ્રેમીઓ, વિદ્યાર્થીઓ અને સ્થાનિક આગેવાનોએ ઉપસ્થિત રહી સિંહોના જતન અને સંરક્ષણ માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

# સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૧૩મી ઓગસ્ટે ''તિરંગા યાત્રા'' યોજાશે




રાજકોટ: ભારતનો રાષ્ટ્રધ્વજ આપણા સમગ્ર દેશ માટે રાષ્ટ્રીય ગૌરવની બાબત છે. રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રધ્વજના સન્માનમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ૧૩મી ઓગસ્ટે સવારે ૦૯:૦૦ કલાકે, બહુમાળી ભવન ચોક ખાતે ''તિરંગા યાત્રા'' યોજવામાં આવશે.

આ 'તિરંગા યાત્રા'ના આયોજન અંગે આજે મેયરશ્રી ડૉ. નેહલ શુક્લના અધ્યક્ષસ્થાને પદાધિકારીશ્રીઓ, મ્યુનિસિપલ કમિશનરશ્રી, અધિકારીશ્રીઓ, રાજકોટ શહેરની વિવિધ સંસ્થાઓ, એન.જી.ઓ., શાળા-કોલેજના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં મિટીગ યોજવામાં આવી હતી.

આ મીટિંગમાં મેયરશ્રીએ જણાવ્યું હતું કે, સમગ્ર રાજયમાં તિરંગાના સન્માનમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવનાર છે. તિરંગો ભારતની શાન છે. ભારતનું ગૌરવ છે. દરેક ભારતીય નાગરિક તિરંગાના દર્શન કરીને દેશપ્રેમની લાગણી અનુભવે છે. તિરંગાને જોઈને દેશદાઝ વધુ પ્રબળ બને છે. ''તિરંગા યાત્રા'' કાર્યક્રમની ઉજવણી માટે રાજકોટ મહાનગરપાલિકા શહેરની જુદીજુદી સ્વૈચ્છિક સામાજિક-સેવાકીય સંસ્થાઓ, શૈક્ષણિક અને અન્ય સંસ્થાઓની સાથે મળીને આ આયોજનને આખરી ઓપ આપી રહી છે. આ ઉજવણીમાં શહેરના પ્રત્યેક નાગરિક સામેલ થઈ રાષ્ટ્ર પ્રેમની જ્યોત જલાવી રાષ્ટ્રીય પર્વની ઉજવણીને ભવ્ય બનાવે તેવી અપીલ તેમણે કરી હતી.

આ મિટિંગની શરૂઆતમાં મ્યુનિસિપલ કમિશનર શ્રી તુષાર સુમેરાએ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા અંગે જરૂરી ચર્ચા કરી અધિકારીશ્રીઓને આવશ્યક સૂચનાઓ આપી હતી.

રાષ્ટ્રધ્વજના ગૌરવ માટે સ્વતંત્રતા સપ્તાહની ઉજવણી અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા યોજાનાર તિરંગા યાત્રામાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા શહેરીજનોને ખાસ અપીલ અને અનુરોધ કરવામાં આવ્યો છે. આ બેઠકમાં ડેપ્યુટી મેયર શ્રી દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી પરેશભાઈ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર શ્રી તુષાર સુમેરા, શાસક પક્ષ નેતાશ્રી ડૉ. હિરેનભાઈ ખીમાણિયા, શાસક પક્ષ દંડક શ્રી સંજયસિંહ રાણા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન શ્રી મનીષભાઈ ભટ્ટ, ડી. સી. પી. શ્રી જગદીશ બાંગરવા, રેસી. એડિ. કલેક્ટર શ્રી જે. એચ. બારોટ, ડેપ્યુટી કમિશનરશ્રીઓ શ્રી પથિક પટેલ, શ્રી ચેતન નંદાણી, શ્રી હર્ષદ પટેલ. શ્રી સમીર ધડુક તેમજ રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ, રાજકોટ શહેરની વિવિધ સંસ્થાઓ, એન.જી.ઓ., શાળા-કોલેજના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નિયમ ભંગના નામે રોજરોજ ટ્રાફિક દંડની આકરી વસુલાત બંધ કરવા કોંગ્રેસની માંગ

## પહેલા ટ્રાફિક વ્યવસ્થા સુધારો :ટ્રાફિક જામના સ્થળોએ પોલીસ ગાયબ દંડના ચાર-ચાર પોઈન્ટ ઉપર જવાનોની ફૌજ





રાજકોટ:રાજકોટ શહેરમાં છેલ્લા એકાદ મહિનાથી ટ્રાફિક પોલીસ દ્વારા વાહનચેકિંગ અને દંડની કાર્યવાહીનું પ્રમાણ અચાનક વધી ગયું હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. નિયમભંગ અને ગેરપ્રવૃત્તિ અટકાવવા માટે ચોક્કસ સમયે વાહનચેકિંગ તથા કોમ્બિંગ જરૂરી છે અને કોંગ્રેસ તેનો વિરોધ કરતી નથી, પરંતુ રોજેરોજ દિવસ-રાત વાહનો અટકાવી સામાન્ય નાગરિકોને દંડ ફટકારવાની જાણે ઝુંબેશ ચાલી રહી હોય તેવી સ્થિતિ સામે આવી છે.ટ્રાફિક પોલીસનું કામ શહેરની ટ્રાફિક વ્યવસ્થા સરળ બનાવવાનું છે કે પછી સામાન્ય નાગરિકોને રોકી દંડ વસૂલવાનું છે? તેવો સીધો સવાલ ઉઠાવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા રોહિતસિંહ રાજપૂતે રાજકોટ શહેરના જોઈન્ટ પોલીસ કમિશનરને રજૂઆત કરી સમગ્ર ટ્રાફિક ચેકિંગ વ્યવસ્થાની તપાસ કરવાની માંગ કરી છે.

રાજકોટની ફરતે ટ્રાફિક પોલીસની કામગીરી જોતા જાણે શહેરની કિલ્લેબંધી કરવામાં આવી હોય તેવો માહોલ સર્જાયો છે. ચોટીલા તરફથી રાજકોટના ગ્રીનલેન્ડ ચોકડી સુધીના માર્ગ પર એક જ રૂટમાં ચાર જેટલા ટ્રાફિક ચેકિંગ પોઈન્ટ હોવાની સ્થિતિ સામે આવી છે. અન્ય જિલ્લાઓના પાર્સિંગ ધરાવતા વાહનોને ખાસ રીતે રોકી દિવસ-રાત વાહનચેકિંગ કરવામાં આવતું હોવાની ફરિયાદો પણ કોંગ્રેસને મળી છે.

અન્ય રાજયોના કે જિલ્લાઓના યાત્રાળુઓની બસો હાઈવે પરથી પસાર થતી હોય ત્યારે તેમને પણ તોડ વગર જવા દેતા નથી તે કડવી વાસ્તવિકતા છે.બીજી તરફ શહેરના અનેક વિસ્તારોમાં ટ્રાફિક જામ, ભારે વાહનોની અવરજવર, ગેરકાયદેસર પાર્કિંગ અને અન્ય ટ્રાફિક સમસ્યાઓ યથાવત છે. આશ્ચર્યની વાત એ છે કે જયાં ટ્રાફિક વ્યવસ્થા માટે પોલીસની જરૂર છે ત્યાં ઘણી વખત પૂરતી હાજરી જોવા મળતી નથી,જ્યારે વાહનચેકિંગના પોઈન્ટ પર ૧૦-૧૫ જેટલા જવાનો હાજર જોવા મળે છે. ટ્રાફિક જામ ઉકેલવા પોલીસ કેમ નથી દેખાતી અને વાહન રોકીને દંડ કરવાનો પોઈન્ટ આવે ત્યારે જવાનોની ફોજ કેમ ઉભી થાય છે? તેવો સવાલ કોંગ્રેસે કર્યો છે.. છેલ્લા એક મહિનામાં અચાનક આટલી કડકાઈ કેમ? શું ટ્રાફિક પોલીસને કોઈ દંડનો ટાર્ગેટ આપવામાં આવ્યો છે કે નહીં? જો ટાર્ગેટ નથી તો ચેકિંગ પોઈન્ટ અને દંડની કાર્યવાહી અચાનક કેમ વધી છે તે અંગે પોલીસ વિભાગે સ્પષ્ટતા કરવી જોઈએ.શાળા-કોલેજો, વેપારી વિસ્તારો અને જાહેર સ્થળોએ ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમો યોજી લોકોને નિયમો અંગે સમજ આપવી જોઈએ. જનતાને ડરાવીને નહીં, સમજાવીને ટ્રાફિક શિસ્ત ઊભી કરવી એ જ કાયમી ઉકેલ છે. રોહિતસિંહ રાજપૂતે સ્પષ્ટ જણાવ્યું છે કે કોંગ્રેસ નિયમભંગ સામે કાયદેસરની કાર્યવાહીનો વિરોધ કરતી નથી, પરંતુ સામાન્ય નાગરિકોની રોજેરોજની કનગડત, બિનજરૂરી વાહનચેકિંગ અને દંડના નામે થતી હેરાનગતિ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહી.

જો આ સ્થિતિમાં તાત્કાલિક સુધારો નહીં આવે, ગંભીર આક્ષેપોની નિષ્પક્ષ તપાસ નહીં થાય અને ટ્રાફિક વ્યવસ્થાને પ્રાથમિકતા આપવામાં નહી આવે તો કોંગ્રેસ રાજકોટની જનતાને સાથે રાખીને મોટાપાયે જનઆંદોલન કરશે.તેવી અંતમાં કોંગ્રેસ પ્રવકતા રોહિતસિંહ રાજપૂતે ચીમકી ઉચ્ચારી છે.

# લોધીકાના પીપરડીમાં ગૌચરની જમીન સદભાવના ફાઉન્ડેશનને ફાળવવા સામે વિરોધ



રાજકોટ:લોધીકાના પીપરડી ગામની ગૌચરની જમીન સદભાવના સેવા ફાઉન્ડેશનને ફાળવવા સામે ગ્રામજનો-માલધારીઓએ વિરોધ નોંધાવી આ અંગે જિલ્લા કલેકટરને આવેદનપત્ર સુપ્રત કરી રજુઆત કરી હતી.

આ પ્રકરણમાં પીપરડીના ગ્રામજનો માલધારીઓએ એવો આક્ષેપ કર્યો હતો કે લોધીકા તાલુકા મામલતદારે આ અંગે પીપરડી ગ્રામ પંચાયતની મંજૂરી લીધા વગર આ ગૌચરની જમીન બારોબાર સદભાવના સેવા ફાઉન્ડેશનને ફાળવવા માટેની દરખાસ્ત કલેકટર તંત્રને કોલી દેવામાં આવેલ છે.

પીપરડી ગ્રામ પંચાયત દ્વારા આ અંગે ઠરાવ કરવામાં આવેલ નથી છતાં મામલતદાર દ્વારા આ દરખાસ્ત કેવી રીતે મોકલાય ? તે અંગે કલેકટર તંત્ર દ્વારા તપાસ કરી જવાબદારો સામે પગલા લેવામાં આવે તેવી તેઓએ માંગણી ઉઠાવી હતી. આગેવાનોએ જણાવ્યું હતું કે આ અંગેનો નિર્ણય જો નહી લેવાય તો ઉગ્ર આંદોલનના મંડાણ કરાશે.

તેઓએ જણાવેલ હતું કે, પીપરડી ગામની ગૌચરની સર્વે નં. ૧૭૫ ની ૨૫૦એકર જમીન બિનવારસુ ગૌવંશની જાળવણી માટે 'શ્રી સદભાવના સેવા ફાઉન્ડેશન, રાજકોટ'ને ખાસ કિસ્સામાં ભાડા પટ્ટે આપવાની કાર્યવાહી પશુપાલન શાખા, જિલ્લા પંચાયત રાજકોટ દ્વારા હાથ ધરવામાં આવી છે. જેના વિરોધમાં ગામના માલધારીઓએ કલેક્ટરને વાંધા રજૂ કર્યા છે. ગ્રામજનોનો મુખ્ય વાંધો એ છે કે જો આ ગૌચરની જમીન સંસ્થાને આપી દેવામાં આવશે તો ગામના માલધારીઓના પશુઓને ચરાવવા માટે કોઈ જ જગ્યા રહેશે નહી, જેનાથી તેમની આજીવિકા પર મોટો ફટકો પડશે.

ગ્રામજનો દ્વારા કલેક્ટરને અપાયેલા આવેદનમાં સ્પષ્ટ આક્ષેપ કરવામાં આવ્યો છે કે આ જમીન ફાળવણી અંગે ગામમાં કોઈ જાહેર ગ્રામસભા બોલાવવામાં આવી નથી. ગ્રામ પંચાયત પાસેથી કોઈ લેખિત મંજૂરી કે ઠરાવ પણ લેવામાં આવ્યો નથી કે ગામના લોકોને આ અંગે અગાઉથી જાણ સુધ્ધાં કરવામાં આવી નથી. તંત્ર દ્વારા ખોટા અભિપ્રાયોના આધારે જમીન ફાળવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી હોવાનો તેમણે દાવો કર્યો છે.

આ સમગ્ર મામલે બીજી બાજુ લોધિકા મામલતદારનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતું કે, "હાલ માત્ર જમીન ફાળવણી માટેની દરખાસ્તની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. નિયમ મુજબ કોઈપણ જમીનની ફાળવણી કરતા પહેલા ગ્રામ પંચાયતની દરખાસ્ત અને અભિપ્રાય લેવાનો હોય છે, ત્યારબાદ જ આગળની કાર્યવાહી થાય છે." જોકે, ગ્રામજનો અને માલધારીઓ આ ગૌચરની જમીન કોઈપણ સંસ્થાને આપવા સામે મક્કમતાથી વિરોધ નોંધાવી રહ્યા છે અને આ ફાળવણીનો હુકમ તાત્કાલિક રદ કરવા માંગ કરવામાં આવી હતી.

# પારડી, વેરાવળ અને ગણોદમાં જુગારના દરોડા : ૧૬ બાજીગરો ઝડપાયા



રાજકોટ:શ્રાવણ માસ નજીક આવતાં જ જુગારીઓ માટે મોસમ ખુલી હોય તેમ જુગારના પાટલા શરૂ થઈ ગયાં છે. ત્યારે શાપર પોલીસે જુગારના બે દરોડામાં તીનપત્તીનો જુગાર રમતા ૧૧ શખ્સોને જયારે ઉપલેટા પોલીસે ગણોદ ગામની સીમમાં બાવળની નીચે જુગારની મજા માણી રહેલા પાંચ શખ્સને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

દરોડાની વિગત મુજબ, શાપર પોલીસ મથકના પીઆઇ આર.બી.રાણાની રાહબરી હેઠળ સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે વેરાવળ ગામમાં આનંદ લાઈનર ગેઈટ અંદર સર્વોદય સોસાયટીમાં જાહેરમાં જુગાર રમતા આઠ શખસોને ઝડપી લીધા હતાં. ઝડપાયેલા શખ્સોમાં બીપીન હરી પરમાર, પ્રવિણ રામજી મારૂ, સુરેશ મંગા જાદવ, હીતેષ પેથા વાઘેલા, ભાવેશ જીવણ દોરીયા, મહેન્દ્ર નાનજી રાઠોડ, હીતેન્દ્ર આલજી વાઢેર અને સમીર કાસમ વિસળનો સમાવેશ થાય છે. પોલીસે રોકડ રૂ. ૧૪,૨૪૦ તથા આઠ મોબાઈલ સહિત રૂ. ૫૯,૭૪૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

બીજા દરોડામાં શાપર પોલીસે પારડી શીતળા મંદિર પાવરહાઉસ પાસે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા ત્રણ શખસોને ઝડપી પાડ્યા હતા. પોલીસે ત્રણેય પાસેથી રોકડ રકમ સહિત કુલ રૂ.૨૬,૩૨૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જુગાર રમતા ઝડપાયેલા શખસોમાં શરાફતઅલી અબ્દુલકાદીર અલી (ઉ.વ.૨૬), સતીશ તીરથરામ પાસવાન (ઉ.વ.૨૫) અને મુસ્તકીમ ઈસરાઈલ શાહ (ઉ.વ.૨૭) (રહે. ત્રણેય હાલ પારડી શીતળા મંદિર પાવરહાઉસ પાસે) નો સમાવેશ થાય છે. ત્રીજા દરોડામાં ઉપલેટા પોલીસ મથકના સ્ટાફે રાજકોટ- પોરબંદર નેશનલ હાઈવે પર ગણોદગામ જવાના રસ્તે ખારામાં ખાડીયુ શિમ જવાના રસ્તે બાવળની નીચે જુગાર રમતા પાંચ શખ્સોને પકડી નામ પૂછતા ચેતન રમણી સુતરીયા, કુલદીપ રમેશ ડાંગર, બાલા મેપા સુતરીયા, નથુ કરણા ભારાઈ અને પીયુષ હરસુખ દેગામા હોવાનું જણાવ્યું હતું છે. પોલીસે રોકડ રૂ.૧૮,૨૬૦ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# રિલ ઉતારવાનું ભૂત:ન્યારી ડેમમાં લાખેણી એન્ડેવર કાર ગરકાવ થઈ, સદનસીબે જાનહાની ટળી

## જીવલેણ સ્ટંટ કરતાં હાજર લોકોના જીવ પડીકે બંધાયા, વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ





રાજકોટ:સોશિયલ મીડિયા પર લાઈક્સ અને વ્યુઝ મેળવવા માટે નબીરાઓ પોતાના જીવને જોખમમાં મૂકતા અચકાતા નથી. રવિવારની રજાના દિવસે પ્રખ્યાત ન્યારી ડેમ ખાતે આવી જ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે.જેમાં સોશિયલ મીડિયા માટે રિલ્સ બનાવવાની ઘેલછામાં એક નબીરાએ પોતાની લક્ઝુરિયસ ફોર્ડ એન્ડેવર કાર નં. જીજે-૧૦-ડીએ-૭૪૭૬ છેક ડેમના પાણીની અંદર ઉતારી દીધી હતી. જો કે, સ્ટંટબાજીનો આ મોખરો ભારે પડ્યો હતો અને જોતજોતામાં આખી કાર ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી.

રવિવારની રજા હોવાથી ડેમ સાઈટ પર મોટી સંખ્યામાં લોકો ફરવા માટે આવ્યા હતા. નબીરાને કાર સાથે જોખમી સ્ટંટ કરતો જોઈને ત્યાં હાજર સ્થાનિકો અને પ્રવાસીઓના જીવ પડીકે બંધાયા હતા.કાર જ્યારે પાણીમાં ડૂબવા લાગી ત્યારે સ્થળ પર ભારે અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે, કાર સંપૂર્ણપણે ડૂબી જાય તે પહેલાં જ તેમાં સવાર યુવકો સમયસૂચકતા વાપરીને બહાર નીકળી જવામાં સફળ રહ્યા હતા, જેના કારણે એક મોટી જાનહાની ટળી હતી.આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ લોકોમાં નબીરાઓની આ બેદરકારી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, રજાના દિવસોમાં અહીં આવા જોખમી સ્ટંટ કરનારાઓ બેફામ બની જાય છે.જાહેર સ્થળો પર આવા જીવલેણ સ્ટંટ કરનારા તત્વો સામે પોલીસ કડક કાયદાકીય કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠી છે.

# લોકમેળાના મંડપનું ટેન્ડર રૂા.૮૩ લાખમાં કિશોર મંડપ સર્વિસને અપાયું !


રાજકોટ:રાજકોટ કલેકટર તંત્ર અને લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા શહેરના રેસકોર્સ ગ્રાઉન્ડમાં આયોજિત કરાયેલા સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિની ઝલક દર્શાવતા જન્માષ્ટમીના લોકમેળાની તૈયારીઓ પુરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે.જેમાં મંડપનું ટેન્ડર ૮૩ લાખમાં પરમાર કિશોર મંડપ સર્વિસને ફાળવાયાનું કલેકટર તંત્રના સુત્રોમાંથી જાણવા મળ્યું છે. ગત વર્ષે આ મંડપ સર્વિસ અને સ્ટ્રકચરનું ટેન્ડર અંદાજે ૭૮માં અપાયુ હતું જોકે મંડપના આ ટેન્ડરને આખરી મંજૂરી કલેકટર દ્વારા આપવામાં આવનાર છે.

રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે યોજાનારા આ લોકમેળામાં વિવિધ વ્યવસ્થાઓ જેવી કે ખાણી-પીણી, રમકડાં, ચકડોળો અને વ્યાપારી હેતુઓ માટેના અંદાજે ૨૨૮ જેટલા અલગ-અલગ સ્ટોલ્સ, સેવાભાવી સંસ્થાઓના સ્ટ્રક્ચર્સ, કંટ્રોલ રૂમ્સ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો માટેના વિશાળ ડોમ બાંધવાની જવાબદારી માટેનું ટેન્ડર લોક મેલા સમિતિ દ્વારા બહાર પાડવામાં આવતું હોય છે. આ વર્ષે પણ નિયમનુસાર આ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેમાં 'પરમાર મંડપ સર્વિસ' બાજી મારી ગઈ છે અને તેમને આ કામગીરી સોંપવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ વર્ષે મંડપ સર્વિસ અને ડોમ બાંધકામનું આ કામ આશરે રૂ. ૮૩ લાખના ખર્ચે ફાળવવામાં આવ્યું છે. જ્યારે ગત વર્ષે આ જ મંડપ સર્વિસ અને સ્ટ્રક્ચરનું ટેન્ડર અંદાજે રૂ. ૭૮ લાખમાં આપવામાં આવ્યું હતું. એટલે કે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મોંઘવારી અને વધતી જરૂરિયાતોને ધ્યાને રાખીને ટેન્ડરની રકમમાં વધારો જોવા મળ્યો છે.

# રાજકોટનો નવો એ.આઈ. ટ્રેક અઘરો:કારની પરીક્ષામાં ૮૬ ટકાથી વધુ નાપાસ!

## ટુ વ્હીલરમાં ૨૮ ટકા ફેઈલ : ફોર વ્હીલરની પરીક્ષામાં ૧૦૯૨ પૈકી માત્ર ૧૫૨ પાસ




રાજકોટ:છેલ્લા ૨૦ દિવસથી રાજકોટ આરટીઓ કચેરી ખાતે શરુ થયેલો અદ્યત એઆઇ ડ્રાઇવિંગ ટેસ્ટ-ટ્રેક શહેર જિલ્લાના વાહનધારકો માટે ખૂબ જ અઘરો સાબિત થઈ રહ્યો છે અને ફોર વ્હીલર તથા ટુ-વ્હીલરની પરીક્ષામાં નોંધપાત્ર વાહન ચાલકો ફેઈલ થઈ રહ્યાનું સામે આવી રહ્યું છે. આ નવો અદ્યનત ટ્રેક પાસ કરીને ફોર વ્હીલર ચાલકો માટે ખૂબ જ કઠીન સાબિત થઈ રહ્યો છે. તો ટુ-વ્હીલર ચાલકો માટે થોડી સરળતા દેખાઇ છે.

આ અંગે રાજકોટ જિલ્લા આરટીઓ અધિકારી ઈન્દ્રજીત ટાંકનો સંપર્ક સાધતા તેઓએ જણાવેલ હતું કે છેલ્લા ૨૦ દિવસ દરમિયાન કારની પરીક્ષામાં ૮૬.૦૮ ટકા ચાલકો નાપાસ થયા છે અને માત્ર ૧૩.૯૨ ટકા જ પાસ થઇ શક્યા છે.ટાંકે વધુમાં જણાવેલ હતું કે છેલ્લા ૨૦ દિવસ દરમિયાન કારની ૧૦૯૨ લોકોએ પરીક્ષા આપી હતી જે પૈકી ૧૫૨ લોકો પાસ થયા છે અને ૯૪૦ ફોર વ્હીલર ચાલકો ફેઈલ થયા હતા.

જ્યારે ટુ-વ્હીલરની પરીક્ષામાં ૭૨ ટકા પાસ થયા છે અને ૨૮ ટકા લોકો ફેઈલ થયા હતા. વધુમાં આર.ટી.ઓ. અધિકારી ટાંકે જણાવેલ હતું કે છેલ્લા ૨૦ દિવસ દરમિયાન કુલ ૨૩૯૩ સ્કૂટર ચાલકોએ પરીક્ષા આપી હતી જેમાં ૧૭૨૩ જેટલી નોંધપાત્ર સંખ્યામાં ટુ-વ્હીલર ચાલકો પાસ થયા છે અને ૬૭૦ જેટલા ચાલકો નાપાસ જાહેર થયા હતા.ઉલ્લેખનીય છે કે, અગાઉ જ્યારે જુનો ટ્રેક હતો ત્યારે આટલી મોટી સંખ્યામાં વાહન ધારકો ફેઈલ થતા ન હતા. વધુમાં રાજકોટ જિલ્લા આરટીઓ વિભાગનાં સૂત્રોના જણાવ્યા મુજબ જુના ટ્રેક વખતે સરેરાશ ૪૫ ટકા કાર ચાલકો પાસ થતા હતા.જ્યારે ૮૦ટકા ટુ-વ્હીલર ચાલકો પાસ થતાં હતા જ્યારે ૨૦ દિવસ દરમિયાન કારની પરીક્ષામાં પાસ થવાની ટકાવારી ખૂબ જ ઘટી ગઇ છે અને ટુ-વ્હીલરમાં પાસ થવાની ટકાવારીમાં થોડો જ ફેરફાર થયો છે.

# તા.૧૭ના લેન્ડગ્રેબીંગ અને ફરિયાદ સંકલન સમિતિની યોજાશે બેઠક




રાજકોટ:રાજકોટ કલેક્ટર કચેરી ખાતે આગામી તા.૧૭ને સોમવારે બપોરના ૩-૫૦ કલાકે ફરિયાદ સંકલન અને સાંજના ૫-૩૦ વાગ્યે લેન્ડગ્રેબીંગ કમિટીની બેઠક જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશના અધ્યક્ષ સ્થાને આયોજીત કરવામાં આવેલ છે.

લેન્ડગ્રેબીંગ કમિટિની બેઠકમાં ૫૦ જેટલા કેસો સુનાવણી માટે મુકવામાં આવેલ છે જયારે ૧૩ અરજદારોને રૂબરૂ આ બેઠકમાં સુનાવણી માટે હાજર રહેવા વહીવટીતંત્ર દ્વારા ફરમાન કરવામાં આવેલ છે.

લેન્ડગ્રેબીંગની આ બેઠકમાં સરકારી મિલ્કત પર પેશકદમી તેમજ પારકી મિલ્કત પચાવી પાડનારા સામે કાયદાનો શિકંજો કસવામાં આવશે. લેન્ડગ્રેબીંગની બેઠક પૂર્વે જિલ્લા ફરિયાદ સંકલન સમિતિની બેઠક પણ આયોજિત કરવામાં આવેલ છે. લેન્ડગ્રેબીંગ કમિટિની આ બેઠકમાં અધિક કલેક્ટર, બારોટ, ડે. કલેક્ટરો, પ્રાંત અધિકારીઓ અને પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

સૌરાષ્ટ્ર આસપાસ

Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# ગ્રાહક સુરક્ષાના ન્યાયમાં વિલંબઃગ્રાહક સાથે અન્યાય

ગ્રાહકને બજારમાંથી વસ્તુ ખરીદતી વખતે કે કોઈ સેવા લેતી વખતે માત્ર પૈસા ચૂકવવાનો અધિકાર નથી, પરંતુ તેને ગુણવત્તાયુક્ત વસ્તુ, યોગ્ય સેવા, પારદર્શક માહિતી અને ખામી સામે ઝડપી ન્યાય મેળવવાનો પણ અધિકાર છે. આ હેતુથી દેશમાં ગ્રાહક વિવાદ નિવારણ માટે જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ગ્રાહક કમિશનોની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. પરંતુ ગ્રાહકને સસ્તો, સરળ અને ઝડપી ન્યાય આપવાના આ મૂળ હેતુ સામે કેસોના વધતા ભરાવા અને ધીમા નિકાલનો પ્રશ્ન ગંભીર બની રહ્યો છે.વર્ષ ૨૦૨૧માં રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા સ્તરના ગ્રાહક પંચોમાં ૧.૧૪ લાખથી વધુ નવા કેસ નોંધાયા હતા. તેમાંથી ૮૫,૬૦૩ કેસનો નિકાલ થયો હતો અને નિકાલનો દર ૭૪.૫ ટકા હતો. હવે આ નિકાલનો દર ઘટીને આશરે ૩૦ ટકા સુધી પહોંચ્યો હોવાનો મુદ્દો ચિંતાજનક છે. આ ઘટાડો માત્ર આંકડાકીય બાબત નથી; તેની સીધી અસર એવા સામાન્ય ગ્રાહક પર પડે છે જે પોતાની મહેનતની કમાણી, બચત અથવા જીવનભરની મૂડી સાથે જોડાયેલા વિવાદમાં ન્યાય મેળવવા ગ્રાહક પંચનો દરવાજો ખખડાવે છે.ગ્રાહક પંચની વ્યવસ્થા સામાન્ય અદાલતોની સરખામણીએ સરળ અને ઓછા ખર્ચે ન્યાય આપવા માટે બનાવવામાં આવી હતી. પરંતુ જો ફરિયાદ કર્યા પછી વર્ષો સુધી સુનાવણી ચાલતી રહે, તારીખ પર તારીખ મળતી રહે અને અંતિમ નિર્ણયમાં લાંબો સમય લાગે તો સામાન્ય માણસ માટે આ વ્યવસ્થાનો મૂળ હેતુ જ નબળો પડી જાય છે. ખાસ કરીને વીમા, બેન્કિંગ, હોસ્પિટલ, રિયલ એસ્ટેટ, ઇ-કોમર્સ, ટેલિકોમ, વાહન, ઇલેક્ટ્રોનિક્સ અને અન્ય સેવાઓ સંબંધિત ફરિયાદોમાં ગ્રાહકનો સમય અને નાણાં બંને અટવાઈ શકે છે.સૌથી ગંભીર બાબત એ છે કે કેસ લાંબા સમય સુધી પેન્ડિંગ રહે તો કંપનીઓ પર ગ્રાહક ફરિયાદનો તાત્કાલિક જવાબ આપવા અને સમસ્યાનો ઉકેલ લાવવાનું દબાણ ઘટી શકે છે. મોટા વ્યવસાયિક સંસ્થાઓ પાસે કાનૂની વિભાગ, નિષ્ણાતો અને લાંબી કાર્યવાહીનો સામનો કરવાની આર્થિક ક્ષમતા હોય છે, જ્યારે સામાન્ય ગ્રાહક પાસે મર્યાદિત સમય અને સાધનો હોય છે. પરિણામે ન્યાયમાં થતો વિલંબ ઘણી વખત વ્યવહારિક રીતે શક્તિશાળી પક્ષને ફાયદો પહોંચાડી શકે છે. તેથી ગ્રાહક ન્યાયની ગતિ માત્ર વહીવટી કાર્યક્ષમતાનો પ્રશ્ન નથી, પરંતુ બજારમાં જવાબદારી અને વિશ્વાસ જાળવવાનો પણ પ્રશ્ન છે.ભારત સરકારે ગ્રાહક સુરક્ષાને મજબૂત બનાવવા માટે ગ્રાહક સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૯ અમલમાં મૂક્યો છે. આ કાયદામાં ઓનલાઈન ફરિયાદ દાખલ કરવાની સુવિધા, વર્ચ્યુઅલ સુનાવણી, પ્રોડક્ટ લાયબિલિટી, ભ્રામક જાહેરાતો સામે કાર્યવાહી અને ઈ-કોમર્સ સંબંધિત અન્ય જોગવાઈઓનો સમાવેશ થાય છે. કાયદો ગ્રાહક જ્યાં રહે છે અથવા કામ કરે છે ત્યાંની સંબંધિત ગ્રાહક કમિશનમાં ઓનલાઈન ફરિયાદ કરવાની સુવિધા પણ આપે છે. ફરિયાદની સ્વીકાર્યતા અંગે ૨૧ દિવસમાં નિર્ણય ન થાય તો તેને સ્વીકાર્ય ગણવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. આટલી આધુનિક જોગવાઈઓ હોવા છતાં જો કેસોના નિકાલની ગતિ ધીમી પડે છે તો પ્રશ્ન કાયદાનો ઓછો અને તેના અસરકારક અમલનો વધુ છે. તાજેતરમાં કેન્દ્રના ગ્રાહક બાબતો વિભાગે પણ ગ્રાહક પંચોમાં કેસ પેન્ડન્સીના કારણો, ઈ-ફાઇલિંગનો ઉપયોગ, માનવ સંસાધન અને માળખાકીય પડકારો તેમજ મધ્યસ્થીને વધુ અસરકારક બનાવવાના મુદ્દાઓનો અભ્યાસ કરવાની જરૂરિયાત દર્શાવી છે.

# વન્દે માતરમ્

**શાળામાં ઉજવાયેલા સ્વાતંત્ર્ય દિનના ઉત્સવે એક વિધવા માના દીકરાએ વન્દે માતરમ્ નાટિકામાં વીર ભગતસિંહનું પાત્ર કાબિલે દાદ ભજવ્યું તેનાથી પોતાનામાં પણ' હિંમત હાથ એને હરકત શી ?' ની ખુમારી પ્રગટી ને તેનો તેજ લિસોટો માના હૈયાને અજવાળી ગયો**





અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

વિધવા મા ઊઠી. દીકરાને સાદ કરીને જગાડ્યો. તેને માથે હાથ ફેરવ્યો, પણ ગરીબીની ઘેરી છાયા તેને પીડવા મથતી હતી. દીકરાએ સ્વાતંત્ર્યસૂચક સ્મિત કર્યું. તે બારણા તરફ ગયો. તેણે કાઠી પર તૈયાર કરીને રાખેલો ત્રિરંગો હાથમાં લઈને લહેરાવ્યો. આંખોથી કરેલા ઈજનથી આજે સ્વાતંત્ર્ય દિનની લહેર ફરકાવી, પણ તેને દેશની આઝાદી માટે કુરબાની આપનાર વીર ભગતસિંહને અપાયેલી ફાંસીનો પ્રસંગ યાદ આવી ગયો. અને તે બારણું ખોલીને નાઠો ! તેની શાળાના આંગણે પહોંચીને તેણે શ્વાસ લીધો. તેની તેજસ્વી, શુદ્ધ શ્વેત આંખોની કીકીઓમાંની લાચારી શિક્ષકના હૈયામાં કોતરાઈ ગઈ.

રાત્રે આઠ વાગ્યે શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ હતો. તેની તૈયારી માટે તે વહેલી સવારનો પહોંચી ગયો હતો. જરૂરી માર્ગદર્શન આપીને શિક્ષકે તેને ઘેર પરત મોકલ્યો અને સવારના ૮.૦૦ થી ૧૨.૦૦ દરમિયાન પ્રભાતફેરી, ધ્વજવંદન, રમતોત્સવ વગેરે કાર્યક્રમ માટે આવવાનું કહ્યું. ઘેર જઈને તેણે મા પાસેથી આઝાદીની લડાઈમાં કુરબાની દેનારા શહીદોની વાતો સાંભળી. સવારના આઠના ટકોરે તે સ્કૂલના ગ્રાઉન્ડમાં હાજર થઈ ગયો. બપોરના બાર સુધીના કાર્યક્રમમાં હોંશથી તે જોડાયો. તેનું મન આઝાદીના અમૃત મહોત્સવથી રંગાઈ ગયું.

રાતના ૮.૦૦ વાગે શાળાના વિશાળ પટાંગણમાં સાંસ્કૃતિક કાર્યક્રમ શરૂ થયો. પ્રાર્થનામાં સરસ્વતીમાતાને ચરણે બાળકો જ્ઞાનભિક્ષા માગતા હતા. ત્યાર પછી વંદે માતરમ્ નાટિકા શરૂ થઈ. તેમાં વીર ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ, આ ત્રિપુટીની ઝિંદાદિલીને ત્રણ પાત્રોએ કાબિલે દાદ રજૂ કરી. નાટિકાને દશ્યે દશ્યે તાળીઓના ગડગડાટ વરસી રહ્યા. વીર ભગતસિંહને મોઢેથી બોલાતા શબ્દો લોકો ફૂલની પેઠે વીણી રહ્યા, તે મહાભિનિષ્ક્રમણની અલૌકિક રાત્રિ સ્ટેજ પર અવનવી ટેકનિકથી રજૂ થઈ. વીર ભગતસિંહે દેશની આઝાદી માટે ફાંસીનો ફંદો હસતાં મોઢે પહેરી લીધો ને પોતાની જિંદગીને કુરબાન કરી દીધી, એ જ રીતે સુખદેવ અને રાજગુરુ પણ ફાંસીના ફંદે કુરબાન થયાં ત્યારે આકાશે ટમટમતાં રાતના તારલાઓ પણ રડી પડયા. જીવનનીક્ષણભંગુરતાનો દરેકને ખ્યાલ મળ્યો અને દેશને આઝાદી અપાવવા માટે બલિદાનની વેદીના દશ્યે દશ્યે આ પાત્રોને પ્રેક્ષકો પ્રશંસાથી નવાજી રહ્યા. ગામના આગેવાન વેપારીએ સોનાનો ચંદ્રક જાહેર કર્યો. આગેવાન ડૉક્ટરે પાંચસો એક રોકડા આપ્યા. બીજાં અનેક ઈનામોની ધારા ચાલી. શાળાએ પણ આ અભિનય ત્રિપુટીને રૌપ્યચંદ્રક આપવાનું જાહેર કર્યું.

“વન્દે માતરમ" ગવાયું. વાલીઓ પોતપોતાનાં બાળકોને લેવા સ્ટેજ પર આવ્યા. જાણીતા નાટ્યકાર, જે આ સમારંભના અધ્યક્ષ પણ સ્ટેજ પર આવી ગયા અને જેણે વીર ભગતસિંહને સ્ટેજ પર સજીવ કર્યા તેની નજીક જઈને પીઠ થાબડી, શાબાશી આપતાં કહ્યું, “નાની વયમાં કલાની સમજ સારી છે. આગળ જતાં નામ કાઢશે.”

શાળાના આચાર્યએ પણ તેને માથે હાથ મૂકતાં કહ્યું: “બેટા ! તારા કામ પર હું સાચે જ ખુશ થયો છું. તારામાં શક્તિ છે. ખૂબ ભણજે ને ગામનું નામ તું અજવાળીશ. તને લેવા કોઈ નથી આવ્યું?"

“મારી બા આવી છે."

" ધન્ય છે એ માતા ! "

"સાહેબ ! પેલી મારી મા આવે છે."

"બેટા ! વીર ભગતસિંહના અવાજ જેવો તારો રણકો, ' ઈન્કલાબ ઝિંદાબાદ' મારે કાને પડયો. મારી આંખ એ દિશામાં ગઈ. મારી આંખોમાં આઝાદીના સંગ્રામનાં દ્રશ્યો તરવરવાં લાગ્યાં. " જનેતાએ આટલું કહેતાં દીકરાને નવાજ્યો.

કેટલાકની આંખમાં પણ આંસુ ઉભરાયાં. ગામના સરપંચ તેની પાસે આવ્યા. તેને શાબાશી આપતાં કહ્યું : ’બેટા ! તેં કમાલ કરી. આટલું સરસ કામ તું કરી શકીશ તેનો તો ખ્યાલ જ નહોતો ! બેન, ચીથરે વીંટ્યું રતન છે રતન ! તમારી કુખ અજવાળશે ! જતન કરજો. અમારાથી પણ બનતી કોશિશ અમે કરીશું.”

“હા, છે તો હીરો ! વીર ભગતસિંહની કલ્પનાને તેણે જ સાકાર કરી છે. તેનામાં વીર ભગતસિંહ વસેલો છે." ગામના પોલિસ પટેલે ગૌરવ દાખવ્યું.

“સાહેબ ! આપ સૌની દયા છે....” તે ગદગદિત કંઠે આગળ બોલી ન શકી.

નાસ્તો લઈને સૌ વિખરાયાં. દીકરા અને તેની બાને પણ નાસ્તો આપવામાં આવ્યો. રાતની ઠંડી આકાશનો બુરખો ચીરીને દોડાદોડ કરતી હતી. ચન્દ્ર પણ ઠંડીથી ઠરીને કોઈની બારીની તિરાડમાં છુપાઈ ગયો હતો. વીજળીના ગોળાઓ પણ ઠૂંઠવાઈને આ માની નિસ્તેજ કીકી જેવા લાગતા હતા. દીકરાની આંખ ચમકી. અંધારામાં પણ એ આંખની ડરામણી ચમક લાગતી હતી, છતાં તેણે મનોમન વિચાર્યું, “ એ દિવસો ગયા ! મારો એક અડગ નિર્ધાર છે. હવે તો હિંમત હાથ એને હરકત શી ?" આકાશમાં એક તારો ખરી પડયો. તેનો તેજલિસોટો માના હૈયાને અજવાળી ગયો.


# જટા, દાઢી તથા મુછનો મહિમા અને ઋષિ મુનીઓ સાથે સંબંધ

વિશેષ

ગિરનાર પર્વતનો ફોટો જો તમે આડો કરીને જોશો તો કોઈ સંત કે ઋષિ ધ્યાનસ્થ સુતેલા દેખાશે જેને જટા, દાઢી કે મુછ હોય. ભગવાનના નૃસિંહ અવતારમાં નૃસિંહને વાળ (કેશ) સિંહ જેવા હોય છે. સિંહની કેશવાળીથી યુક્ત ચહેરો ભગવાને ધારણ કર્યો હોય છે.

આપણે આર્યસંસ્કૃતિ, વેદ સંસ્કૃતિ તથા પુરાણ યુગની વાત કરીએ તો અગાઉના ઋષિ-મુનીયો કે સંતો મોટે ભાગે લાંબી દાઢી, જટા કે મુછ રાખતા. તે સમયે વધારે સમય તપ-યોગ તથા અન્ય સેવાકીય પ્રવૃત્તિમાં તેઓ ગાળતા આપણે ત્યાં એક જાણીતાં શિવજીનાં ચિત્રમાં શિવજીને દાઢી, મુછ કે જટામાં દર્શાવાયા છે લાંબા વાળ પણ ઘણા સંતો રાખતા. અગાઉનો ઈતિહાસ તપાસીએ તો રાજા-મહારાજાઓ પણ લાંબા કેશ રાખતા તથા માથાં પર મુગટ પહેરતા, તપસ્વીઓ લગભગ જટાધારી રહેતાં. ઋષિ વાલ્મીકી તપ કરતાં કરતાં તપમાં લીન થઈ જતાં મુછ દાઢી વધી ગયેલાં ભગવાન સદાશિવે પોતાની જટામાં જ ગંગાજીને સ્થાન આપેલું છે ભગવાન દત્તાત્રેયનાં ચિત્રમાં ત્રણેય મુખને જટાં દેખાય છે. મહાશિવરાત્રીના મેળામાં જુનાગઢ ભવનાથ આવતાં બધા સાધુઓ લાંબા વાળ, જટા કે મુછો રાખતા જોવા મળે છે. જોગીઓ ધ્યાનમાં બેસે છે. ઈશ્વરની આરાધનાં કરે છે. ભગવાન વિષ્ણુના એક અવતાર પરશુરામ પણ જટા માટે પ્રખ્યાત છે.

જુનાગઢના પ્રખ્યાત ગિરનાર પર્વતનો ફોટો જો તમે આડો કરીને જોશો તો કોઈ સંત કે ઋષિ ધ્યાનસ્થ સુતેલા દેખાશે જેને જટા, દાઢી કે મુછ હોય. ભગવાનના નૃસિંહ અવતારમાં નૃસિંહને વાળ (કેશ) સિંહ જેવા હોય છે. સિંહની કેશવાળીથી યુક્ત ચહેરો ભગવાને ધારણ કર્યો હોય છે. આપણા એક દાર્શનીક ઓશો (આચાર્ય રજનીશ) પણ દાઢી મુછ ધારી જોવા મળે છે. ભારતના કુંભમેળામાં પણ અસંખ્ય સંતો કે ઋષિઓ દાઢી-ધારી કે જટાધારી જોવા મળે છે. આમ દાઢી મુછનો એક અનોખો પ્રભાવ પણ હોય છે.સામાન્ય રીતે ઋષી મુનીઓ વનમાં કે આશ્રમમાં રહેતા હોય છે. તેમની પ્રવૃત્તિ ગાયોનો નિભાવ, શિક્ષણ, તીર્થયાત્રા, પર્યટન હોય છે. આંગણે આવેલ અતિથિઓનો સત્કાર તથા માર્ગદર્શન પણ તેઓ કરતા હોય છે. પ્રકૃતિની ગોદમાં રહેતાં હોય છે. તે જમાનામાં દાઢી મુછ કે જટા રાખવાની પ્રથા હતી. કપાળમાં તિલક તથા હાથો પર ભસ્મ કરતાં મુનીઓ યજ્ઞા-યાગાદિમાં પણ પ્રવૃત્ત રહેતાં. ગળામાં રૂદ્રાક્ષની માળા પહેરવાની પણ પ્રથા હતી. ઋષિમુનીઓ જપ, નામસ્મરણ, ધ્યાનમાં પ્રવૃત્ત રહેતાં અને દાઢી મુછ તેમની ઓળખાણ હતી.આપણા અન્ય સંતો કબીરજી, ઝૂલેલાલ વિ.પણ દાઢી ધારી હતા. અન્ય વાત કરીએ તો જટા ઉપરથી જટામાંસી તે ઔષધિનું નામ છે. ત્રિજટા નામની રાક્ષસી રામાયણમાં કાળમાં હતી. શિવજીનાં સ્તોત્રમાં ''જટા તટા તે સંભ્રમાં'' શબ્દ આવે છે તો એક ફિલ્મનાં ગીતમાં ''જટા જોગી જોગ ઉતારો'' શબ્દ આવે છે.આપણા સાતર્ષિઓ મરીચી, અત્રી, પુલસ્ત્ય, પુલહ, વસિષ્ઠ, કેતુ, અંગિરસ પણ દાઢી મુછ રાખતા હતા. આ સિવાય પણ વિશ્વામિત્ર વસિષ્ઠ,



કણ્વ, ભારદ્વાજ યામદેવ, શૌનક આદિ ઋષિઓ જટા ધારી કે દાઢી ધારી જ હતા.મહાભારત, રામાયણ કાળમાં દરેક સંતોનો વેશ-પહેરવેશ જ સાદો રહેતો. દરેકની જટા, દાઢી કે મુછો આકર્ષક રહેતી. દરેકનું કાર્યક્ષેત્ર પણ અલગ તરી આવતું. સમય જતાં અનેક પરિવર્તનો આવ્યાં અને ફેરફારો થતા ગાય. છતાં આજે પુરાણ સમયના દાઢી ધારી, જટાધારી કે મુછો વાળા મુનીઓ, ઋષિઓ તથા તેમનો પ્રભાવ ભુલાશે નહીં.

# ઈથેનોલથી દારૂ સુધીઃ એક રસાયણની અનેક ઓળખ

**દારૂ અને ઈથેનોલ શબ્દો આજકાલ ઘણી વખત એકસાથે સાંભળવા મળે છે. ખાસ કરીને પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ, દેશી દારૂ, ગેરકાયદેસર દારૂ અને દારૂમાં થતી ભેળસેળ જેવી બાબતોની ચર્ચા થાય ત્યારે ઈથેનોલનું નામ વારંવાર સામે આવે છે. પરિણામે સામાન્ય માણસના મનમાં એક સ્વાભાવિક પ્રશ્ન ઊભો થાય છે કે આખરે ઈથેનોલ છે શું? શું ઈથેનોલ એટલે જ દારૂ? શું દેશી દારૂમાં ઈથેનોલ હોય છે? અને પેટ્રોલમાં ભળતું ઈથેનોલ પણ એ જ હોય છે કે અલગ?**

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

સામાન્ય માન્યતા એવી છે કે હવે પેટ્રોલમાં દારૂ ભેળવીને નવા પ્રકારનું પેટ્રોલ બનાવવામાં આવી રહ્યું છે.સૌથી પહેલાં એ સમજવું જરૂરી છે કે ઈથેનોલ અને દેશી દારૂ એક જ વસ્તુ નથી. ઈથેનોલ એક ચોક્કસ પ્રકારનું રસાયણ છે, જ્યારે દેશી દારૂ એક પ્રકારનું આલ્કોહોલિક પીણું છે, જેમાં નશાકારક અસર કરતો મુખ્ય આલ્કોહોલ સામાન્ય રીતે ઈથેનોલ હોય છે.

ઈથેનોલને એથાઈલ આલ્કોહોલ પણ કહેવામાં આવે છે. તેનું રાસાયણિક સૂત્ર $C_2H_5OH$ છે. રાસાયણિક સૂત્ર એટલે કોઈ પદાર્થ કયા તત્ત્વોથી બનેલો છે તેની ટૂંકી ઓળખ. સામાન્ય વાચક માટે આ સૂત્ર યાદ રાખવું જરૂરી નથી. એટલું સમજવું પૂરતું છે કે ઈથેનોલ એક ચોક્કસ રાસાયણિક પદાર્થ છે.

શેરડીના રસથી ઈથેનોલ સુધીની સફર સમજવી જરૂરી છે.ઈથેનોલ કેવી રીતે બને છે તે સમજવા માટે શેરડીનું ઉદાહરણ સૌથી સરળ છે. શેરડીમાંથી ખાંડ બનાવવામાં આવે છે. ખાંડ બનાવવાની પ્રક્રિયા પછી એક ગાઢ અને મીઠો પ્રવાહી બચે છે, જેને મોલાસિસ કહેવામાં આવે છે. સરળ ભાષામાં કહીએ તો મોલાસિસ એટલે ખાંડ બનાવ્યા પછી બચતો ગાઢ મીઠો રસ.

આ મોલાસિસમાં રહેલી ખાંડને ખાસ પ્રકારના સૂક્ષ્મજીવોની મદદથી આલ્કોહોલમાં ફેરવી શકાય છે. આ પ્રક્રિયાને ફર્મેન્ટેશન કહેવામાં આવે છે. ફર્મેન્ટેશનનો સીધો અર્થ છે—ખાંડને ખાસ સૂક્ષ્મજીવોની મદદથી આલ્કોહોલમાં ફેરવવાની પ્રક્રિયા.

આ પ્રક્રિયા પછી મળેલા પ્રવાહીમાં આલ્કોહોલ હોય છે. ત્યારબાદ તેમાં રહેલા વિવિધ પદાર્થોને અલગ કરવા માટે ડિસ્ટિલેશન કરવામાં આવે છે. ડિસ્ટિલેશન એટલે પ્રવાહીમાં રહેલા અલગ-અલગ પદાર્થોને તેમના ઉકળવાના તાપમાનના તફાવતનો ઉપયોગ કરીને અલગ કરવાની પ્રક્રિયા.આ રીતે ઈથેનોલ મેળવી શકાય છે. જોકે ઈથેનોલ બનાવવાની રીત માત્ર શેરડી પૂરતી મર્યાદિત નથી. મકાઈ, અનાજ અને ખાંડ અથવા સ્ટાર્ચ ધરાવતા અન્ય કૃષિ કાચા માલમાંથી પણ ઈથેનોલ બનાવી શકાય છે.

અહીંથી એક મહત્વની વાત સમજાય છે કે ઈથેનોલ કોઈ એક દારૂનું નામ નથી. તે એક રસાયણ છે, જેનો ઉપયોગ અલગ-અલગ ક્ષેત્રોમાં થાય છે.

દેશી દારૂમાં ઈથેનોલની ભૂમિકા કેવી છે તે જાણવું જોઈએહવે દેશી દારૂ તરફ આવીએ. દેશી દારૂ એક પ્રકારનું આલ્કોહોલિક પીણું છે. તેમાં નશાકારક અસર કરતો મુખ્ય આલ્કોહોલ ઈથેનોલ હોય છે. પરંતુ દેશી દારૂને શુદ્ધ ઈથેનોલ માનવું યોગ્ય નથી.

આ વાતને ચાના ઉદાહરણથી સમજીએ. ચામાં પાણી હોય છે, પરંતુ ચા માત્ર પાણી નથી. તેમાં ચાની પત્તી, દૂધ, ખાંડ અને અન્ય ઘટકો હોય છે. એ જ રીતે દેશી દારૂમાં ઈથેનોલ સાથે પાણી અને ઉત્પાદનની રીત પ્રમાણે અન્ય ઘટકો પણ હોઈ શકે છે.એટલે ઈથેનોલ અને દેશી દારૂનો સંબંધ એવો છે કે ઈથેનોલ દેશી દારૂનો મુખ્ય નશાકારક ઘટક હોઈ શકે છે, પરંતુ દેશી દારૂ પોતે ઈથેનોલ નથી.આ તફાવત સમજવો ખૂબ જરૂરી છે, કારણ કે "ઈથેનોલ એટલે દારૂ" જેવી સરળ સમજણ ઘણી વખત ગેરસમજ ઊભી કરી શકે છે.

પેટ્રોલમાં ભળતું ઈથેનોલ અને પીવાના દારૂનો આલ્કોહોલ.ઈથેનોલનું નામ હવે માત્ર દારૂની ચર્ચામાં જ નહીં, પરંતુ પેટ્રોલના સંદર્ભમાં પણ સાંભળવા મળે છે. ભારતમાં પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવાનો ઉપયોગ કરવામાં આવે છે. તેનો મુખ્ય હેતુ પેટ્રોલિયમ પરની નિર્ભરતા ઘટાડવા અને કૃષિ આધારિત કાચા માલમાંથી બનેલા ઈંધણનો ઉપયોગ વધારવાનો છે.

પરંતુ અહીં એક મહત્વપૂર્ણ ગેરસમજ દૂર કરવી જરૂરી છે. પેટ્રોલમાં ઉપયોગમાં લેવાતું ઈથેનોલ જોઈને તેને પીવાના દારૂ સાથે સરખાવવું યોગ્ય નથી.

રાસાયણિક રીતે ઈથેનોલ એક જ પ્રકારનો પદાર્થ હોઈ શકે છે, પરંતુ તેનો ઉપયોગ કયા હેતુ માટે કરવામાં આવે છે તે અત્યંત મહત્વનું છે. ઔદ્યોગિક અથવા ઈંધણ માટે બનાવવામાં આવેલા ઉત્પાદનો માનવ સેવન માટે બનાવવામાં આવતા નથી. તેમની ગુણવત્તા, શુદ્ધતા અને તેમાં રહેલા અન્ય ઘટકો ઉપયોગના હેતુ પ્રમાણે નક્કી થાય છે.એટલે પેટ્રોલમાં ભળતું ઈથેનોલ છે એટલે તેને પી શકાય એવું માનવું ગંભીર ભૂલ છે. કોઈપણ ઔદ્યોગિક પ્રવાહીને માત્ર તેના નામ પરથી માનવ સેવન માટે યોગ્ય માનવું જોખમી છે.ઈથેનોલનો ઉપયોગ સેનિટાઇઝર, સોલ્વન્ટ અને વિવિધ ઔદ્યોગિક ઉત્પાદનોમાં પણ થાય છે. અહીં સોલ્વન્ટનો અર્થ એવો પ્રવાહી છે જે બીજા કેટલાક પદાર્થોને ઓગાળવામાં મદદ કરે છે. આથી સ્પષ્ટ થાય છે કે ઈથેનોલની ઉપયોગિતા દારૂથી ઘણી વિશાળ છે.ઈથેનોલ અને મિથેનોલઃ નામ સરખાં, અસર અલગ.દારૂ અંગેની ચર્ચામાં સૌથી ગંભીર બાબત ઈથેનોલ અને મિથેનોલનો તફાવત છે. બંનેના નામ થોડા મળતા આવે છે, પરંતુ બંને અલગ રસાયણો છે.

ઈથેનોલને એથાઈલ આલ્કોહોલ કહેવામાં આવે છે, જ્યારે મિથેનોલને મેથાઈલ આલ્કોહોલ કહેવામાં આવે છે. મિથેનોલ અત્યંત ઝેરી પદાર્થ છે. તે શરીરમાં પહોંચે તો ગંભીર ઝેરની અસર થઈ શકે છે. તેની અસર આંખોની દૃષ્ટિ પર પડી શકે છે અને ગંભીર કિસ્સામાં મૃત્યુ પણ થઈ શકે છે.આ કારણે ગેરકાયદેસર અથવા ભેળસેળવાળા દારૂની ઘટનાઓ અત્યંત ચિંતાજનક બની શકે છે. જો આવા દારૂમાં માનવ સેવન માટે યોગ્ય ન હોય તેવા પદાર્થો ભળેલા હોય તો તેનું પરિણામ ગંભીર બની શકે છે.

અહીં એક સામાન્ય ગેરસમજ પણ દૂર કરવી જરૂરી છે. કોઈ પ્રવાહી સળગી જાય, તેની ગંધ આલ્કોહોલ જેવી આવે અથવા તેનો રંગ સામાન્ય દારૂ જેવો લાગે એટલે તે પીવા યોગ્ય છે એવું કહી શકાય નહીં. કોઈ પ્રવાહી માનવ સેવન માટે સલામત છે કે નહીં તે તેની રચના અને ગુણવત્તાની તપાસ વિના નક્કી કરી શકાતું નથી.દેશી દારૂ અને ગેરકાયદેસર દારૂમાં પણ તફાવત છે.દેશી દારૂ એટલે હંમેશાં ગેરકાયદેસર દારૂ એવું માનવું યોગ્ય નથી. કાયદેસર રીતે બનાવવામાં આવતું દેશી દારૂ નિર્ધારિત નિયમો અને ગુણવત્તાના ધોરણો હેઠળ આવી શકે છે.બીજી તરફ, પરવાનગી વગર બનાવવામાં આવતું અથવા તેમાં ભેળસેળ કરવામાં આવતું દારૂ અલગ બાબત છે. આવા ઉત્પાદનમાં શું છે તેની વિશ્વસનીય ખાતરી ન હોવાથી આરોગ્ય માટે ગંભીર જોખમ ઊભું થઈ શકે છે.આથી "દેશી" શબ્દને "ઝેરી" અથવા "ગેરકાયદેસર" સાથે સીધો જોડવો પણ યોગ્ય નથી. દારૂ કાયદેસર રીતે બનાવવામાં આવ્યો છે કે નહીં અને તે ગુણવત્તાના ધોરણોને અનુસરે છે કે નહીં—આ બાબતો વધુ મહત્વની છે.

લોકોમાં આ પ્રકારની ગેસ સમજો વધી રહી છે તે જાગૃતિથી જ ગેરસમજ દૂર થશે.ઈથેનોલ વિશેની ચર્ચા આપણને એક મહત્વનો પાઠ આપે છે. એક જ રસાયણનો ઉપયોગ અલગ-અલગ ક્ષેત્રોમાં થઈ શકે છે, પરંતુ દરેક ઉપયોગ માટે તેની ગુણવત્તા અને ઉત્પાદનની પ્રક્રિયા એકસરખી હોય એવું જરૂરી નથી.શેરડીમાંથી મળતા મોલાસિસમાંથી ફર્મેન્ટેશન દ્વારા આલ્કોહોલ બનાવી શકાય છે. ત્યારબાદ ડિસ્ટિલેશન જેવી પ્રક્રિયા દ્વારા ઈથેનોલ મેળવી શકાય છે. આ ઈથેનોલનો ઉપયોગ દારૂ, ઈંધણ, સેનિટાઈઝર અને ઉદ્યોગ જેવા જુદા-જુદા ક્ષેત્રોમાં થઈ શકે છે. પરંતુ તેનો અર્થ એ નથી કે દરેક પ્રકારનું ઈથેનોલ માનવ સેવન માટે યોગ્ય છે.આખી વાતને એક વાક્યમાં સમજવી હોય તો કહી શકાય કે ઈથેનોલ એક રસાયણ છે, જ્યારે દેશી દારૂ એ ઈથેનોલ ધરાવતું એક પ્રકારનું પીણું છે.અને આ સાથે બીજી વાત પણ યાદ રાખવી




જરૂરી છે—મિથેનોલ ઈથેનોલ નથી. તે અલગ અને અત્યંત ઝેરી પદાર્થ છે.આજના સમયમાં જ્યારે દારૂમાં ભેળસેળ અને ગેરકાયદેસર દારૂ અંગેની ઘટનાઓ સામે આવતી રહે છે, ત્યારે લોકોમાં સાચી માહિતી પહોંચાડવી ખૂબ જરૂરી છે. કોઈ અજાણ્યા સ્ત્રોતમાંથી મળતા દારૂને માત્ર દેખાવ, ગંધ કે સળગવાની ક્ષમતાના આધારે સલામત માનવો નહીં. માનવ સેવન માટે બનાવવામાં ન આવેલા ઔદ્યોગિક આલ્કોહોલથી પણ દૂર રહેવું જરૂરી છે.વિજ્ઞાનની ભાષા મુશ્કેલ હોઈ શકે, પરંતુ તેનો સંદેશ સરળ છે—ઈથેનોલ, દેશી દારૂ અને મિથેનોલ ત્રણેયને એક જ વસ્તુ સમજવી નહીં. સાચી ઓળખ, યોગ્ય ગુણવત્તા અને સાવચેતી જ જીવનની સુરક્ષા માટે સૌથી મહત્વપૂર્ણ છે.

# દ્રવિડ પછી ભારતીય ટીમના કાયમી મુખ્ય કોચ પદ માટે વીવીએસ લક્ષ્મણનો સંપર્ક કરાયો હતો

નવીદિલ્હી,
રાહુલ દ્રવિડ પછી જ્યારે ટીમ ઈન્ડિયા માટે નવા મુખ્ય કોચની શોધ શરૂ થઈ, ત્યારે વીવીએસ લક્ષ્મણનું નામ પણ સૌથી આગળ હતું. લક્ષ્મણ લાંબા સમયથી ભારતીય ટીમ સાથે સંકળાયેલા હતા અને ઘણી વખત વચગાળાના કોચ તરીકે સેવા આપી હતી. આમ છતાં, તેમને ૨૦૨૪ માં કાયમી મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ન હતા. હવે, ભૂતપૂર્વ ભારતીય બેટ્સમેને પોતે આ નિર્ણય પાછળનું કારણ સમજાવ્યું છે.

ભારત અને શ્રીલંકા વચ્ચે બે મેચની ટેસ્ટ શ્રેણી ૧૫ ઓગસ્ટથી શરૂ થવાની છે. પહેલી મેચ ગાલે ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ માટે દાવેદારી જાળવી રાખવા માટે બંને ટીમો માટે આ શ્રેણી મહત્વપૂર્ણ છે. દરમિયાન, વીવીએસ લક્ષ્મણે સમજાવ્યું કે ૨૦૨૪ માં રાહુલ દ્રવિડના ગયા પછી તેમણે ભારતીય ટીમના કાયમી મુખ્ય કોચ બનવાની ઓફર કેમ નકારી કાઢી.



લક્ષ્મણે સમજાવ્યું કે તત્કાલીન બીસીસીઆઈ સચિવ જય શાહ અને વર્તમાન સચિવ દેવજીત સૈકિયાએ તેમને તેમના વિઝનને અનુસરવા માટે સંપૂર્ણ સ્વતંત્રતા આપી હતી. તેથી જ તેમણે મુખ્ય કોચ બનવાને બદલે બીસીસીઆઈના સેન્ટર ઓફ એક્સેલન્સમાં તેમની ભૂમિકા ચાલુ રાખવાનો નિર્ણય લીધો. વીવીએસ લક્ષ્મણે જણાવ્યું કે તેમણે બીસીસીઆઈને સીઈઓમાં તેમનો કાર્યકાળ બે વર્ષ લંબાવવા અને મુખ્ય કોચનું પદ ન સંભાળવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. લક્ષ્મણે એ પણ ખુલાસો કર્યો કે ૨૦૨૪ માં મુખ્ય કોચ બનવા માટે તેમનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

લક્ષ્મણના મતે, તેમનું ધ્યાન સીઓઈની અંદર એક મજબૂત અને વિશ્વ-સ્તરીય કાર્યક્રમ બનાવવા પર હતું. તેમણે જણાવ્યું હતું કે તેમના બે વર્ષના કાર્યકાળ પછી આગળ વધતા પહેલા, તેઓ સંસ્થાના વિવિધ વિભાગો માટે જરૂરી એસઓપી (સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર) વિકસાવવા માંગતા હતા.લક્ષ્મણે કહ્યું કે તેમને સીઓઇ ખાતે કામ કરવાની તક મળી અને ટીમના સમર્થનથી ત્યાં એક વર્લ્ડ-ક્લાસ પ્રોગ્રામ સ્થાપિત કરવાનો આનંદ થયો. તેમના મતે,બીસીસીઆઈએ તેમને તેમના વિઝનને અમલમાં મૂકવાની સ્વતંત્રતા આપી હતી, અને વર્તમાન સેક્રેટરી તેમને ટેકો આપવાનું ચાલુ રાખે છે. આ જ કારણ છે કે તેમણે ટીમ ઈન્ડિયાના કાયમી મુખ્ય કોચનું પદ સ્વીકારવા કરતાં સીઓઇ ખાતેની તેમની જવાબદારીઓને પ્રાથમિકતા આપી.

# દક્ષિણ આફ્રિકાની ટીમ પર કોઈ વધારાનું દબાણ નહીં આવે : કાગીસો રબાડા




નવીદિલ્હી,
દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલર કાગીસો રબાડા માને છે કે ઘરે ૨૦૨૭ ના વનડે વર્લ્ડ કપને લઈને ટીમ પર કોઈ વધારાનું દબાણ નથી. રબાડાએ કહ્યું કે ટીમ પોતાનો મજબૂત ઘરઆંગણે રેકોર્ડ જાળવી રાખશે અને વર્લ્ડ કપ જીતવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે, અને ખેલાડીઓને પોતાના પર સંપૂર્ણ વિશ્વાસ છે.

દક્ષિણ આફ્રિકા ૨૦૨૭ માં ઝિમ્બાબ્વે અને નામિબિયા સાથે ૫૦ ઓવરના વર્લ્ડ કપની ૧૪મી આવૃત્તિનું સહ-યજમાન બનશે. તાજેતરના વર્ષોમાં ત્રણેય ફોર્મેટમાં ટીમના પ્રદર્શનને જોતાં, ઉચ્ચ અપેક્ષાઓ વધારે છે. દક્ષિણ આફ્રિકાએ ૨૦૨૫ માં લોર્ડ્સમાં ઓસ્ટ્રેલિયાને હરાવીને પ્રથમ વખત આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ જીતી હતી. ટીમે તાજેતરમાં વ્હાઈટ-બોલ ક્રિકેટમાં પણ પ્રભાવશાળી પ્રદર્શન કર્યું છે.

જોકે, રબાડા માને છે કે આ સફળતાઓ અને ઘરઆંગણે દર્શકો સામે રમવાની અપેક્ષાઓ ટીમ પર કોઈ વધારાનું દબાણ નહીં લાવે. જોહાનિસબર્ગમાં આઈસીસીના ૨૦૨૭ સ્થળ અને બ્રાન્ડ જાહેરાત કાર્યક્રમમાં બોલતા, રબાડાએ આઈસીસીને કહ્યું, "મને લાગે છે કે અમારા માટે હજુ ઘણું બધું બાકી છે. તે થોડી સ્વતંત્રતા પણ છે. મને ઘરે રમવાનું કોઈ દબાણ નથી લાગતું અને વર્લ્ડ કપ જીતવાની જરૂર નથી લાગતી."

# સરફરાઝ ખાનની ટેસ્ટ ટીમમાં વાપસી , પિતા નૌશાદ ખાન સાથેનો ફોટો શેર કર્યો

નવીદિલ્હી,
લાંબી રાહ જોયા પછી ભારતીય ટેસ્ટ ટીમમાં વાપસીથી સરફરાઝ ખાનના ચહેરા પર સ્મિત આવી ગયું છે. ઈજાને કારણે શ્રીલંકા સામેની બે મેચની ટેસ્ટ શ્રેણીમાંથી બહાર થયેલા સાઈ સુદર્શનના સ્થાને સરફરાઝનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. પસંદગી થયા પછી તરત જ, સરફરાઝે સોશિયલ મીડિયા પર પોતાની પહેલી પ્રતિક્રિયા આપી અને તેના પિતા નૌશાદ ખાન સાથેનો ફોટો શેર કરીને આ ખાસ ક્ષણને યાદ કરી. સરફરાઝે ટીમ ઈન્ડિયાની ટ્રેનિંગ કીટ પહેરેલો પોતાનો ફોટો પોસ્ટ કર્યો. તેના પિતા અને કોચ નૌશાદ ખાન પણ તેની સાથે જોવા મળ્યા હતા. તેના પિતાએ




સરફરાઝના ક્રિકેટ કારકિર્દીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, અને ટીમ ઈન્ડિયામાં તેના વાપસી પ્રસંગે તેની સાથેનો ફોટો શેર કરવાથી એક ખાસ સંદેશ મળે છે.ભારતીય ટીમમાં તેની પસંદગી થયા પછી, સરફરાઝે સોશિયલ મીડિયા પર ઘણા ફોટા શેર કર્યા. આમાં, તે ટીમ ઈન્ડિયા કીટ પહેરેલો જોવા મળ્યો હતો, જ્યારે એક ફોટામાં, તેના પિતા તેની સાથે બેઠા જોવા મળ્યા હતા. અગાઉ, ૭ ઓગસ્ટના રોજ, સરફરાઝે ૨૦૧૯ ની તેલુગુ ફિલ્મ જર્સીનો એક ફોટો પણ પોસ્ટ કર્યો હતો. તેની સાથે, તેણે લખ્યું હતું કે તે દરેક જગ્યાએ ફિટ ન થઈ શકે, પરંતુ તે પોતાની બધી શક્તિથી લડતો રહેશે. તેની પોસ્ટ હવે વાયરલ થઈ ગઈ છે.સરફરાઝ લાંબા સમયથી ભારતીય ટીમની યોજનાઓમાંથી બહાર હતો. તેણે છેલ્લે નવેમ્બર ૨૦૨૪ માં ન્યુઝીલેન્ડ સામે ટેસ્ટ રમી હતી. તે ઘરઆંગણે ભારતને ૦-૩ થી હારનો સામનો કરવો પડ્યો હતો. સરફરાઝે ન્યૂઝીલેન્ડ સામેની બીજી ટેસ્ટમાં શાનદાર સદી ફટકારી હતી અને તે શ્રેણીમાં ભારતના મુખ્ય બેટ્સમેનોમાંનો એક હતો. આ છતાં, તે પછી ભારતીય ટીમમાં પોતાનું સ્થાન મજબૂત કરી શક્યો ન હતો. તેને ૨૦૨૪-૨૫ બોર્ડર-ગાવસ્કર ટ્રોફી માટે ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો, પરંતુ પાંચ ટેસ્ટ મેચની શ્રેણીમાં તે એક પણ મેચ રમ્યો ન હતો.

# ડેવાલ્ડ બ્રેવિસે ૯૭-મીટર લાંબી નો-લુક સિક્સ ફટકારીને ધ હન્ડ્રેડમાં હલચલ મચાવી

બર્મિંગહામ,
ક્રિકેટમાં છગ્ગો મારવો એ કંઈ નવું નથી, પરંતુ જો બેટ્સમેન બોલને જોવાની પણ તસ્દી લેતો નથી અને બોલ હજુ પણ સીધો સીમા પાર જાય છે, તો તે એક ખાસ દૃશ્ય છે. ડેવાલ્ડ બ્રેવિસે ધ હન્ડ્રેડ ૨૦૨૬માં કંઈક આવું જ હાંસલ કર્યું. દક્ષિણ આફ્રિકાના બેટ્સમેને ૯૭-મીટર નો-લુક સિક્સ ફટકારીને લંડન સ્પિરિટની જીતમાં એક અનોખો સ્પર્શ ઉમેર્યો.બ્રિવિસના અણનમ ૫૫ અને લિયામ લિવિંગસ્ટોનના ધમાકેદાર ૬૬ રનની મદદથી લંડન સ્પિરિટે બર્મિંગહામ ફોનિક્સને સાત વિકેટથી હરાવ્યું. ૧૬૩ રનના લક્ષ્યનો પીછો કરતા, લંડન સ્પિરિટે માત્ર ૮૨ બોલમાં ૧૬૬/૩ સુધી પહોંચી ગયા, અને ૧૮ બોલ બાકી રહેતા મેચ જીતી લીધી.



લંડન સ્પિરિટેની ઈનિંગમાં, બ્રેવિસે ૩૧ બોલમાં અણનમ ૫૫ રન બનાવ્યા. તેની ઈનિંગનો મુખ્ય મુદ્દો તેનો ૯૭-મીટર નો-લુક સિક્સર હતો. દક્ષિણ આફ્રિકાના બેટ્સમેનએ બોલ પર સંપૂર્ણ તાકાતથી હુમલો કર્યો, તેને હવામાં અને બાઉન્ડ્રીની ઉપર ઉંચો ઉડાવ્યો. શોટ પૂરો કર્યા પછી પણ બ્રેવિસે તેનું માથું નીચું રાખ્યું. તેનો હાવભાવ તરત જ સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બની ગયો.

લક્ષ્યનો પીછો કરતી વખતે લંડન સ્પિરિટે જોની બેયરસ્ટોને માત્ર ૧૦ રન માટે ગુમાવી દીધો. ત્યારબાદ લિયામ લિવિંગસ્ટોન અને બ્રેવિસે ઈનિંગને સંપૂર્ણપણે બદલી નાખી. તેઓએ ૧૦૩ રનની શાનદાર ભાગીદારી કરી અને બર્મિંગહામ ફોનિક્સને મેચમાંથી લગભગ બહાર કરી દીધો. લિવિંગસ્ટોન તેના ભૂતપૂર્વ ક્લબ સામે પોતાના તત્વમાં હતો. તેણે માત્ર ૩૦ બોલમાં ૬૬ રન બનાવ્યા, જેમાં ૧૦૪ મીટરનો એક જબરદસ્ત છગ્ગો પણ સામેલ હતો. બીજી તરફ, બ્રેવિસ અંત સુધી ક્રીઝ પર રહ્યો, ટીમને સરળતાથી લક્ષ્ય સુધી પહોંચાડી ગયો.અગાઉ, ધીમી શરૂઆત છતાં, બર્મિંગહામ ફોનિક્સે ૧૦૦ બોલમાં ૧૬૨/૪ સુધી પહોંચ્યું.

# ખતરોં કે ખિલાડીમાંથી વિશાલ આદિત્ય સિંહ પહેલા અઠવાડિયામાં શોમાંથી બહાર થતા ચાહકો નિરાશ

મુંબઇ,
રોહિત શેટ્ટીનો શો 'ખતરોં કે ખિલાડી ૧૫' શરૂ થઈ ગયો છે, અને પહેલું એલિમિનેશન થયું છે. આ એલિમિનેશનથી સોશિયલ મીડિયા યુઝર્સને નિરાશ કર્યા છે, કારણ કે કોઈએ અપેક્ષા નહોતી કરી કે આટલો મજબૂત સ્પર્ધક પહેલા અઠવાડિયામાં શોમાંથી બહાર થઈ જશે. “ખતરોં કે ખિલાડી” ની આ સીઝનમાં નવા સ્પર્ધકો અને અનુભવીઓ બંને છે, જેમાં સ્પર્ધકો બે જૂથોમાં પરફોર્મ કરી રહ્યા છેઃ નવા અને જૂના. બિગ બોસ ૧૯ ના વિજેતા ગૌરવ ખન્ના પણ શોમાં પ્રવેશ્યા છે, અને તાજેતરના એક એપિસોડમાં, તેઓ “પનૌતી” ટેગ વિશે ચર્ચા કરતા જોવા મળ્યા હતા. દરમિયાન, અનુભવી સ્પર્ધક વિશાલ આદિત્ય સિંહ શોમાંથી બહાર થઈ ગયા હતા, જેના કારણે અભિનેતાના ચાહકો નિરાશ થયા હતા.

તાજેતરના એક એપિસોડમાં, સ્પર્ધકોએ ગરમ મીણનો સમાવેશ કરતો એક પીડાદાયક સ્ટંટ કરવો પડ્યો હતો. આ ટાસ્કમાં, ચાર સ્પર્ધકો - રૂબીના દિલૈક, રૂહાનિકા ધવન, વિશાલ આદિત્ય સિંહ અને હર્ષ ગુજરાલ - ને તેમના હાથ પર ગરમ મીણ એકત્રિત કરવું પડ્યું. આ ટાસ્ક અત્યંત પીડાદાયક હતો. જ્યારે હોસ્ટ રોહિત શેટ્ટીએ ટાસ્ક સમજાવ્યો, ત્યારે બધા સ્પર્ધકો ગભરાઈ ગયા. તેમણે સમજાવ્યું કે સ્ટંટ ૧૦ મિનિટ સુધી ચાલશે, અને જો કોઈ સ્પર્ધકને લાગે કે તેઓ ચાલુ રાખી શકતા નથી, તો તેઓ ગમે ત્યારે પાછા ફરી શકે છે. જે સ્પર્ધક સૌથી વધુ મીણ એકત્રિત કરશે તેને ટાસ્કનો વિજેતા જાહેર કરવામાં આવશે અને તે એલિમિનેશનથી સુરક્ષિત રહેશે.

સ્ટંટ શરૂ થાય તે પહેલાં, રૂહાનિકા ધવન ભાવુક થઈ ગઈ અને રડવા લાગી. રૂબીનાએ તેને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કર્યો, પણ સ્વીકાર્યું કે તે ખૂબ ડરી રહી છે. રૂબીના દિલૈકે કહ્યું, “આપણે બધા ડરી ગયા છીએ, મારા ગળામાં દુખાવો થઈ રહ્યો છે. આ પીડા સહન કરવા માટે મારે મારી બધી શક્તિ અને ધીરજનો ઉપયોગ કરવો પડશે.” કાર્ય દરમિયાન વિશાલ આદિત્ય સિંહ પણ ડરેલા દેખાયા.

# પ્રીતિ ઝિન્ટાએ જન્મદિવસની શુભેચ્છાનો જવાબ ન આપ્યો : બિગ બીએ કેબીસી સેટ પર ફરિયાદ કરી

મુંબઇ,
પ્રીતિ ઝિન્ટા અને અમિતાભ બચ્ચન વચ્ચેની રમુજી વાતચીતનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં, તમે જોઈ શકો છો કે અમિતાભ બચ્ચન પ્રીતિ ઝિન્ટાને મજાકમાં ફરિયાદ કરી રહ્યા હતા જ્યારે તેણી અભિનેતા સની દેઓલ સાથે "કૌન બનેગા કરોડપતિ" માં દેખાઈ હતી. બંને કલાકારો તેમની આગામી ફિલ્મ "પાર્ટીશન ૧૯૪૭" ના પ્રમોશન માટે શોમાં હતા. બોલીવુડ સુપરસ્ટારે પ્રીતિ ઝિન્ટાને જન્મદિવસની શુભેચ્છા પાઠવવાનો એક જૂનો કિસ્સો યાદ કર્યો અને કહ્યું કે અભિનેત્રીએ ક્યારેય તેમના સંદેશાઓનો જવાબ આપ્યો નથી.



શોના નવા પ્રોમોમાં, અમિતાભે પ્રીતિને કહ્યું, "મને તમારી સામે મોટી ફરિયાદ છે. હું દર વર્ષે ૩૧ જાન્યુઆરીએ તમારા જન્મદિવસ પર તમને શુભેચ્છા પાઠવું છું, અને તમે એક વાર પણ જવાબ આપ્યો નથી." પ્રીતિએ મજાકમાં જવાબ આપ્યો, "ના... અમિત જી, હું હંમેશા તમને જવાબ આપું છું, પણ એક અઠવાડિયા પછી."આ પછી, અમિતાભ બચ્ચને પુરાવા તરીકે એક જૂનું ટ્વિટ બતાવ્યું, જેમાં તેમણે પ્રીતિ ઝિન્ટાને તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી અને એમ પણ કહ્યું કે તે ક્યારેય તેમના સંદેશાઓનો જવાબ આપતી નથી. ટ્વિટમાં લખ્યું હતું, "પ્રીતિ ઝિન્ટા...!! તમે જ્યાં પણ હોવ, કારણ કે તમે મારા એમ,એમએસનો જવાબ આપવાનો ઈનકાર કર્યો હતો... હા હા... જન્મદિવસની શુભકામનાઓ... ખૂબ ખૂબ પ્રેમ અને ખુશી.' બંને સ્ટાર્સ વચ્ચેની આ મજેદાર વાતચીતથી દર્શકોમાં હાસ્ય છવાઈ ગયું.અમિતાભ બચ્ચન અને પ્રીતિ ઝિન્ટાએ 'મોહબ્બતેં', 'કભી અલવિદા ના કહેના' અને 'ધ લાસ્ટ લિયર' સહિત ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યું છે. 'કૌન બનેગા કરોડપતિ' પર તેમના પુનઃમિલનથી ચાહકોને તેમની ઉત્તમ ઑફ-સ્ક્રીન કેમેસ્ટ્રીની ઝલક પણ મળી.પ્રીતિ ઝિન્ટા અને સની દેઓલ તેમની આગામી ઐતિહાસિક ડ્રામા ફિલ્મ 'પાર્ટીશન ૧૯૪૭'ના પ્રમોશન માટે 'કૌન બનેગા કરોડપતિ'માં જોડાયા. આ ફિલ્મ ભારતના ભાગલાની પૃષ્ઠભૂમિ પર આધારિત છે અને દેશના ઈતિહાસની સૌથી મહત્વપૂર્ણ ઘટનાઓમાંની એકના માનવીય ભોગને દર્શાવે છે. આ ફિલ્મનું નિર્માણ આમિર ખાન દ્વારા કરવામાં આવ્યું છે. રાજકુમાર સંતોષી દ્વારા દિગ્દર્શિત, "બટવારા ૧૯૪૭" સની દેઓલ અને સંતોષીના સહયોગની વાપસી દર્શાવે છે. અગાઉ, તેઓએ "ઘાયલ," "દામિની," અને "ઘાયલઃ લેથલ" જેવી ફિલ્મોમાં સાથે કામ કર્યું છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ | મો | વિ | બૂ | સા | ત | ણ | વિ | ર | ઇ | ર | ક્ષ |
| સ | ભો | ર | ચા | લી | લ | કા | ર | મો | તી | ક | વિ |
| બા | ણિ | અ | આ | ર | આ | સ | ગી | બિ | શિ | ર | વા |
| દ | અઃ | સ | મો | શિ | ણા | મ | ક | મા | કા | ક્ષ | કા |
| લી | ઉ | જ્ઞા | ધ | ર | ળ | બં | બ | કા | જ | ક | ક |
| કા | ગ | શ | ધ | બ | ર | સા | તી | ધ | શિ | ન | ધ |
| હા | ર | બં | ધ | ણ | ક | ચા | અ | ર | ગ | ઉ | બ |
| વિ | જ્ઞા | ન | કા | બ | ર | મો | ધ | શિ | ક્ષ | ણ | બા |
| ર | શિ | ર | ણિ | ણિ | ચા | ર | બા | લ | કા | ર | પ્ર |
| જ | ચી | રા | મ | સા | કા | ડો | હા | બ | સા | ગી | સ |
| ગ | ધ | ધ | દ | મા | લી | કુ | મા | ખ | ર | ક | અ |
| સ | ર | વા | ળો | ક્ષ | શિ | ર | બં | વા | કા | ઇ | ડી |

શબ્દ શોધો: **મોભો, રણકાર, બારસાખ, વિચારણા, વિજ્ઞાન, શિક્ષક, શિક્ષણ, સરવાળો, સાલસ, હારબંધ**

# "ઈશ્કનામા"ના શૂટિંગ દરમિયાન શહેનાઝ ગિલના ગળામાં નોઝ રિંગ ફસાઈ ગઈ હતી

મુંબઇ,
શહેનાઝ ગિલ હવે સૌથી લોકપ્રિય સેલિબ્રિટીઓમાંની એક બની ગઈ છે. સોશિયલ મીડિયા પર લાખો લોકો તેને ફોલો કરે છે. તે ફિલ્મ ઉદ્યોગમાં પણ સતત સક્રિય રહે છે. તાજેતરમાં, શહેનાઝ ગિલની નવી ફિલ્મ, "ઈશ્કનામા" રિલીઝ થઈ હતી, અને તેને દર્શકો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો. આ દરમિયાન, સનાએ ફિલ્મના શૂટિંગનો એક વીડિયો શેર કર્યો છે, જેનાથી તેના ચાહકો ચિંતામાં મુકાઈ ગયા છે. વીડિયોમાં, શહેનાઝ સતત ગૂંગળામણ અને ખાંસી ખાતી દેખાય છે, જ્યારે સહ-કલાકાર સૌરભ સચદેવ તેને મદદ કરતો જોવા મળે છે. વીડિયો શેર કરતા, શહેનાઝે શૂટિંગ દરમિયાન થયેલા એક અકસ્માત વિશે સમજાવ્યું.




શહેનાઝ ગિલે વીડિયો શેર કર્યો છે, જેમાં સમજાવ્યું છે કે "ઈશ્કનામા" ના શૂટિંગ દરમિયાન તેની નાકની વીંટી તેના ગળામાં ફસાઈ ગઈ હતી, જેના કારણે તે ગૂંગળાવી ગઈ હતી. વીડિયો શેર કરતા, તેણીએ સમજાવ્યું છે કે એક તીવ્ર દ્રશ્ય દરમિયાન તેની નાકની વીંટી આકસ્મિક રીતે તેના ગળામાં ફસાઈ ગઈ હતી. જોકે, તેણીએ શૂટિંગ બંધ ન કર્યું અને તેણીનો શોટ પૂર્ણ કર્યો. વીડિયોમાં, શહેનાઝ તેના ગળામાંથી નાકની વીંટી કાઢવાનો પ્રયાસ કરતી જોવા મળે છે અને બેચેન દેખાય છે. આવી સ્થિતિમાં, સૌરભ તેને મદદ કરતો જોઈ શકાય છે.વીડિયો શેર કરતાં શહેનાઝ ગિલે કેપ્શનમાં લખ્યું, "વીડિયો પહેલા... પડદા પાછળની થોડી વાર્તા. તમારામાંથી ઘણાએ મને નોઝ રિંગનો વીડિયો શેર કરવાનું કહ્યું." વીડિયો સામે આવ્યા પછી, ચાહકોએ સનાના સ્વાસ્થ્ય માટે ચિંતા વ્યક્ત કરી. એકે ટિપ્પણી કરી, "સના, સ્વાસ્થ્ય પહેલા આવે છે. તમારી સંભાળ રાખો, તમે ખૂબ જ ખાસ છો." બીજાએ લખ્યું, "સના, સાવચેત રહો. અમે તમને ખૂબ પ્રેમ કરીએ છીએ. તમારી સંભાળ રાખો." બીજાએ લખ્યું, "હું તમારા કામ પ્રત્યેના પ્રેમ અને જુસ્સાની પ્રશંસા કરું છું, પણ તમારી સંભાળ રાખો.

# બિગ બોસ ૧૯ ફેમ નેહલ ચુડાસમાએ તેના બોયફ્રેન્ડ અમીન ઘેશમતીની સાથેના કેટલાક ફોટા શેર કર્યા

મુંબઇ,
'બિગ બોસ ૧૯' ફેમ નેહલ ચુડાસમાએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા અમીન ઘેસ્મતી સાથેના તેના સંબંધને સત્તાવાર બનાવ્યો છે. અભિનેત્રી અને મોડેલે તાજેતરમાં એક એવોર્ડ શોમાં અમીનને તેના પતિ તરીકે દર્શાવતી પોસ્ટ્સને સંબોધિત કરી હતી. તેણીએ હવે આ બાબતની સ્પષ્ટતા કરી છે, અને કહ્યું છે કે બંને હજુ સુધી લગ્ન કર્યા નથી. નેહલ ચુડાસમા અને અમીન ઘેશમતીના લગ્નની અફવાઓ ત્યારે શરૂ થઈ જ્યારે તેણીએ દુલ્હનના પોશાકમાં એક અજાણ્યા પુરુષનો હાથ પકડીને પોતાનો ફોટો પોસ્ટ કર્યો, અને પોસ્ટના કેપ્શને બધાને આશ્ચર્યચકિત કરી દીધા. આ અફવાઓ વચ્ચે, મિસ દિવા યુનિવર્સ ૨૦૧૮ નેહલ ચુડાસમાએ તેના બોયફ્રેન્ડ અમીન ઘેશમતીની સાથેના કેટલાક ફોટા શેર કર્યા છે અને પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો છે.

નેહલ ચુડાસમાએ સોશિયલ મીડિયા પર અમીન ઘેશમતીની સાથેના ચાર ફોટા શેર કર્યા છે અને લખ્યું છે, "મેં તેને કહ્યું હતું કે કેપ્શનમાં 'પતિ' શબ્દનો ઉપયોગ ન કરે કારણ કે અમે



હજી લગ્ન કર્યા નથી, પરંતુ અમે એકબીજાના પ્રેમમાં છીએ." તેના કેપ્શને તરત જ ચાહકોનું ધ્યાન ખેંચ્યું, કારણ કે તેણીએ ખુલ્લેઆમ અમીન પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કર્યો અને સ્પષ્ટ કર્યું કે તેઓ હજી લગ્ન કર્યા નથી. તેઓ ફક્ત ગર્લફ્રેન્ડ અને બોયફ્રેન્ડ છે. આ વાયરલ પોસ્ટના કેપ્શનમાં, તેણીએ સ્પષ્ટ કર્યું કે તે અમીનને તેનો પતિ કહેવા માંગતી નથી, પરંતુ તેઓએ તેમના સંબંધને સત્તાવાર બનાવી દીધો છે.

# રાજકોટ જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિની બેઠકમાં ૨૩૪૬ લાખના કામો મંજુર

## સમિતિ હસ્તકના કામો સારા અને સમયમર્યાદામાં જોઈએ: અધ્યક્ષ ભારતીબેન હુંબલની સૂચના

રાજકોટ,

રાજકોટ જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિની બેઠક અધ્યક્ષ ભારતીબેન એમ.હુંબલની અધ્યક્ષતામાં મળેલ જેમાં કાર્યપાલક ઈજનેર એસ.આર. પટેલ, સમિતિના સભ્યો અર્જુન ખાટરિયા, દીપક ગાજીપરા, લાલજીભાઈ તળાવિયા અને અન્યએ અધિકારીઓ હાજર રહયા હતા.

જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિની બેઠક આ અધ્ય૧ક્ષ શ્રીમતી ભારતીબેન મજબુતભાઈ હુંબલની અધ્યક્ષતામાં મળેલ જેમાં ૨૨૬૪.૫૯ લાખના કામો મંજુર કરવામાં આવેલ સમિતિના અધ્યક્ષ અને સભ્યોએ સમિતિ હસ્તકના મકાન, રસ્તા, પુલ વગેરેના કામો સમયસર સારી ગુણવતા સાથે પૂરા કરવા અધિકારીઓને ટકોર કરેલ સમિતિ ગમે ત્યારે ગમે તે કામની ચકાસણી કરશે. તેમ જણાવાયું હતું.



રાજકોટ જીલ્લા પંચાયતની જાહેર બાંધકામ સમિતિની બેઠક અધ્યક્ષશ્રી ભારતીબેન મજબુતભાઈ હુંબલનો અધ્યક્ષસ્થાને જીલ્લા પંચાયત, રાજકોટના બાંધકામ સભાખંડમાં મળેલ તેમા બાંધકામ સમિતિના અધિકારના કુલ રૂપીયા ૮૨.૦૭ લાખના કામો મંજુર કરવામા આવેલ છે. તેમજ આંગણવાડી બિલ્ડીગના રાજકોટ તાલુકાના-૨. ગોડલ/કોટડાસાંગાણી તાલુકાના -૧૪, પડધરી/લોધીકા તાલુકાના-૦૯, જસદણ તાલુકાના-૬, વિંછીયા તાલુકાના-૮. જેતપુર તાલુકાના-૧૧, ધોરાજી/જામકંડોરણા તાલુકાના-૪, ઉપલેટા તાલુકાના-૨ તથા ગ્રામ પંચાયત ઓફિસ બિલ્ડીંગ ગોંડલ તાલુકાના-૨૨. રાજકોટ તાલુકાના-૦૩ તથા રસ્તાલના કામોની રૂપીયા ૨૨૬૪.૫૯ લાખના કામોની કારોબારી સમિતિમાં ટેન્ડરો મંજુર કરવા ભલામણ કરવામાં આવી ુલ ૨૩૪૬૬૬ લાખના કામો મંજુર કરાયા હતા.

# રાજકોટ શહેરમાં એક સપ્તાહમાં તાવ, ઝાડા- ઉલ્ટીના ૨૪૨૬ કેસ નોધાયા

## મનપા દ્વારા ૧,૧૬,૨૨૫ ઘરોમાં પોરાનાશક કામગીરી: મચ્છર ઉત્પતિ સબબ ૫૫૧ને નોટીસ

રાજકોટ,

રાજકોટ શહેરમાં હાલ ચોમાસાની સીઝનમાં પાણીજન્યા રોગચાળાના કેસમાં છેલ્લા સપ્તાહમાં ઉછાળો જોવા મળ્યોપ છે. કેમ કે, શરદી, તાવ, ઉધરસ સહિતના ૨૪૨૬થી વધુ કેસ નોંધાયા હોય છે. તેમજ મચ્છરજન્ય રોગચાળાના બે કેસ નોંધયા છે. આ અંગે મ્યુ. કોર્પોરેશનની સતાવાર માહિતી મુજબ તા.૩ થી ૮ ઓગષ્ટ સુધીમાં નોંધાયેલ રોગચાળાના કેસની વિગત આ મુજબ છે.

શરદી તાવના ૨૪૨૬ થી વધુ કેસ: શહેરમાં શરદી-ઉધરસના કેસ ૯૫૭ તેમજ સામાન્યધ તાવના ૯૫૪ અને ઝાડા ઉલ્ટીના કેસ ૪૬૫ સહિત કુલ ૨૪૨૬ થી વધુ દર્દીઓ નોંધાયા હતા. જયારે સીઝનમાં શરદી-ઉધરસના કેસ ૨૪૪૭૫ તેમજ સામાન્ય તાવના ૨૩૧૯૬ અને ઝાડા ઉલ્ટીના કેસ ૮૯૨૪ તથા ટાઈફોઈડના ૨૬ તેમજ કમળાના ૩૭ કેસ નોંધાયા છે.

શહેમાં છેલ્લા સપ્તાહમાં મચ્છરજન્ય એટલે કે મેલેરીયા,ડેન્યુ, ચિકનગુનિયાના બે કેસ નોંધાયા છે. જયારે સીઝનમા ડેન્યુના ૨૧, મેલેરીયાના ૮ તથા ચિકનગુનિયાના ૧ કેસ નોંધાયા છે.

# રાજકોટમાં પુરૂષાર્થ યુવક મંડળ દ્વારા ઉપલાકાંઠાના ટોપટેન વિદ્યાર્થીઓનું સન્માન



રાજકોટ,

શ્રી પુરુષાર્થ યુવક મંડળ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સમગ્ર પૂર્વ ઝોનના ધોરણ ૧૦ અને ૧૨ના ટોપ-૧૦ તથા શાળા પ્રથમ એમ કુલ ૧૩૬ તેજસ્વીવ વિદ્યાર્થીઓનો ૩૪મો સન્માન કાર્યક્રમ યોજાયો હતો.જેમાંસર્વેવિદ્યાર્થીઓનેસ્વ. વિજયાબા બેચરભા પરમાર તથા સ્વ.દશરથગીરી પ્રેમગીરી ગોસ્વામીની સ્મૃતિમાં શ્રી ચંદુભા બેચરભા પરમાર અને પ્રેમગીરીજી ગોસ્વામી તરફથી શિલ્ડ આપવામાં આવ્યા. કાર્યક્રમમાં અધ્યક્ષપદે રાજકોટના મેયર ડો. નેહલભાઈ શુકલ રશહેર ભાજપ અધ્યક્ષ ડો. માધવભાઈ દવે, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ ચેરમેન પરેશભાઈ પીપળીયા, દંડક સંજયસિહ રાણા, શહેર ભાજપ મડામંત્રી વલ્લ ભભાઈ દુધાત્રા, લલિતભાઈ વાડોલિયા, યોગેન્દ્રસિંહ જાડેજા, શિલ્ડના દાતા પ્રેમગિરિજી ગોસ્વામી, ચંદુભા પરમાર, ગિફ્ટના દાતા શ્રી ઘનકોટ, રશૈલેષભાઈ વોરા, પરિમલભાઈ પરડવા, વિશાલભાઈ ડિરાણી, બ્રહ્માકુમારી એકતાદીદી, કોર્પોરેટર કાળુભાઈ કુગસિયા, ભરતભાઈ લીંબાસીયા, સંજયભાઈ ચાવડા, નિલેશભાઈ હેરભા, કંકુબેન ઉઘરેજા, રસીલાબેન સાકરીયા, રાજેશ્રીબેન માલવિયા, સ્મિતાબેન ગોંડલ, ધર્મિષ્ઠાબેન પરમાર, પૂનમબેનુ મોરવાડીયા, રાજદીપસિહ જાડેજા, વિરમભાઈ રબારી અને મનસુખભાઈ કોદાળા ઉપસ્થિત રહ્યા હતા.

# પડધરીમાં વિશ્વ આદિવાસી દિવસની ભવ્યતાથી ઉજવણી: પરંપરાગત નૃત્ય સાથે રેલી



રાજકોટ,

વિશ્વ આદિવાસી દિવસ નિમિતે પડધરી - તરઘડી એકલવ્ય ગ્રુપ દ્વારા ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવેલ. જે મોવૈયા સર્કલ થી પ્રારંભ થયેલ. બજાર, દરવાજા ચોક પરથી પસાર થયેલ. જેમાં આદિવાસી સમુદાયના યુવાનો, નાના ભૂલકાઓ, તેમજ મહીલાઓ બહોળી સંખ્યામાં જોડાયેલ. તેઓના પરંપરાગત નૃત્યો અને સંસ્કૃતિ કળા,ડી. જે.ના તાલે સૌનું આકર્ષણનું કેન્દ્રે બનેલ. ભવ્ય રેલી દરમ્યાન 'સંયમ શિસ્ત' એ એક ગૌરવ સાથે નોંધનીય રહેલ. રેલીનું સમાપન ધ્વજવંદન ચોક ખાતે આવેલ. ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર કરવામાં આવેલ.

તેમજ ડો. બાબાસાહેબ આંબેડકર અને મુળ નિવાસી મહા નામકોને સલામી આપવામાં આવેલ. જય જોહર... જય ભીમ... જય જોહર કા નારા હૈ ભારત દેશ હમારા હૈ... નારાથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. રેલી ને સફળ બનાવવા માટે એકલવ્ય ગ્રુપના આયોજકો થોભણભાઈ જીવાભાઈ ચૌહાણ (ભીલ), રાજેશભાઈ રાયમલભાઈ ચૌહાણ (ભીલ), પ્રમુખ ગોવિંદભાઈ રાયમલભાઈ ચૌહાણ (ભીલ), વેરશીભાઈ રાયમલભાઈ ચૌહાણ (ભીલ), કારૂભાઈ વિશાલભાઈ પરમાર (ભીલ), ભીમજીભાઈ અરજણભાઈ પરમાર (ભીલ) જહેમત ઉઠાવેલ.

# રાજકોટ જીલ્લામાં થેલેસેમીયાગ્રસ્ત બાળકોને મળતી સારવારમાં ક્ષતિઓ દુર કરો: ગાયત્રીબા વાઘેલા

## ''કેલ્કર'' દવાના અપુરતા જથ્થા સહિતના મુદ્દે મુખ્ય મંત્રીને રજુઆત: જવાબદાર તંત્ર સામે પગલા ભરવા માંગ

રાજકોટ,

રાજકોટ સિવિલ હોસ્પિતટલમાં સારવાર લેતા થેલેસેમીયાગ્રસ્ત બાળકોને લઈ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમીટીના વાઈસ પ્રેસીડેન્ટા શ્રીમતિ ગાયત્રીબા અશોકસિંહ વાઘેલાએ મુખ્યમંત્રીને રજુઆત કરી સારવારમાં ગંભીર ક્ષતિઓ દુર કરી જવાબદાર તંત્ર સામે પગલા ભરવા માંગ કરી છે.



રજુઆતમાં સિવિલમાં સારવાર લેતાં થેલેસેમીયા ગ્રસ્ત બાળકોને લઈ બાળકો અને દર્દીઓને જીવન રક્ષક સારવાર આપવા વિવિધ મુદ્દાઓ ધ્યોને લઈ તાત્કાલીક કાર્યવાહી કરવા રજુઆત કરાઈ છે. જે મુદ્દાઓમાં થેલેસેમીયાગ્રસ્ત બાળકો માટે જરૂરી ''કેલ્કર'' દવાનો જથ્થો કે જે છેલ્લા કેટલાક મહિલાઓથી જરૂરી ઉપલબ્ધ માત્રામાં મળતો નથી જેથી દવાના અભાવે આ દર્દીઓના જીવન સામે જોખમ સર્જાયું છે. દર્દીઓ માટે જરૂરી સેવા ''ડેસ્ફેરાલ'' ઈન્જેકશન પણ વર્ષોથી બંધ કરી દેવામાં આવ્યા છે. જેના જથ્થાની પણ ત્વરીત વ્યવસ્થા કરવામાં નહીં આવે તો દર્દીઓની સારવાર સામે જોખમ તોળાઈ રહ્યું છે.

# રાજકોટમાં આંગણવાડી કર્મચારીઓની પડતર માંગણીઓ મામલે રેલી: આવેદન

## લાંબા સમયથી પડતર માંગણીઓ - કથિત શોષણના વિરોધમાં આંગણવાડી વર્કર અને હેલ્પરો મેદાને આવ્યા

રાજકોટ,

રાજ્યમાં લાંબા સમયથી પડતર માંગણીઓ અને કથિત શોષણના વિરોધમાં આંગણવાડી વર્કર અને હેલ્પરો મેદાને આવ્યા છે. 'સેન્ટર ઓફ ઈન્ડિયન ટ્રેડ યુનિયન' સંલગ્ન ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન દ્વારા એક પત્રિકા જારી કરીને સપ્ટેમ્બર મહિનામાં યોજાનાર ''જબ્બર મહા પડાવ'' માં મોટી સંખ્યામાં જોડાવવા અપીલ કરવામાં આવી છે. સંગઠને સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે, ''જબ્બર પડાવ સિવાય હવે કોઈ રસ્તો નથી,'' અને સરકારે તાત્કાલિક નિર્ણાયક બેઠક બોલાવી પ્રશ્નોનો ઉકેલ લાવવો જોઈએ. રાજકોટ ખાતે આંગણવાડીની ૫૦૦ જેટલી બહેનોએ હોસ્પિટલ



ચોકથી કલેક્ટર કચેરી સુધી વિશાળ રેલી યોજીને આવેદનપત્ર પાઠવ્યું હતું.

કોરોના રસીકરણ અને પોલિયો નાબૂદી જેવા મહત્વના અભિયાનોમાં ૧૦૦% સહયોગ છતાં કર્મચારીઓનું શોષણ થઈ રહ્યું છે. તેમને બીએલઓ વસ્તી ગણતરી અને હદ તો એ છે કે કુતરા ગણવાની કામગીરી પણ સોંપવામાં આવે છે. બિલ મોડા મળવા છતાં આંગણવાડી બહેનોએ ગુજરાતમાં એક પણ બાળકને પોષણ આહાર વિના રહેવા દીધું નથી અને જરૂર પડ્યે સ્વખર્ચે પોષણ આહાર પૂરો પાડ્યો છે. વર્ષ ૨૦૧૮ પછી કેન્દ્ર સરકારે વેતનમાં કોઈ વધારો કર્યો નથી. ગુજરાત હાઈકોર્ટે વ્યાજબી પગાર નક્કી કરી આપ્યો હોવા છતાં, સરકારે તે ચૂકવવાને બદલે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી છે. વર્ષ ૨૦૨૨માં ગ્રેચ્યુટી અંગેના ચુકાદામાં પણ પગારો ઓછા હોવાનું સ્પષ્ટ થયું હોવા છતાં વેતનમાં વધારો કરાયો નથી.

# રાજકોટમાં મરચા પાઉડરના ભેળસેળિયા વેપારીને રૂ.દોઢ લાખના દંડની સજા

રાજકોટ,રાજકોટ શહેરમાં એપ્રિલ-૨૦૧૭માં શહેરના સોરઠિયાવાડી સર્કલ પાસેની મરચા પીઠમાંથી મનહરલાલ સાતા નામના વેપારીને ત્યાથી ઘાતક કેમીકલ કલર ચડાવેલા મરચા પાંઉડરના સેમ્પલ ફેઈલ થયા હતા. તેની સામેનો કેસ ચાલી જતા આજે છેક નવ વર્ષે આ વેપારીને એક મહિનાની જેલ અને રૂ.દોઢ લાખના દંડની સજા કોર્ટે ફટકારી છે.

રાજકોટ શહેરમાં ૧૮ એપ્રિલ ૨૦૧૭ના રોજ સોરઠિયાવાડી સર્કલ પાસે ભરાતી મરચા પીઠમાં મનહરલાલ સાતા નામના એક વેપારીને ત્યાથી મરચા પાંઉડરના સેમ્પલ લેવાયા હતા. લેબોરેટરી પરિક્ષણમાં ચોંકાવનારો રિપોર્ટ આવ્યો હતો. હલકી ગુણવતાના મરચાનો પાંઉડર કરી તેમા કલર ચડાવવા માટે ડાયમાં વપરાય તેવો ઘાતક કેમીકલયુક્ત કલરનું મિશ્રણ કરવામા આવતુ હતુ. આવુ મરચુ જો નિયમિત પેટમાં જાય તો આંતરડા, હોજરી, ગળાનું કેન્સર થઈ શકે છે.વેપારી મનહરલાલ સાતા સામે કોર્ટમાં કેસ દાખલ થયો હતો. મનપા તરફથી કોર્ટમાં લેબોરેટરી પરિક્ષણ રિપોર્ટ, મરચા પાંઉડરમાં થયેલા ઘાતક કલરની આરોગ્ય ઉપર થતી અસરના તબીબી સચોટ તારણો સહિતના પુરાવા રજુ થયા હતા. નવ વર્ષ સુધી આ કેસ ચાલ્યો. આટલા વર્ષ પછી વેપારીને સજા મળી છે. કોર્ટે વેપારી મનહરલાલ સાતાને એક માસની જેલની સજા અને રૂ.દોઢ લાખનો દંડનો હુકમ કર્યો હતો

# સહકારી બેંકોની અમ્બ્રેલા સંસ્થા એનયુસીએફડીસી દિલ્હીથી મુંબઈ ખસેડાશે: અમિત શાહ

## યુસીબીને આધુનિક ક્ષમતાઓ સુધી પહોંચવામાં-સક્ષમ બનાવવામાં એનયુસીએફડીસીની મહત્વપૂર્ણ ભૂમિકા રહેશે : જ્યોતીન્દ્ર મહેતા



**કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે મુંબઈમાં એનયુસીએફડીસીની નવી કચેરીનું ઉદ્ઘાટન કર્યું. શહેરી સહકારી બેંકિંગ ક્ષેત્રને આધુનિક બનાવવા માટેની મહત્વપૂર્ણ વિવિધ પહેલોનું અનાવરણ કરાયું બેંક ઈન અ બોક્સ અને NFSU સાથે સમગ્ર ક્ષેત્ર માટે સાયબર સુરક્ષા ફ્રેમવર્કનું લોન્ચિંગ સહકાર CBSના પ્રારંભિક સ્વીકારક તરીકે છ UCBsનું સન્માન**

રાજકોટ

ભારતના શહેરી સહકારી બેંકિંગ એટલે કે અર્બન કોઓપરેટિવ બેક્કિંગ (યુસીબી) ક્ષેત્રમાં ટેક્નોલોજી આધારિત પરિવર્તન, સાયબર રેઝિલિયન્સ અને સંસ્થાકીય ક્ષમતા નિર્માણ તરફ એક મહત્વપૂર્ણ પગલા તરીકે, માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે યુસીબી ક્ષેત્રને મજબૂત બનાવવા માટેનો રોડમેપ રજૂ કર્યો. આ સાથે મુંબઈના બીએસઈ ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે શહેરી સહકારી બેંકો માટેની અમ્બ્રેલા સંસ્થા નેશનલઅર્બન કો-ઓપરેટિવ ફાઈનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (દ્નિઝ્રહ્લઙ્ઘઝ્ર)ની ડિજિટલ અને સંસ્થાકીય પહેલોની શ્રેણીનો પ્રારંભ કર્યો. આ પહેલોમાં બેંક ઈન અ બોક્સનો પણ સમાવેશ થાય છે, જે યુસીબીને એન્ડ-ટુ-એન્ડ બેંકિંગ ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવા માટે તૈયાર કરવામાં આવેલું એક સંકલિત મેનેજડ ટેક્નોલોજી પ્લેટફોર્મ છે. સમગ્ર ક્ષેત્રમાં સાયબર સુરક્ષા અને સાયબર રેઝિલિયન્સને મજબૂત બનાવવા માટે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (એનએફએસયુ) સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરવામાં આવી છે. તેમજ સહકાર CBSના પ્રારંભિક સ્વીકારક તરીકે છ યુસીબીનું સન્માન કરવામાં આવ્યું.સહકાર ઝમ્જીએ શહેરી સહકારી બેંકો માટે એનયુસીએફડીસીનું કોર બેંકિંગ સોલ્યૂશન છે. આ કાર્યક્રમ દરમિયાન ''ઓપરેશનલ રિસ્ક મેનેજમેન્ટ એન્ડ રેઝિલિયન્સ''નું પણ લોન્ચિંગ કરવામાં આવ્યું. આ યુસીબી માટેની એક વ્યવહારુ હેન્ડબુક છે, જે ભારતીય રિઝર્વ બેંકના ભૂતપૂર્વ ડેપ્યુટી જનરલ મેનેજર અને વિજય કો-ઓપરેટિવ બેંક તથા અમદાવાદ મર્કેન્ટાઈલ કો-ઓપરેટિવ બેંકના ભૂતપૂર્વ જનરલ મેનેજર શ્રી જી. પી. મિસ્ત્રી દ્વારા લખવામાં આવી છે. શ્રી અમિત શાહે મુંબઈમાં એનયુસીએફડીસીની નવી કચેરીનું પણ ઉદ્ઘાટન કર્યું, જે સંસ્થાની સંસ્થાકીય સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. એનયુસીએફડીસીએ પોતાની રજિસ્ટર્ડ ઓફિસ દિલ્હીથી મુંબઈ ખસેડવાનો નિર્ણય લીધો છે, જે મુંબઈને શહેરી સહકારી બેંકો, સહકારી સંસ્થાઓ, નીતિ નિર્માતાઓ, ટેક્નોલોજી ભાગીદારો અને અન્ય હિતધારકો સાથેના તેના જોડાણ માટેના મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે સ્થાપિત કરશે. મુંબઈ સ્થિત નવી કચેરી એનયુસીએફડીસીની ક્ષેત્ર સાથે નજીકથી કામ કરવાની, સભ્ય બેંકોને સહાય પૂરી પાડવાની અને સંકલિત રીતે સમગ્ર ક્ષેત્રને આવરી લેતી પહેલોને આગળ ધપાવવાની ક્ષમતાને વધુ મજબૂત બનાવશે.

આ કાર્યક્રમમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ, સહકાર મંત્રાલયના સચિવ શ્રી આશિષ કુમાર ભુટાણી, આઈએએસ, સહકાર મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ, દેશભરની શહેરી સહકારી બેંકોના અધ્યક્ષો, નિયામક મંડળના સભ્યો અને શેરધારકો, રાજ્ય સહકારી ફેડરેશનો અને જિલ્લા સહકારી બેંકોના પ્રતિનિધિઓ, નીતિ નિર્માતાઓ, નિયમનકારો, ટેક્નોલોજી ભાગીદારો અને અન્ય મુખ્ય હિતધારકો પણ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમની શરૂઆત એનયુસીએફડીસીના ચેરમેન શ્રી જ્યોતિન્દ્ર એમ. મહેતાના સ્વાગત સંબોધનથી થઈ હતી. ત્યારબાદ એનયુસીએફડીસીની કોર્પોરેટ ફિલ્મનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેમાં ટેક્નોલોજીથી સજ્જ, સુરક્ષિત અનેભવિષ્ય માટે તૈયાર શહેરી સહકારી બેંકિંગ ક્ષેત્રનું નિર્માણ કરવાની સંસ્થાની દ્રષ્ટિ રજૂ કરવામાં આવી હતી. સભાને સંબોધતા માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે: ''એનયુસીએફડીસી શહેરીસહકારી બેંકોની બેંકિંગ સેવાઓને આધુનિક, પારદર્શક અને વિશ્વસનીય બનાવીને તેમને નવું જીવન આપશે. ટેક્નોલોજી, ડિજિટલ બેંકિંગ, સાયબર સુરક્ષા, ડિજિટલ ફોરેન્સિક્સ અને છેતરપિંડી તથા મ્યુલ એકાઉન્ટ્સની ઓળખ માટે મ્યુલહન્ટર જેવી એઆઈ આધારિત સિસ્ટમ્સના માધ્યમથી એનયુસીએફડીસી નાની બેંકોને પણ પરવડે તેવા ખર્ચે અદ્યતન બેંકિંગ ક્ષમતાઓ સુધી પહોંચવામાં સક્ષમ બનાવશે. આનાથી બેંકિંગ સિસ્ટમની સુરક્ષા વધુ મજબૂત થશે, થાપણદારોનો વિશ્વાસ વધશે અને શહેરી સહકારી બેંકોને વધુ મજબૂત પાયા પર સ્પર્ધા કરવા માટે તૈયાર કરવામાં આવશે. એનયુસીએફડીસીના ચેરમેન શ્રી જ્યોતિન્દ્ર એમ. મહેતાએ શહેરી સહકારી બેંકિંગ ક્ષેત્રને મજબૂત બનાવવા અંગે વાત કરતાં જણાવ્યું હતું કે, ''શહેરી સહકારી બેંકોની પાયાના સ્તરે મજબૂત હાજરી છે અને સમુદાયો, ઉદ્યોગસાહસિકો તથા સ્થાનિક અર્થતંત્રને સહયોગ આપવામાં તેઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારત વધુ ટેક્નોલોજી આધારિત અને સમાવેશી નાણાકીય વ્યવસ્થા તરફ આગળ વધી રહ્યું છે સામૂહિક રીતે, આ પહેલો ટેક્નોલોજી અપનાવવાની પ્રક્રિયાને સરળ બનાવવામાં, ખર્ચની કાર્યક્ષમતામાં સુધારો કરવામાં અને ઓપરેશનલ તથા સાયબર રેઝિલિયન્સને મજબૂત બનાવવામાં મદદ કરશે. આના પરિણામે તમામ કદની યુસીબીબદલાતી નિયમનકારી જરૂરિયાતોને પૂર્ણ કરી શકશે અને સુરક્ષિત, સરળ તથા ગ્રાહક-કેન્દ્રિત બેંકિંગ સેવાઓ પૂરી પાડી શકશે.''

# યુનાઈટેડ સ્ટેટ્સ તેહરાન પ્રત્યેનો પોતાનો અભિગમ બદલશે નહીં ત્યાં સુધી હોર્મુઝ જળમાર્ગ બંધ રહેશે : ઈરાન

## હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવા માટે ઈરાને સાત શરતો મૂકી અમેરિકાને તેનું વર્તન સુધારવા કહ્યું

તેહરાન,

ઈરાને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટે નવી અને દૂરગામી શરતો જાહેર કરી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે જ્યાં સુધી યુનાઈટેડ સ્ટેટ્સ તેહરાન પ્રત્યેનો પોતાનો અભિગમ બદલશે નહીં ત્યાં સુધી જળમાર્ગ બંધ રહેશે. મધ્ય પૂર્વમાં તણાવ સતત વધી રહ્યો છે, યુએઈએ રાજ્ય સંચાલિત ઉર્જા કંપની છ્ર્દ્ભ્ર્દ્ભઝ ની માલિકીના જહાજ પર ઈરાની મિસાઈલ હુમલાની જાણ કરી છે.

દરમિયાન, યમનની સેનાએ ઈરાન સમર્થિત હુતી બળવાખોરો સામે હુમલા શરૂ કર્યા છે, જ્યારે તુર્કીની સંસદે દેશના કુર્દિશ બળવાખોરો સાથે શાંતિ પ્રક્રિયાને ટેકો આપવાના હેતુથી પ્રસ્તાવિત કાયદા પર એક પગલું આગળ વધ્યું છે. શનિવારે મધ્ય પૂર્વમાંથી મુખ્ય વિકાસ અહીં છે.

ઈરાને હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટે શરતો નક્કી કરી છે

એપી દ્વારા અહેવાલ મુજબ, ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલે કહ્યું કે જ્યાં સુધી યુનાઈટેડ સ્ટેટ્સ "તેનું વર્તન સુધારે નહીં" ત્યાં સુધી હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલશે નહીં. ઈરાની રાજ્ય પ્રસારણકર્તા દ્વારા પ્રકાશિત એક નિવેદન અનુસાર, સચિવ મોહમ્મદ બાઘર ઝોલ્ઘાદરે, જે ઈરાનના શક્તિશાળી રિવોલ્યુશનરી ગાર્ડના કમાન્ડર પણ છે, તેમણે કહ્યું કે વોશિંગ્ટને ઈરાન અને આ ક્ષેત્રમાં તેના સાથી સશસ્ત્ર



જૂથો સાથે યુદ્ધ કાયમી ધોરણે સમાપ્ત કરવું જોઈએ. ઈરાને એવી પણ માંગણી કરી છે કે અમેરિકા:-ઈરાનને ફરી ક્યારેય ધમકી ન આપે,ઈરાની બંદરો પરનો નૌકાદળનો નાકાબંધી હટાવો,આ ક્ષેત્રમાંથી તેના લશ્કરી દળોને પાછા ખેંચો,યુદ્ધ સંબંધિત નુકસાન માટે ઈરાનને વળતર આપો,પ્રતિબંધો હટાવો,સ્થિર ઈરાની સંપત્તિઓને "બિનશરતી" મુક્ત કરો. તાજેતરની માંગણીઓ પર અમેરિકા તરફથી કોઈ તાત્કાલિક પ્રતિભાવ મળ્યો ન હતો. જૂનમાં થયેલા વચગાળાના કરાર હેઠળ, પ્રતિબંધો, વળતર અને સ્થિર ઈરાની સંપત્તિઓ પર ચર્ચાઓ અંતિમ કરારનો ભાગ બનવાની અપેક્ષા હતી. વાટાઘાટો માટે નિર્ધારિત ૬૦ દિવસનો સમયગાળો ફક્ત એક અઠવાડિયામાં સમાપ્ત થવાનો છે, જોકે તેને સંભવિત રીતે લંબાવી શકાય છે. ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ શનિવારે અગાઉ કહ્યું હતું કે તેહરાન ઓમાન સાથે સામુદ્રધુનીના સંચાલન પર, ખાસ કરીને જહાજો માટે પરિવહન માર્ગ નક્કી કરવા પર એક અલગ કરાર પર પહોંચવાની નજીક છે.

# દિલ્હીમાં વિદ્યાર્થી વિરોધ પ્રદર્શનના મુદ્દા પર સરકાર ગૃહમાં ચર્ચા કરવા તૈયાર છે,રિજિજુ

## રાહુલ ગાંધીએ ગૃહમંત્રી પાસેથી વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન અંગે સંસદમાં નિવેદન આપવાની માંગ કરી હતી

નવીદિલ્હી,

ચોમાસા સત્ર દરમિયાન વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પર સંસદમાં ચર્ચા કરવાની વિપક્ષની માંગ સાથે સરકારે સંમતિ આપી છે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આજે સંસદની બહાર મીડિયાને આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે સરકાર આ બાબતે વિગતવાર ચર્ચા કરશે અને દરેક મુદ્દા પર જવાબ આપશે. ગૃહમંત્રી ગૃહમાં જવાબ આપશે. જોકે, રિજિજુએ કહ્યું કે વિપક્ષે સરકારનો જવાબ સાંભળવો જોઈએ. એવું નથી કે જ્યારે સરકારના ગૃહમંત્રી જવાબ આપવાનું શરૂ કરે



છે, ત્યારે વિપક્ષે બૂમો પાડવાનું અને હંગામો કરવાનું શરૂ કરવું જોઈએ અથવા ગૃહમાંથી ભાગી જવું જોઈએ. તેમણે સરકારનો જવાબ સાંભળવો જોઈએ. હકીકતમાં, સોમવારે લોકસભાની કાર્યવાહી ખોરવાઈ ગઈ હતી, કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી સહિત વિપક્ષી પક્ષોના સભ્યો દ્વારા રામ મંદિરમાં પ્રસાદની ચોરી અને દિલ્હીમાં પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહી અંગે ગૃહમંત્રી અમિત શાહના નિવેદનની માંગણીને કારણે પ્રશ્નકાળ અને શૂન્યકાળ ખોરવાઈ ગયો હતો. લોકસભા સવારે ૧૧ વાગ્યે શરૂ થતાં જ કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી સહિત વિપક્ષી પક્ષોના સભ્યોએ અયોધ્યામાં રામ મંદિરમાં પ્રસાદની ચોરી અને દિલ્હીમાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહી અંગે ગૃહમંત્રી અમિત શાહ પાસેથી નિવેદન માંગીને હંગામો શરૂ કરી દીધો.

# મણિપુર હિંસાના કેસોની સુનાવણી માટે બે ખાસ અદાલતો સ્થાપવામાં આવશે : સુપ્રીમ કોર્ટ

## જે કેસોમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે તેની માહિતી એક જગ્યાએ સંકલિત કરવા નિર્દેશ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે સોમવારે મણિપુર અને આસામની સરકારોને અન્ય સંબંધિત અધિકારીઓ સાથે મળીને ૨૦૨૩ માં મણિપુરમાં વંશીય હિંસા સંબંધિત કેસોની સુનાવણી માટે બે ખાસ અદાલતો સ્થાપવાનું વિચારણા કરવા કહ્યું, જેની તપાસ સીબીઆઈ અને એનઆઈએ દ્વારા કરવામાં આવી રહી છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વી. મોહનની બનેલી બેન્ચે મણિપુરમાં વંશીય હિંસા સંબંધિત કેસોની તપાસની સ્થિતિ વિશે પૂછપરછ કરી. બેન્ચે એવો પણ નિર્દેશ આપ્યો કે જે કેસોમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે તેની માહિતી એક જગ્યાએ સંકલિત કરવામાં આવે. આનાથી પીડિતો, તેમના પરિવારો અને કાનૂની સલાહકારો સંબંધિત દસ્તાવેજો ઍક્સેસ કરી શકશે.

કોર્ટે આદેશ આપ્યો કે અધિકારીઓ બે અલગ-અલગ વિશેષ અદાલતો સ્થાપવાનો વિચાર કરે, એક મણિપુર હિંસા સંબંધિત સીબીઆઇ કેસોની સુનાવણી માટે અને બીજી એનઆઈએ કેસોની સુનાવણી માટે. સંબંધિત હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલે આગામી સુનાવણી પહેલાં આ સંદર્ભમાં સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવો જોઈએ. સીજેઆઈએ કહ્યું કે બેન્ચે તપાસ પર દેખરેખ રાખવા માટે એક મિકેનિઝમ સ્થાપિત કરી છે અને આવી તપાસ સંબંધિત રિપોર્ટ્સ અંગે સૂચનાઓ પણ જારી કરી છે.

# સુપ્રિયા સુલે સહિત આઠ એનસીપી સાંસદોની પીએમ નરેન્દ્ર મોદી સાથે મુલાકાતથી રાજકીય અટકળો

નવીદિલ્હી

ભારતીય ગઠબંધનના મુખ્ય સાથી શરદ પવારની પાર્ટીના સાંસદો આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળવાના છે. એનસીપી શરદ પવાર જૂથના નેતા અને સાંસદ સુપ્રિયા સુલેના નેતૃત્વમાં, પાર્ટીના તમામ આઠ સાંસદોએ આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા. પીએમ મોદી સાથેની મુલાકાત લગભગ ૧૫ થી ૨૦ મિનિટ ચાલી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બેઠક દરમિયાન સાંસદોએ તેમના સંબંધિત મતવિસ્તારોને લગતા અનેક મુદ્દાઓ ઉઠાવ્યા. બીડના સાંસદ બજરંગ સોનાવણેએ માંગ કરી હતી કે સોલાપુરના ઉજાની



ડેમમાંથી બીડ જિલ્લાને પાણી પૂરું પાડવામાં આવે.

આ દરમિયાન, શિરુરના સાંસદ અમોલ કોલ્હેએ નાસિક-પુણે રેલ્વે લાઇન પર ચાલી રહેલા વિવાદનો મુદ્દો ઉઠાવ્યો. ભિવંડીના સાંસદ બાલુ મામા મ્હાત્રેએ માંગ કરી હતી કે નવી મુંબઈ એરપોર્ટનું નામ ભૂમિપુત્ર દિબા પાટિલના નામ પર રાખવામાં આવે. ખેડૂતોને લગતા મુદ્દાઓ પર પણ પ્રધાનમંત્રી સાથે ચર્ચા કરવામાં આવી હતી. જોકે, આ બેઠક પછી સીમાંકન બિલ સૌથી વધુ ચર્ચાસ્પદ વિષય છે. રાજકીય અટકળો ચાલી રહી છે કે એનસીપી શરદ પવાર જૂથના તમામ આઠ સાંસદો સીમાંકન બિલ પર મોદી સરકારને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સમર્થન આપી શકે છે. જોકે, આ બાબતે પાર્ટી દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર સંકેત આપવામાં આવ્યો નથી.

શરદ પવારની પાર્ટીમાં ૮ સાંસદો છે, તેથી આ બેઠક અંગે રાજકીય વર્તુળોમાં અટકળો તેજ થઈ ગઈ છે કારણ કે શરદ પવાર અને સુપ્રિયા સુલે ૨૨ જુલાઈએ પીએમ મોદી સાથે મુલાકાત કરી હતી. હવે પીએમ મોદીએ એનસીપી શરદ પવારના સાંસદો સાથે મુલાકાત કરી છે.

# તેલંગાણામાં ભગવાન વરુણને પ્રસન્ન કરવા માટે મહા વરુણ યજ્ઞનું આયોજન કરાયું



હૈદરાબાદ,

વરસાદની અછતનો સામનો કરી રહેલા તેલંગાણામાં, કોંગ્રેસ સરકાર ભગવાન વરુણને પ્રસન્ન કરવા માટે 'મહા વરુણ યજ્ઞ' (વરસાદ માટે આમંત્રિત કરવાની વિધિ)નું આયોજન કર્યું છે. સિંચાઈ મંત્રી એન. ઉત્તમ કુમાર રેડ્ડી અને તેમના પત્નીએ નાગાર્જુન સાગર ખાતે કૃષ્ણા નદીના કિનારે આ વરુણ યજ્ઞ (વરસાદ માટેનો કાર્યક્રમ)નું ઔપચારિક ઉદ્ઘાટન કર્યું. મુખ્યમંત્રી રેવંત રેડ્ડી બપોરે પૂર્ણાહુતિ સમારોહમાં હાજરી આપી. આ વરુણ યજ્ઞમાં ૧૦૮ પૂજારીઓ અને વૈદિક વિદ્વાનો ભાગ લીધો છે. અલ નીનોને કારણે બાકીના ચોમાસા પર અનિશ્ચિતતા છવાઈ ગઈ છે, અને ઉપરના ભાગોમાં આવેલા જળાશયો હજુ ભરાયા નથી.

# સંબંધોમાં તણાવ વચ્ચે ભારતીય હાઈ કમિશનરે બાંગ્લાદેશી પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી

## શેખ હસીનાના નવી દિલ્હીમાં ઓનલાઈન સંબોધન બાદ બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધો તણાવપૂર્ણ બન્યા

નવીદિલ્હી,

ગુગલ પર ભારતીય હાઈ કમિશનર દિનેશ ત્રિવેદીએ સોમવારે બાંગ્લાદેશના પ્રધાનમંત્રી તારિક રહેમાન સાથે મુલાકાત કરી. બંને પડોશી દેશો વચ્ચે આ મહત્વપૂર્ણ બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે ૫ ઓગસ્ટે બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાના નવી દિલ્હીમાં ઓનલાઈન સંબોધન બાદ બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધો તણાવપૂર્ણ બન્યા છે.

હાઈ કમિશનર દિનેશ ત્રિવેદીએ રવિવારે બાંગ્લાદેશના વિદેશ પ્રધાન ખલીલુર રહેમાન સાથે ખાનગીમાં મુલાકાત પણ કરી હતી. તેઓ આજની બેઠકમાં પણ હાજર હતા. ભારત પર શેખ હસીનાની જાહેર ટિપ્પણીઓને લઈને ઢાકા અને નવી દિલ્હી વચ્ચે તાજેતરમાં રાજદ્વારી તણાવને ધ્યાનમાં રાખીને ભારતીય હાઈ કમિશનરની વિદેશ પ્રધાન સાથેની મુલાકાત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

આ રાજદ્વારી વાતચીત ૫ ઓગસ્ટે નવી દિલ્હીમાં શેખ હસીનાની ઓનલાઈન પ્રેસ કોન્ફરન્સ પછી થઈ, જે ૨૦૨૪માં વિદ્યાર્થી-નેતૃત્વ હેઠળના આંદોલન બાદ તેમને સત્તા પરથી હાંકી કાઢવાની બીજી વર્ષગાંઠ હતી. આ સંબોધનનો ઢાકા તરફથી પણ ભારે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો.

તેમના સંબોધનમાં, હસીનાએ જણાવ્યું હતું કે તેઓ ડિસેમ્બરમાં પોતાના દેશમાં પાછા ફરવાના અને લોકશાહી પુનઃસ્થાપિત કરવાના અને બાંગ્લાદેશને "સાચા માર્ગ" પર લાવવાના તેમના નિર્ણય પર અડગ છે. જો કે, તેમણે એ પણ સ્વીકાર્યું કે જો તેઓ પાછા ફરે તો તેમને કેદ અથવા મૃત્યુદંડનું જોખમ થઈ શકે છે.તરત જ, બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે વિરોધ નોંધાવ્યો અને આ નિવેદનોની નિંદા કરી.

# પંજાબના જલંધરમાં આઈએસઆઈના ઈશારે કામ કરતો આરોપી ૮૬ હેન્ડ ગ્રેનેડ સાથે ઝબ્બે

## વિદેશમાં રહેતા આતંકવાદીઓ મોડ્યુલ ચલાવી રહ્યા હતા

જલંધર,

પંજાબના જલંધરમાં પોલીસે એક મોટા પાકિસ્તાન સમર્થિત આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. વિદેશમાં રહેતા આતંકવાદીઓ આ સમગ્ર મોડ્યુલ ચલાવી રહ્યા હતા. પોલીસે આ કેસમાં એક આરોપીની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી ૮૬ હેન્ડ ગ્રેનેડ પણ જપ્ત કરવામાં આવ્યા છે. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીએ ડેડ લેટર બોક્સ/ડ્રોપ લોકેશન પરથી બોમ્બ ઉપાડ્યા હતા. તેને આ સ્થાનની માહિતી વિદેશમાં સ્થિત એક આતંકવાદીએ આપી હતી. પોલીસ સમગ્ર નેટવર્કનો પર્દાફાશ કરવા માટે તપાસ કરી રહી છે. આ ઓપરેશન જાલંધર કાઉન્ટર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા શહીદ ભગતસિંહ નગર પોલીસ સાથે મળીને હાથ ધરવામાં આવ્યું હતું. આ સંયુક્ત ઓપરેશનમાં આઈએસઆઈ સમર્થિત બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો, જે વિદેશમાં સ્થિત હેન્ડલર્સ દ્વારા સંચાલિત હતું. પોલીસે એક મુખ્ય ઓપરેટિવની ધરપકડ કરી છે અને તેની પાસેથી ૮૬ પી હેન્ડ ગ્રેનેડ જપ્ત કર્યો છે. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે ધરપકડ કરાયેલા આરોપીએ વિદેશમાં સ્થિત હેન્ડલર્સ દ્વારા કહેવા પર જલંધરના આદમપુર નજીક એક ડેડ લેટર બોક્સમાંથી ગ્રેનેડ મેળવ્યા હતા. વિદેશી હેન્ડલર્સ, સ્થાનિક સપોર્ટ નેટવર્ક અને ફોરવર્ડ અને બેકવર્ડ લિંક્સ સહિત સમગ્ર આતંકવાદી નેટવર્કનો પર્દાફાશ કરવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

# ઈડી ડિરેક્ટર રાહુલ નવીનને એક વર્ષનું એક્સટેન્શન મળ્યું, તેઓ ૧૩ ઓગસ્ટ, ૨૦૨૭ સુધી વડા રહેશે

## આંતરરાષ્ટ્રીય કરવેરા અને નાણાકીય ગુનાઓની તપાસમાં રાહુલ નવીનનો વ્યાપક અનુભવ

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) ડિરેક્ટર રાહુલ નવીનનો કાર્યકાળ એક વર્ષ માટે લંબાવ્યો છે. ૮ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ જારી કરાયેલા આદેશ મુજબ, કેબિનેટની નિમણૂક સમિતિએ રાહુલ નવીનને ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ થી એક વર્ષ માટે ૧૩ ઓગસ્ટ, ૨૦૨૭ સુધી લંબાવવાની મંજૂરી આપી છે. નોંધનીય છે કે, આ વિસ્તરણ તેમની નિવૃત્તિ તારીખ, જે ૩૧ જુલાઈ, ૨૦૨૭ છે, પછીની તેમની સતત સેવાને આવરી લે છે. આદેશ સ્પષ્ટ કરે છે કે તેમનો કાર્યકાળ ૧૩ ઓગસ્ટ, ૨૦૨૭ સુધી અથવા આગામી આદેશો સુધી, જે પણ વહેલું હોય ત્યાં સુધી ચાલુ રહેશે.

રાહુલ નવીન ૧૯૯૩ બેચના ભારતીય મહેસૂલ સેવા અધિકારી છે. ઈડીની સત્તાવાર પ્રોફાઈલ મુજબ, તેમણે આવકવેરા વિભાગમાં ૩૦ વર્ષથી વધુ સમય સુધી કામ કર્યું છે અને તેમને આંતરરાષ્ટ્રીય કરવેરા ક્ષેત્રમાં નિષ્ણાત માનવામાં આવે છે. તેમણે આઈઆઈટી કાનપુરમાંથી બી ટેક અને એમ ટેક અને સ્વિનબર્ન યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી, મેલબોર્નમાંથી સ્મ્છ કર્યું છે.

તેમની કારકિર્દીનો એક મહત્વપૂર્ણ ભાગ આંતરરાષ્ટ્રીય કરવેરા અને સરહદ પાર નાણાકીય વ્યવહારો સંબંધિત બાબતો પર કેન્દ્રિત રહ્યો છે. ૨૦૦૪ થી ૨૦૦૮ સુધી, તેમણે મુંબઈના આંતરરાષ્ટ્રીય કરવેરા નિયામકમંડળમાં કામ કર્યું અને ભારતમાં વાસ્તવિક સંપત્તિઓ સાથે સંકળાયેલા અનેક ઓફશોર વ્યવહારોમાં કર માંગ નક્કી કરવામાં ભૂમિકા ભજવી.

રાહુલ નવીન નવેમ્બર ૨૦૧૫ થી નવેમ્બર ૨૦૧૭ સુધી કમિશનર, ટ્રાન્સફર પ્રાઈસિંગ તરીકે સેવા આપી હતી. આ સમયગાળા દરમિયાન, તેમણે અમૂર્ત વસ્તુઓ, રોયલ્ટી ચુકવણીઓ, ખર્ચ યોગદાન વ્યવસ્થા, ઈનબાઉન્ડ અને આઉટબાઉન્ડ લોન અને કોમોડિટી વ્યવહારો સંબંધિત ટ્રાન્સફર પ્રાઈસિંગ ઓડિટનું નિરીક્ષણ કર્યું.

# કોસોવોની સંસદમાં ભારે હોબાળો, વિપક્ષી સાંસદે કાર્યવાહક વડાપ્રધાન આલ્બિન કૂર્તી પર ઈંડા ફેંક્યા

## કોસોવોના કાયદા અનુસાર, અંતિમ ચૂંટણી પરિણામોની પુષ્ટિ થયાના ૩૦ દિવસની અંદર વિધાનસભાની રચના થવી આવશ્યક

કોસોવો,

વિપક્ષી હોબાળાને કારણે કોસોવો વિધાનસભાની કાર્યવાહી અટકાવવી પડી. કાર્યવાહી દરમિયાન, એક વિપક્ષી સાંસદે ગૃહની અંદર કાર્યવાહક વડા પ્રધાન આલ્બિન કુર્તી પર ઈંડા ફેંક્યા. આ હોબાળો ત્યારે થયો જ્યારે કાર્યવાહક વડા પ્રધાન આલ્બિન કુર્તીનો પક્ષ, વેટેવેન્ડોસ્જે, ૭ જૂનની સામાન્ય ચૂંટણી પછી સરકાર બનાવવા માટે વિપક્ષી જૂથો સાથે કરાર કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. વેતેવેન્ડોસ્જે સૌથી મોટા રાજકીય પક્ષ તરીકે ઉભરી આવ્યો છે, જેણે ૧૨૦ સંસદીય બેઠકોમાંથી ૫૩ બેઠકો જીતી છે, પરંતુ ગઠબંધન ભાગીદારો વિના સરકાર બનાવવા માટે તેની પાસે જરૂરી બહુમતીનો અભાવ છે.

કોસોવોના ભવિષ્ય માટે વિરોધ પક્ષના એલાયન્સના સંસદ સભ્ય, ટાઈમ કાદરીજાજે,



આગળની હરોળમાં બેઠેલા કુર્તી પાસે ગયા અને તેમના પર ઘણા ઈંડા ફેંક્યા. તેણીએ બૂમ પાડી, "શરમ આવવી જોઈએ!" ત્યારબાદ સુરક્ષા કર્મચારીઓ અને સાથી સાંસદોએ હસ્તક્ષેપ કર્યો. સંસદની કાર્યવાહી તાત્કાલિક સ્થગિત કરવામાં આવી. જ્યારે સુરક્ષા કર્મચારીઓએ કાર્યકારી વડા પ્રધાનને ઘેરી લીધા, ત્યારે અધ્યક્ષે લાઈવ ટેલિવિઝન પ્રસારણ બંધ કરવાનો આદેશ આપ્યો. કાદરીજાજે બાદમાં ઘટનાની વિડિઓ ક્લિપ્સ સોશિયલ મીડિયા પર અપલોડ કરી.

હંગામા પર પ્રતિક્રિયા આપતા, કુર્તી હુમલાથી અવિશ્વસનીય દેખાયા. તેમણે કહ્યું કે જો તેમના પર ઈંડા ફેંકવામાં આવી રહ્યા છે તે રાજકીય સંવાદને જીવંત રાખવાની કિંમત છે, તો "હું તે કિંમત ચૂકવવા તૈયાર છું." વિધાનસભાની બેઠક બોલાવવામાં આવી હતી જેથી કુર્તી સંસદના અધ્યક્ષ પદ માટે ઉમેદવારની જાહેરાત કરી શકે. તેના બદલે, તેમણે નવા રાષ્ટ્રપતિની ચૂંટણી પર સહમતિ બનાવવા માટે વધુ સમય માંગ્યો. તેમણે સ્વીકાર્યું કે રાષ્ટ્રપતિ પદની ચાલી રહેલી વાટાઘાટોમાં કોઈ સર્વસંમતિ બની નથી. એ નોંધવું જોઈએ કે કોસોવો સંસદમાં અગાઉ પણ આવી જ અશાંતિના બનાવો બન્યા છે. કોસોવો લાંબા સમયથી રાજકીય અસ્થિરતાથી પીડાય છે.

# જમ્મુ અને કાશ્મીરની અદાલતોમાં સાંસદો અને ધારાસભ્યો સામે કુલ ૨૪ કેસ પેન્ડિંગ

## જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટે ૩૦ જૂન સુધીનો ડેટા તેની વેબસાઈટ પર અપલોડ કર્યો

જમ્મુ,

જમ્મુ અને કાશ્મીરની વિવિધ અદાલતોમાં સાંસદો અને ધારાસભ્યો સામે કુલ ૨૪ કેસ પેન્ડિંગ છે. ૩૦ જૂન સુધીના ડેટા અનુસાર, કુલ ૨૫ દાખલ થયેલા કેસમાંથી માત્ર એક જ કેસનો ઉકેલ આવ્યો છે. સૌથી વધુ કેસ, નવ, જમ્મુમાં દાખલ થયા છે. ડોડામાં આઠ કેસ દાખલ થયા છે, જ્યારે શ્રીનગર અને અનંતનાગમાં ત્રણ-ત્રણ ફોજદારી કેસ દાખલ થયા છે, જેમાં પુલવામામાં એક કેસ દાખલ થયો છે.તાજેતરમાં, જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટે વર્તમાન અને ભૂતપૂર્વ સાંસદો અને ધારાસભ્યો સામે દાખલ થયેલા ફોજદારી કેસોની તપાસ અને પ્રગતિ અંગે સ્ટેટસ રિપોર્ટ માંગ્યો છે, જેનાથી લોકોમાં ઉત્સુકતા ફેલાઈ છે. જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટે ૩૦ જૂન સુધીનો ડેટા તેની વેબસાઈટ પર અપલોડ કર્યો છે.

ભૂતપૂર્વ ધારાસભ્યો અબ્દુલ રહીમ રાથેર, પીર મંજૂર અહેમદ અને ફિરોઝ અહેમદ શાહ સામેના કેસ અનંતનાગમાં સ્પેશિયલ જજ એન્ટી-કરપ્શનની કોર્ટમાં પેન્ડિંગ છે. ત્રણેય કેસ ભ્રષ્ટાચારના આરોપો સાથે સંકળાયેલા છે અને હાલમાં પુરાવાના તબક્કામાં છે. રાથર, જે સ્પીકર પણ છે, તેમની સામેનો કેસ છ વર્ષ જૂનો છે, જ્યારે મંજૂર અને શાહ સામેના કેસ ૧૯૯૭ થી કોર્ટમાં પેન્ડિંગ છે.


ડોડાના ધારાસભ્ય મેહરાજ મલિક પર ડોડા/ભાદરવાહના થાથરી અને ગાંડોહની મુન્સિફ કોર્ટમાં કુલ નવ કેસ નોંધાયેલા છે. આમાંથી ચાર ગયા વર્ષના છેઃ ત્રણ જુલાઈ ૨ થી અને એક ડિસેમ્બર ૧૨ થી. આ કેસોમાં તેમની સામે બિન-જામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવ્યા હતા, જેના કારણે તેમને જેલની સજા થઈ હતી. ૨૦૨૧ અને ૨૦૨૩ માં તેમની સામે દાખલ કરાયેલા બે કેસ ફરિયાદ પક્ષના સાક્ષીના તબક્કામાં છે. ગયા વર્ષે દાખલ કરાયેલા બે કેસ આરોપીના નિવેદનના તબક્કામાં છે. ગયા વર્ષે દાખલ કરાયેલા એક કેસ જમ્મુની સ્પેશિયલ મોબાઈલ એક્સાઈઝ મેજિસ્ટ્રેટની કોર્ટમાં પેન્ડિંગ છે.

ભૂતપૂર્વ ધારાસભ્ય કાંતા અંદોત્રા સામે ભ્રષ્ટાચારના આરોપો સંબંધિત બે કેસોમાં સ્ટેઃ જમ્મુમાં દાખલ કરાયેલા નવ કેસમાંથી બે ભૂતપૂર્વ ધારાસભ્ય કાંતા અંદોત્રા સામે છે, પરંતુ તેમને સ્પેશિયલ જજ એન્ટી-કરપ્શનની કોર્ટમાં દાખલ કરાયેલા બંને કેસોમાં હાઈકોર્ટ તરફથી સ્ટે મળ્યો છે. બંને કેસ ૨૦૨૦-૨૧ ના છે. ભૂતપૂર્વ ધારાસભ્ય ગગન ભગત સામેનો કેસ આરએસપુરાની મુનસિફ કોર્ટમાં પેન્ડિંગ છે. તે આરોપો પર દલીલોના તબક્કામાં છે.પુલવામાની સીજેએમ કોર્ટમાં નોંધાયેલ એકમાત્ર કેસ સાંસદ એન્જિનિયર રશીદ સામે છે. આ કેસ ત્રણ વર્ષ જૂનો છે. જમ્મુની સીજેએમ કોર્ટમાં ત્રણ કેસ નોંધાયેલા છે. આમાંથી એક ભૂતપૂર્વ ધારાસભ્ય પ્રેમનાથ સામે છે, જે અંતિમ દલીલોના તબક્કામાં છે.

# બ્લાસ્ટિંગ માટે વપરાતા જીલેટીન સ્ટિક, ડિટોનેટરનો મોટો જથ્થો ઝડપાયો!







## ક્રાઈમ બ્રાન્ચે ૧૨ હજાર જીલેટીન સ્ટિક, ૪૦૦૦ એક્સ્પ્લોજીવ ડિટોનેટર અને ૩૦ બંડલ બ્લાસ્ટિંગ વાયર સાથે એકને દબોચ્યો

રાજકોટ: સ્વાતંત્રતા દિવસના ૫ દિવસ અગાઉ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એક્સ્પ્લોજીવને લાગતો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે, જેમાં રાજકોટના ગોંડલ રોડ હાઈ-વે પર કોઠારીયા સોલ્વન્ટ વિસ્તારમાંથી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ૧૫૦૦ કિલોની ૧૨,૦૦૦ નંગ જીલેટીન સ્ટિક, ૩૦ બંડલ બ્લાસ્ટિંગ માટે વપરાતા વાયર અને ૪૦૦૦ નંગ એક્સ્પ્લોજીવ ડિટોનેટરનો મોટો જથ્થો ઝડપી પાડી કુલ ૫.૯૫ લાખના મુદામાલ સાથે એક શખ્સની ધરપકડ કરી ફરાર બે શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

રાજકોટ DCP ક્રાઈમ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, રાજકોટ ગોંડલ હાઈવે પર કોઠારીયા સોલ્વન્ટ વિસ્તારમાં શિવ હોટલ પાસેથી એક બોલેરો કારને અટકાવ તલાસી લેતા તેમાંથી એક્સ્પ્લોજીવને લાગતો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે વાહનચાલક નામ પૂછતાં પોતે પોતાનું નામ દોલા રઘુભાઈ મીર હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની ધરપકડ કરી બોલેરો કારમાંથી રૂ.૨.૪૦ લાખની ૧૫૦૦ કિલોની ૧૨,૦૦૦ નંગ જીલેટીન સ્ટિક, રૂ.૧૫,૦૦૦ના ૩૦ બંડલ બ્લાસ્ટિંગ માટે વપરાતા વાયર અને રૂ.૪૦,૦૦૦ના ૪૦૦૦ નંગ એક્સ્પ્લોજીવ ડિટોનેટરનો મોટો જથ્થો ઝડપી પાડી કુલ રૂ.૫.૯૫ લાખનો મુદામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પુછપરછમાં આરોપી દોલા મીરએ આ એક્સ્પ્લોજીવનો જથ્થો મેંદરડાથી મિતુલ નામના શખ્સ પાસેથી લાવી સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના જામવાડી ખાતે રહેતા હીરાભાઈ ઉર્ફે હિરેન અલગોતરે આપવા જતો હોવાનું સામે આવતા પોલીસે રીસીવર અને સપ્લાયરની શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, આરોપી પાસે એક્સ્પ્લોઝીવ જથ્થા માટે કોઈ લાયસન્સ કે દસ્તાવેજી પુરાવા મળી ન આવતા ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જયારે ફરાર આરોપી હીરા ઉર્ફે હિરેનએ માઈનિંગ કામ કરતા હોવાથી આ જથ્થો મંગાવ્યો હોવાનું આરોપીનું રટણ છે. જોકે, આમ છત પોલીસ અવળા મોટો જથ્થો મળી આવતા ઊંડાણ પૂર્વક તપાસ હાથ ધરી છે.

# જાનથી મારી નાખવાની ધમકી

## બંદૂક બતાવી ભાઈએ બહેનને કહ્યું 'તને જમીનમાં ભાગ મળશે તો હું મૂછ મુંડાવીશ'



રાજકોટ: રાજકોટના રેલનગરમાં જમીનમાં ભાગ ન આપવો પડે તે માટે પરિણીતાને તેના પિતા અને ભાઈ સહિત ૩ શખ્સે જાનથી મારી નાખવાની ધમકી આપી છે.

આ બનાવમાં રેલનગરમાં અમૃત રેસિડેન્સીમાં રહેતી દેવલબા યજુવેન્દ્રસિંહ ઝાલા(ઉં.વ.૪૧)એ પ્ર.નગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે મોટા બાપુના દીકરા પુષ્પરાજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા, પિતા સુરેન્દ્રસિંહ પ્રભાતસિંહ જાડેજા અને સગાં ભાઈ યુવરાજસિંહ સુરેન્દ્રસિંહ જાડેજાના નામ આપ્યા છે.

પરિણીતા પોતાની જમીનના મામલે માગણી કરતી હોય જેની અગાઉથી માથાકૂટ થતી હોય જે મામલે તેણી પોતાના ઘરે હાજર હતી ત્યારે પરિણીતાને જમીનમાં ભાગ દેવો ન પડે તે હેતુથી પિતા, ભાઈએ મારીનાખવાની ધમકી આપી હતી એટલું જ નહીં, આ માટે ફોન પર પણ ધમકીઓ અપાઇ હતી.

પરિણીતાના પિતરાઈ ભાઈ પુષ્પરાજસિંહે કમરે બાંધેલી બંદૂક પર હાથ મૂકીને તેણીને જણાવ્યું કે, જો તને જમીન આપવી પડશે તો હું મારી મૂછ મુંડાવી દઈશ.આ મામલે પોલીસે પરિણીતાની ફરિયાદના આધારે ગુનો નોંધી સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે. જમીનના હક અને ભાગબટાવાને લઈને થયેલા વિવાદમાં ધમકી સુધી મામલો પહોંચતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વ્યાજખોરના ત્રાસથી યુવકનો આપઘાતનો પ્રયાસ

## ૯૦ હજારના બદલામાં ૩.૬૧ લાખ ચૂકવ્યા છતાં માનસિક ત્રાસ આપી વધુ ૩ લાખની માંગણી





રાજકોટ:ગોંડલ તાલુકાના ડૈયા ગામમાં વ્યાજખોરના ત્રાસનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ગામમાં રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા ૩૬ વર્ષીય અંકિત ઘનશ્યામભાઈ ગોહેલે વ્યાજખોરના સતત માનસિક ત્રાસ, ધમકીઓ અને પજવણીથી કંટાળીને ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જોકે, પરિવારજનો અને મિત્રોએ સમયસર હોસ્પિટલ પહોંચાડતા તેમનો જીવ બચી ગયો હતો.

ફરિયાદ મુજબ અંકિતભાઈએ પોતાના આઈસર વાહનના ટાયર બદલાવવા માટે ગામના જ રાહુલ દિનેશભાઈ ગમારા પાસેથી ટુકડે-ટુકડે કુલ રૂ.૯૦ હજાર માસિક ૧૦ ટકા ઊંચા વ્યાજે લીધા હતા. અંકિતભાઈના જણાવ્યા પ્રમાણે તેમણે મુદ્દલ અને વ્યાજ સહિત કુલ રૂ.૩.૬૧ લાખ ચૂકવી દીધા હતા. તેમ છતાં રાહુલ ગમારા વધુ રકમની માંગણી કરતો હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

ફરિયાદમાં વધુ આક્ષેપ કરવામાં આવ્યો છે કે રાહુલ ગમારાએ બળજબરીપૂર્વક અંકિતભાઈનો મોબાઈલ લઈ તેમના Google Payમાંથી રૂ.૨૨ હજાર પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા. આ ઉપરાંત સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાનો રૂ.૯૦ હજારનો સહીવાળો ચેક અને રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકનો કોરો સહીવાળો ચેક પણ પડાવી લીધો હોવાનો આરોપ છે.આટલી રકમ ચૂકવ્યા બાદ પણ આરોપીએ વધુ રૂ.૩ લાખની માંગણી કરી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. એટલું જ નહીં, આરોપી અંકિતભાઈના ઘરે આવી ગાળો આપી તેમને 'તારા ટાંટિયા ભાંગી નાખીશ' તેવી ધમકી આપતો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. સતત ધમકી અને માનસિક ટોર્ચરથી કંટાળીને અંકિતભાઈ ભારે તણાવમાં આવી ગયા હતા.

આખરે ૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ અંકિતભાઈએ ગોંડલ ખાતે ખેતરમાં વપરાતી ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બનાવની જાણ થતાં મિત્ર અને પરિવારજનો તાત્કાલિક તેમને ગોંડલની શ્રીજી હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા. સમયસર સારવાર મળતા તેમનો જીવ બચી ગયો હતો.

હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ અંકિતભાઈએ ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે રાહુલ દિનેશભાઈ ગમારા વિરુદ્ધ BNSની કલમ ૩૦૮(૫), ૩૫૧(૩), ૩૨૯(૩), ૨૯૬(બી) તેમજ ગુજરાત નાણાં ધીરધાર કરનારા બાબત અધિનિયમની કલમ ૪૦ અને ૪૨ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ PSI જી.બી. જાડેજા કરી રહ્યા છે.

# ડ્રીમલેન્ડ સ્કૂલમાં ધો.૧૦ના વિદ્યાર્થીને પ્રિન્સિપાલે ઢોર માર માર્યો

## વિદ્યાર્થીને ગાલ પર લાલ ચાંભા પડ્યા,સ્કૂલ વિરુદ્ધ કાર્યવાહીની કોંગ્રેસ નેતાની માગ

રાજકોટ:રાજકોટમાં વિદ્યાર્થીને ઢોર માર મારવાની વધુ એક ઘટના સામે આવી છે. ત્રંબામાં આવેલી ડ્રીમલેન્ડ સ્કૂલમાં તોફાન કરતા ધોરણ ૧૦ ના ૨ વિદ્યાર્થીને મેનેજિંગ ડિરેક્ટર દ્વારા ગાલ, માથા અને વાંસાના ભાગે લાફા મારી દીધા છે. જે બાદ એક વિદ્યાર્થીને ગાલ પર તેના નિશાન પણ થઈ ગયા છે. આ મામલે કોંગ્રેસના વિદ્યાર્થી નેતાને ફરિયાદ મળતા તેમણે આ ઘટનામાં મેનેજિંગ ડિરેક્ટર એવા પ્રિન્સિપાલ વિરુદ્ધ ફોજદારી ગૂનો દાખલ કરી કડક કાર્યવાહીની માંગ કરી છે.




ગુજરાત કોંગ્રેસના ઝોનલ પ્રવક્તા રોહિત રાજપૂતે જણાવ્યું હતું કે, રાજકોટ શહેરની ત્રંબા નજીક આવેલી ડ્રીમલેન્ડ સ્કૂલ છે. જેમાં મને વાલીની એવી ફરિયાદ મળી છે કે મારું બાળક શનિવારે કોઈ બે વિદ્યાર્થીઓ તોફાન કરતા હતા અને તોફાનના બહાને આજે સ્કૂલે ભણવા ગયો ત્યારે જે એના ક્લાસ ટીચર છે એ પ્રિન્સિપાલ સાહેબ પાસે લઈ ગયા અને પ્રિન્સિપાલ સાહેબે આ વિદ્યાર્થીને ઢોર માર માર્યો છે. મોઢાના ભાગમાં ગાલમાં, હાથના ભાગમાં અને પાછળ વાંસાના ભાગની અંદર એમને માર માર્યો છે.

વિદ્યાર્થીઓ ઉપર આવી રીતના હિંસક અત્યાચાર એ કદાપિ ચલાવી ન લેવાય. મેં વાલીને આશ્વાસન આપ્યું છે તમે જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ કરવા ઈચ્છતા હોવ તો વિદ્યાર્થી પ્રતિનિધિ તરીકે હું તમારી પડખે ઊભો રહીશ. વિદ્યાર્થીને ન્યાય અપાવવો એ અમારી ફરજ છે. જેથી તાત્કાલિકપણે આ પ્રિન્સિપાલની વિરુદ્ધમાં શિક્ષણ વિભાગના નિયમ પ્રમાણે અને પોલીસ ડિપાર્ટમેન્ટના કાયદા અનુસાર એની પર ફોજદારી ગુનો દાખલ કરવામાં આવે. વિદ્યાર્થીના વાલી ઈચ્છતા હશે તો અમે કાયદાકીય રીતના અને લીગલી રીતના જે પણ મદદની જરૂર પડશે, અમે એની પડખે ઊભા રહીશું.

આ મામલે પીડિત વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, હું ડ્રીમલેન્ડ સ્કૂલમાં ધોરણ ૧૦ માં અભ્યાસ કરું છું. મારી સાથે ભણતો અર્પણ હાથ ચાલાકી કરતો હતો. જેની ફરિયાદ કરવા માટે અમારા શિક્ષક અભિષેક સર પાસે ગયો તો તે મને અમારા મેનેજિંગ ડિરેક્ટર ઘનશ્યામભાઈ સાંબડ પાસે લઈ ગયા. જે બાદ તેમણે મને અને મારી સાથેના બંને વિદ્યાર્થીઓને સાંભળ્યા પહેલાં જ માર મારવા લાગ્યા. મને ગાલ, માથા અને હાથના ભાગે લાફા મારી દીધા. જેને લીધે મારા ગાલ પર તેના નિશાન પણ છે. આ બાબતે સ્કૂલના મેનેજિંગ ડિરેક્ટર ઘનશ્યામભાઈનો સંપર્ક કરવામાં આવ્યો હતો પરંતુ તેમનો સંપર્ક થઈ શક્યો નહોતો.

# ગંગોત્રી પાર્ક રોડ પર યુવાન પર ધોકા- પાઈપ વડે હુમલો: રૈયાધારની બેલડી દબોચાઈ

## આરોપીને પકડી ઈજાગ્રસ્ત યુવાનને હોસ્પિટલ ખસેડયો: ગુનો નોંધાયો



રાજકોટ:ગંગોત્રી પાર્ક મેઈન રોડ પર બેડી ચોકડી પાસે રહેતા યુવાનને તેના જ બે મિત્રોએ પાઈપ અને ધોકા વડે માર માર્યો હતો. બીજી તરફ કોમ્બિંગ નાઈટમાં રહેલી એલસીબી ઝોન-૨ ની ટીમને આ માહિતી મળતા તુરંત અહીં પહોંચી ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે હોસ્પિટલ ખસેડી બંને આરોપીઓને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.પ્રાપ્ત વિગત મુજબ ડીસીપી રાકેશ દેસાઈના માર્ગદર્શન હેઠળ એલસીબી ઝોન ૨ ના પીએસઆઇ એસ.વી. ચુડાસમાની રાહબરીમાં ટીમ નાઈટમાં કોમ્બિંગમાં હતી. દરમિયાન રાત્રિના માહિતી મળી હતી કે, ગંગોત્રી પાર્ક મેઈન રોડ પર આવેલા વાડામાં રાજ નિલેશ કાપડી (રહે. બેડી ચોકડી પાસે) ને લાલા ધોળકિયા તથા મુન્ના ઝાપડા પાઈપ અને ધોકા વડે મારમાર્યો છે અને તેને રિક્ષામાં ઘરે મૂકવા જાય છે અને વધુ માર મારશે તેવી માહિતી મળતા એલસીબીની ટીમ તાકીદે અહીં પહોંચી હતી અને રૈયાધાર જવાના રસ્તા પરથી ઈજાગ્રસ્ત યુવાનને શોધી કાઢયો હતો.

તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યો હતો બાદમાં પોલીસે બંને આરોપીઓ લાલજી ઉર્ફે લાલા ભવાન ધોળકિયા (ઉ.વ. ૩૦ રૈયાધાર સ્લમ કવાર્ટર જશોદા ચોક કવાર્ટર નંબર ૫૫૦) અને મુન્નો મેહુલ ઝાપડા (ઉ.વ.૨૯ રહે રૈયાધાર રાણીમાં રૂડીમાં ચોક બારમાળીયા ક્વાર્ટર)ને ઝડપી લીધા હતા.

પોલીસે જણાવ્યું હતું કે, આરોપી લાલા સામે અગાઉ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં મારામારી, જાહેરનામા ભંગ અને ગાંધીગ્રામમાં રાયોટનો ગુનો નોંધાઈ ચૂક્યો છે જયારે મુન્ના સામે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં જુગાર, એમવી એક્ટ અને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં રાયોટનો ગુનો નોંધાઈ ચૂક્યો છે.

આ કામગીરીમાં એએસઆઈ જે.વી. ગોહિલ, હરપાલસિંહ જાડેજા, રાજેશભાઈ મિયાત્રા, હેડ કોન્સ્ટેબલ ધર્મરાજસિંહ ઝાલા, હેમેન્દ્રભાઈ વાઘીયા, શક્તિસિંહ ગોહિલ, સત્યજીતસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, કોન્સ્ટેબલ કુલદીપસિંહ રાણા, શિવભદ્રસિંહ ગોહિલ અને મૈસુરભાઈ કુંભારવાડીયા સાથે રહ્યા હતા.

# ટ્રાન્સપોર્ટનગર અને નંદા હોલ પાસે પીસીબી ત્રાટકી : ૩.૪૬ લાખનો દારૂ ઝડપાયો

## ગોવાથી દારૂ ભરી આવતો નાગજી ચાવડા પકડાયો, સપ્લાયરવાલા બામ્બાની શોધખોળ



રાજકોટ: શહેરમાં તહેવારો પૂર્વે દારૂની રેલમછેલ થાય તે પૂર્વે પીસીબી ટીમે દારૂના બે દરોડા પાડી કુલ રૂ. ૩.૪૬ લાખની કિંમતની દારૂની ૫૧૬ બોટલ સાથે બે શખ્સોની ધરપકડ કરી હતી. જયારે વધુ એક શખ્સની શોધખોળ આદરી હતી. પીસીબી ટીમે ટ્રાન્સપોર્ટનગરમાં દરોડો પાડી નાગજી ચાવડાને દબોચી ૨૭૬ બોટલ સાથે રૂ. ૯.૭૭ લાખનો મુદ્દામાલ જયારે નંદા હોલ નજીકથી બુટલેગર મૌલીકસિંહની ધરપકડ કરી ૨૪૦ બોટલ શરાબ કબ્જે કર્યો હતો.

દરોડાની વિગત અનુસાર પોલીસ કમિશનર બ્રજેશમાર ઝા દ્વારા શહેરી વિસ્તારમાં દારૂ-જુગારની ગેરકાયદે પ્રવૃત્તિને સદંતર નેસ્તનાબૂદ કરવા અસરકારક કામગીરી કરવાની આપેલ સૂચનાથી પીસીબી પીઆઇ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં ટીમો પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ મેતા અને કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણાને મળેલી સંયુક્ત હકીકતના આધારે ટ્રાન્સપોર્ટનગરના ખૂણે માર્કેટિંગ યાર્ડ પાસેથી ટ્રક નં. એલ.ટી.પી. ૧૫૧૨ માંથી વિદેશી દારૂની ૨૭૬ બોટલ સાથે નાગજી દેવા ચાવડા (ઉ.વ. ૩૩, રહે. રાણીમાં રૂડીમાં ચોક, રૈયાધાર) ની ધરપકડ કરી દારૂ અને ટ્રક મળી રૂ. ૯,૭૭,૬૫૬ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.ઝડપાયેલ શખ્સે પોલીસની પ્રાથમિક પૂછપરછમાં કબૂલાત આપી હતી કે, દારૂનો જથ્થો વાલા હનુ બામ્બા (રહે. ગીતાંજલી સોસાયટી શેરી નં.-૬, ગોકુલધામની બાજુમાં, મવડી )એ ગોવાથી ભરી આપ્યાનો અહીં તે પોતે જ છૂટકમાં વેંપલો કરતો હોવાનું રટણ શરૂ કર્યું હતું.

જેથી પોલીસે હાલ સપ્લાયરની શોધખોળ હાથ ધરી છે. બીજા દરોડામાં પીસીબી શાખાના હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ મેતા, કુલદીપસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણા પેટ્રોલિંગમાં હતા. દરમિયાન બાતમી મળી હતી કે, કોઠારીયા મેઈન રોડ પર નંદા હોલથી ભવાની ચોક તરફ જતા સિમેન્ટ રોડ ઉપર મૌલિકસિંહ ઉર્ફે પાઘડી ડાભી નામનો શખ્સ પોતાના કબ્જામાં દારૂનો જથ્થો રાખી વેચાણ કરી રહ્યો છે.

જે બાતમી મળતાની સાથે જ પીસીબીની ટીમે કોઠારીયા રોડ પર દોડી જઈ નંદા હોલ અને ભવાની ચોક વચ્ચેથી રૂ. ૬૮,૮૮૦ ની કિંમતની ૨૪૦ બોટલ સાથે બુટલેગર મૌલિકસિંહ ઉર્ફે પાઘડી રાજભા ડાભી (ઉવ ૩૦ રહે. રામનગર શેરી નં.-૨, હુડકો ચોકડી, કોઠારીયા રોડ, રાજકોટ)ની ધરપકડ કરી હતી. ઝડપાયેલ શખ્સે પોલીસની પૂછપરછમાં જણાવ્યું હતું કે, તે પોતે સેલવાસ ખાતેથી દારૂનો જથ્થો લઈને આવ્યો હતો અને અહીં છૂટકમાં વેપલો કરતો હતો.

# થાર લઈ આવી ઈનોવાના કાચ ફોડ્યા, ત્રણ સામે ફરિયાદ

## હિસાબના પૈસાની માથાકૂટમાં ભત્રીજા સહિત ત્રણનો વૃદ્ધ પર પાઈપથી હુમલો

રાજકોટ: રાજકોટમાં જમીન-મકાનના ધંધાના હિસાબના પૈસાની માથાકૂટમાં નિવૃત્ત વૃદ્ધ પર ભત્રીજાએ પ્લાસ્ટિકના પાઈપથી હુમલો કરી હાથના ખભાનું જોઈન્ટ ખસેડી નાખ્યાનો બનાવ સામે આવ્યો છે. આરોપી થાર લઇ વૃદ્ધના ઘરે આવ્યો હતો અને બહાર પાર્ક કરેલી ઈનોવાના કાચ ફોડી નુકસાન કર્યું હતું. વૃદ્ધ કાકા કાકીએ રોકવા જતા હુમલો કર્યો હતો.

આ બનાવમાં, યુનિવર્સિટી રોડ પર રહેતા નિવૃત્ત હિતેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલ(ઉં.વ.૬૦)એ યુનિવર્સિટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ભત્રીજા કિશન રમેશભાઈ પટેલ, ભત્રીજા વહુ ખ્યાતિ, ભાભી રમીલાબેન રમેશભાઈ પટેલના નામ આપ્યા છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, હિતેન્દ્રભાઈના મોટાભાઈ રમેશભાઈ સાથે જમીન-મકાનના કામની ભાગીદારી હતી. બંને ૨૦૦૧થી સાથે કામ કરતા હતા અને ૨૦૧૫માં અલગ થયા હતા. ભાગીદારીના હિસાબમાં રમેશભાઈ પાસેથી પૈસા લેવાના નીકળતા હતા, પરંતુ હિસાબ કરવામાં આવતો નહોતો. છેલ્લા બે વર્ષથી રમેશભાઈનો પુત્ર કિશન પૈસા માગવા આવતો હતો.

૭ ઓગસ્ટે કિશન સાથે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ ૧૦ ઓગસ્ટે કિશન થાર ગાડી લઈ ઘરે ધસી આવ્યો હતો અને ઘરની બહાર પાર્ક કરેલી ઈનોવાના કાચ પ્લાસ્ટિકના પાઈપથી ફોડવા લાગ્યો હતો. અવાજ સાંભળી હિતેન્દ્રભાઈ અને પત્ની મયૂરીબેન બહાર આવ્યા. હિતેન્દ્રભાઈ રોકવા જતા કિશને ગાળો આપી માર માર્યો હતો.દરમિયાન કિશનની પત્ની ખ્યાતિ અને માતા રસીલા આવી બંનેએ છરી-પાઈપ લઇ લીધા હતા અને મયૂરીબેનને ઢીકાપાટુનો માર માર્યો હતો. પોલીસે ત્રણેય વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં આંગડિયા પેઢીની રૂ.૧૯ લાખની લૂંટનો પર્દાફાશ, ક્રાઈમ બ્રાન્ચે ૨ શખસોને દબોચ્યા

રાજકોટ: રાજકોટ શહેરમાં પ્રાઈમ આંગડિયા પેઢીમાંથી રૂ.૧૯ લાખની સનસનાટીભરી લૂંટ ચલાવીને ફરાર થઈ ગયેલી ગેંગ સામે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે કાર્યવાહી કરી છે. પોલીસે ગુનાહિત ષડયંત્રમાં સામેલ બે સાગરીતોને દબોચી લીધા છે. પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે, આ લૂંટ માટે ખાસ ચોરીના બાઈકનો ઉપયોગ કરાયો હતો અને તેના પર બોગસ નંબર પ્લેટ લગાવવામાં આવી હતી.

ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે કાર્યવાહી કરીને રમઝાન અલી અને પ્રવીણ ઉર્ફે ખાજિયો નામના બે આરોપીઓને દબોચી લીધા છે. પકડાયેલા આ બંને શખસોએ લૂંટ ચલાવનારા મુખ્ય આરોપીઓને રોકાવવા માટે રહેવાની સગવડ તેમજ ગુનામાં વપરાયેલા ચોરીનું બાઈક પૂરું પાડ્યું હતું. પોલીસે લૂંટની કુલ



રૂ.૧૯ લાખની રકમમાંથી રૂ.૨ લાખની રોકડ રિકવર કરી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આંગડિયા પેઢીમાં પ્રત્યક્ષ રીતે ધાડ પાડનારા મુખ્ય આરોપીઓ આસુ અને ઈલુ નામના શખસો છે, જેઓ હાલ પોલીસ પકડથી દૂર છે. પકડાયેલા આરોપીઓ પૈકી પ્રવીણ વિરુદ્ધ રાજસ્થાનમાં ૨ ગુના નોંધાયેલા છે. જ્યારે ફરાર મુખ્ય આરોપી આસુ રીઢો ગુનેગાર હોવાનું અને તેની સામે અગાઉ લૂંટના ૨૨ જેટલાં ગંભીર ગુના નોંધાયેલા હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે.

શાતિર લૂંટારૂઓએ પોલીસને ગુમરાહ કરવા માટે પૂર્વ આયોજિત પ્લાન મુજબ ચોરી કરેલા બાઈકનો ઉપયોગ કર્યો હતો અને તેના પર ખોટી નંબર પ્લેટ લગાવી દીધી હતી. હાલ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે પકડાયેલા બંને આરોપીઓની કડક પૂછપરછ શરૂ કરી છે અને નાસતા ફરતા મુખ્ય આરોપીઓ આસુ અને ઈલુને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટુકડીઓ બનાવીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# અમારા નામ ખોટા આપો છો' કહી પ્રૌઢ પર કુહાડી વડે હુમલો

રાજકોટ:શહેરની ભાગોળે મોરબી રોડ પર આવેલ રતનપર ગામે રહેતા દૂધના વેપારી પર કૌટુંબિક ભાઈ અને ભત્રીજાએ હુમલો કર્યો હતો. તમે ભત્રીજા કાળુભાઈએ કરેલા આપઘાતમાં અમારા ખોટા નામ આપો છો કહી નાના ભાઈને પિતરાઈ સહિતના ગાળો ભાંડી હતી. ગાળો આપવાની ના પાડતા ઉશ્કેરાયેલા ભત્રીજાએ કુહાડી વડે દૂધના વેપારીને ઘા ઝીંકી દીધો હતો. ઘવાયેલા પ્રૌઢને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જયારે કુવાડવા રોડ પોલીસે પિતા-પુત્ર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે શહેરની ભાગોળે મોરબી હાઈવે પર આવેલ રતનપર ગામે રહેતા દૂધના વેપારી મંછાભાઈ પાંચાભાઈ શિયાળએ આરોપી તરીકે લધા આંબા સિંધવ, રવિ લધા સિંધવ (બંને રહે. ગૌરીદળ ગામ ) નું નામ આપી જણાવ્યું હતું કે, ગઈકાલે બપોરના બે વાગ્યે તેઓ રાજકોટ શહેરમાંથી ગ્રાહકોને દુધ આપી પરત ઘરે રતનપર ગામ જતો હતો ત્યારે રાજકોટ-મોરબી હાઈવે પર આઈ.ઓ.સી. પ્લાન્ટ પાસે સગા ભાઈ ભાવેશભાઈ તથા કાકા-મોટા બાપુના ભાઈઓ જેમા લધાભાઈ સિંધવ અને તેના દિકરાઓ જયેશ, રવિ, રાહુલ સહિતના વારસાઈ જમીન મામલે ભત્રીજા કાળુભાઈ મચ્છાભાઈએ કરેલ આપઘાત બાબતે અમારા ખોટા નામ આપો છો તેમ વાત કરતા હતા. જેથી ફરીયાદી પણ ત્યાં ઉભો રહેલ હતાં.

દરમિયાન આરોપી લધાભાઈ ફરીયાદીના નાના ભાઈ ભાવેશભાઈને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ઝગડો કરવા લાગેલ હતા. જેથી તેને ગાળો આપવાની ના પાડતા લધાના પુત્ર રવિએ તેની પાસે રહેલ લાકડાના હાથાવાળી કુહાડીનો એક ઘા માથાના ભાગે મારતાં તેઓને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પીટલ ખાતે ખસેડ્યો હતો.